بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફય્ઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-એપ્રિલ-૨૦૧૫**

જમાદિઉલ આખર-રજ્જબુલ મુરજ્જબ
હિજરી સન : ૧૪૩૬

વર્ષ : ૧૨, અંક : ૦૪, સળંગ અંક : ૧૩૬



સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | ગામડાંઓ પર ધ્યાન કરવાની ખાસ જરૂરત છે ! | 02 |
| 02 | **જે યુવતી કે યુવાનને દાઢી પસંદ નથી તે પોતાના ઈમાનની ખબર લે !** | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 05 | હદાઈકે બખ્શિશ | 13 |
| 06 | અસ્માઉલ હુસ્ના | 16 |
| 07 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 18 |
| 08 | ગલતફહમી તથા તેની સુધારણા | 21 |
| 09 | હઝરત ઈમામ તહાવી رحمۃ اللہ علیہ | 23 |
| 10 | અમીરુલ મોમિનીન : હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم | 27 |
| 11 | ઉગ્રવાદી મુલ્લાઓ થકી બુરા હેતુઓ માટે...... | 33 |
| 12 | એપ્રિલ ફૂલની શરઈ હૈસિયત | 40 |
| 13 | એક મુબારક સફર : અમુક યાદો અમુક વાતો | 44 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 46 |


## ભલા હો ઈલાહી જનાબે રઝા કા

અઝ : હઝરત અલ્લામા હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ

યહ ઈકરામ હૈ મુસ્તફા ﷺ પર ખુદા عزوجل કા
કે સબ કુછ ખુદા કા હુવા મુસ્તફા ﷺ કા
યહ બેઠા હૈ સિક્કા તુમ્હારી અતા કા
કભી હાથ ઉઠને ન પાયા ગદા કા
અઝાં કયા જહાં દેખો ઈમાન વાલો
પસે ઝિક્રે હક્ક઼ ઝિક્ર હૈ મુસ્તફા ﷺ કા
કે પહલે ઝબાં હમ્દ સે પાક કર લે
તો ફિર નામ લે વોહ હબીબે ખુદા عزوجل કા
તેરા નામ લેકર જો માંગે વો પાએ
તેરા નામ લેવા હૈ પ્યારા ખુદા عزوجل કા
ન ક્યોંકર હો ઉસ હાથમેં સબ ખુદાઈ
કે યહ હાથ તો હાથ હૈ કિબ્રીયા કા
મેરે ગેસૂઓંવાલે સદક઼ે તુમ્હારે
કે સર પર હુજૂમે બલા હૈ બલા કા
ચલે આઓ હમ જાંબલબ કે સિરહાને
કે સબ દેખ લેં ફિરકે જાના ક઼ઝા કા
ભલા હો "હસન" કા જનાબે રઝા મેં
ભલા હો ઈલાહી જનાબે **'રઝા'** કા

# પયગામ

# ગામડાંઓ પર ધ્યાન કરવાની ખાસ જરૂરત છે !

હિંદુસ્તાનની ભૂમી પર લગભગ ૨૫ કરોડ મુસલમાનો વસે છે, મોટા શહેરોથી લઈને નાનાં ગામડાંઓ સુધી એ ફેલાએલા છે. એમનામાં ઘણા બધા એવા પણ છે જેઓ ઈસ્લામની પ્રાથમિક તા'લીમથી પણ વંચિત છે. બસ, એમનાં મા બાપ મુસલમાન હતાં અને તેઓ મુસલમાનના ઘરે પેદા થયા એટલા માટે જાણે છે કે તે મુસલમાન છે. એમને ન ઈસ્લામી અક઼ીદાઓ વિશે કાંઈ જાણકારી છે ન મસાઈલના વિશે. હદ તો એ છે કે કુર્આને મુક઼દ્દસ તજવીદની સાથે પઢવું તો બહુ દૂરની વાત છે તેમને અલિફ, બા, તા, ષા....પણ નથી આવડતુ. આવા લોકોની સંખ્યા લગભગ ૬૦ થી ૭૦ ટકા હશે. કદાચ આ સંખ્યા આપને ચોંકાવી દે પરંતુ આ હક઼ીક઼ત છે, એનો ઈન્કાર આપનો અનુભવ તથા તેહક઼ીક઼ નહીં કરી શકે. આપ દેશભરના ઈલાક઼ાઓનું નિરીક્ષણ કરો તો મુસલમાનોની આબાદીની સ્થિતિ જાહેર થઈ જશે. મોટા શહેરોમાં મોટા ઈજતેમાઓ તથા જલસાઓમાં આવનારાઓની સંખ્યા જોઈને અને વર્તમાનપત્રોમાં વાંચીને આપણે એવું સમજીએ છીએ કે મુસલમાનો ખૂબ જ પ્રમાણમાં છે, પરંતુ તેમની જિંદગીમાં ઝાંકીને જોવામાં આવે તો સમજમાં આવશે કે તેઓ ઈસ્લામથી કેટલાક નજીક છે અને જેહાલતથી કેટલા નજીક છે ! તેમને પોતાના અક઼ીદાઓ તથા અમલોથી કેટલી વાકેફિયત છે, તેમને કલ્મો વગેરે પણ યાદ છે કે નહીં ?! તેમને નમાઝના અરકાન તથા ગુસલના ફર્ઝો વગેરેની પણ માહિતી છે કે નથી ?! આ ચિતાર સાફ દર્શાવી રહેલ છે કે એક ઈસ્લામી માળખુ તો સામે છે પણ ઈસ્લામી હુંફ તેનામાં મૌજૂદ નથી ! જાહેર છે કે આવા લોકોને ઈસ્લામથી ફેરવી દેવાના માર્ગે લઈ જવા ખૂબ જ આસાન થઈ જાય છે.

હું તમને મારો અનુભવ બતાવી રહ્યો છું. રાજસ્થાનમાં એક મોટુ શહેર છે, ત્યાંના સુન્ની દા'વતે ઈસ્લામીના જિમ્મેદારોએ મને કહ્યું કે, હઝરત ! આજે તમો અમારી સાથે બે ગામોનો દૌરો કરો અને ત્યાં મસ્જિદ મદ્રસાનો પાયો પણ રાખો. હું તેમની સાથે પાલીથી લગભગ ૬૦ કિ.મિ. દૂર એક ગામડે પહોંચ્યો. મેં એ ગામની વસ્તીના બારામાં લોકોને પૂછયું તો તેમણે કહ્યું કે અહીં ૬૦ ઘરો મુસલમાનોનાં છે. મેં પૂછયું, નમાઝ, તરાવીહ તથા તા'લીમની શું વ્યવસ્થા છે ? જવાબ મળ્યો કે અમારા ગામમાં ન મસ્જિદ છે ન મદ્રસો અને ન મૌલાના છે ! મેં પૂછયું કે જુમ્આ તથા ઈદો વગેરેમાં શું કરો છો ? તો તેમણે કહ્યું કે ઈદ માટે નજીકના કોઈ ઈલાક઼ાથી ઈમામ લઈ આવીએ છીએ અને તે ઈદની નમાઝ પઢાવી આપે છે. આ સાંભળીને હું આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. એ ૬૦ ખાનદાનોના વર્તમાન તથા ભવિષ્યના બારામાં વિચારીને તથા તેમના ઈમાન તથા ઈસ્લામની સલામતીના માટે એ જ વખતે ત્યાં નક્કી થયેલ જગા પર મસ્જિદનો સંગે બુન્યાદ રાખવામાં આવ્યો. ફિલ્લાહિલ્ હમ્દ. પછી અમે લોકો ત્યાંથી લગભગ ૪૦ કિ.મિ.ના અંતરે એક ગામડામાં ગયા. ત્યાં પણ મુસલમાનોનાં ૫૦ ઘરો હશે પણ ઈસ્લામની તા'લીમ તથા ઈબાદતના સંબંધે પાયાની સહૂલતો બિલકુલ ન હતી. ત્યાં પણ જરૂરતને અનુલક્ષીને નિશ્ચિત જગાએ મદ્રસાનો સંગે બુન્યાદ રાખવામાં આવ્યો. આજે અલ્હમ્દુલિલ્લાહ ! બંનેવ ઈલાક઼ાઓમાં મસ્જિદ તથા મદ્રસાનું કામ સંપૂર્ણ થઈ ચૂક્યું છે અને ઈફતેતાહ પણ થઈ ચૂક્યો છે. અલ્હમ્દુલિલ્લાહ ! "સુન્ની દા'વતે ઈસ્લામી" પાલી શાખાના સંચાલન હેઠળ લગભગ ૨૫ ગામડાંઓમાં આ જ પ્રમાણે મસ્જિદ તથા મદ્રસા તથા મક્તબો સ્થાપ્વામાં આવ્યાં છે. આ તો અનુભવેલી વાત છે, આપ સર્વે કરો તો દેશમાં આ પ્રકારનાં સેંકડો બલ્કે

વધુ પેજ નં. ૧૫....પર

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

# જે યુવતી કે યુવાનને દાઢી પસંદ નથી

## તે પોતાના ઈમાનની ખબર લે !

તંત્રી લેખ

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! જ્યારે ટી.વી. વીડીઓની શરૂઆત થઈ અને નાચગાનના પ્રોગ્રામો તેમાંથી ઘરે ઘર જાહેર થવા લાગ્યા તો તેનાથી માહોલમાં બેહયાઈની ખરાબીની શરૂઆત ઝડપથી થઈ અને મુસલમાન ઘરવાળાંઓએ સ્ત્રીઓ પર કન્ટ્રોલ ન રાખ્યો પરિણામે ધીમે ધીમે ખરાબી ફેલાતી ગઈ. યુવાનો કરતાં યુવતીઓ વધારે આઝાદ, સ્વચ્છંદી તથા બેહયા મોડેલો, ડાન્સરો જેવી બનતી ચાલી ! નબી ﷺની પ્યારી સુન્નત દાઢી તથા ઈસ્લામી પહેરવેશથી સુગ કરતી થવા લાગી ! વળી ટી.વી. વીડીઓની તસ્વીરો હરામ હોવાના ફત્વા પણ ખૂબ ચાલ્યા. અને ટી.વી., વી.ડી.ઓ. પર પરાઈ સ્ત્રીઓને જોવું હરામ હોવું તો વિના વિવાદે સૌએ માન્યું. પણ આજે ટી.વી. વીડીઓથી પણ અતિ ભયાનક ચીજ સ્માર્ટ મોબાઈલો દરેકના હાથમાં પહોંચી ગયા છે અને ગુનાહો એટલા આસાન થઈ ગયા કે તક્વો પરહેઝગારી અચ્છી અચ્છી જગ્યાએથી નષ્ટ થઈ રહેલ છે ! આ મોબાઈલ તો ટી.વી. કરતાંય અનેકગણુ ભયાનક યંત્ર છે, કે ટી.વી. તો રૂમમાં જ કે ઘરે જ સૌની વચ્ચે ફક્ત જોવાતું હોય છે, પણ મોબાઈલ તો દરેક હાથમાં દરેક સ્થળે, ગમે તે ખૂણે, ગમે ત્યાં હરતાં ફરતાં જોઈ શકાય, તે તો ઠીક પણ યુવક યુવતીઓ થકી એકબીજા પાત્રોનો સંપર્ક પણ પળવારમાં કરી શકાય છે એટલું જ નહીં પણ માબાપની કે પતિની કે પત્નીની રૂબરૂમાં તેમની સામે જ અન્ય પાત્ર સાથે શું સંદેશા થઈ રહ્યા છે તેની પણ સામેવાળાંને ખબર નથી પડતી ! એની જ અસરો છે કે મુસલમાન યુવતીઓ મુસલમાન તો ઠીક "કાફિરો" સાથે ભાગી રહી છે ! નેટ કનેકશનથી કોમ્પ્યુટર પર કે મોબાઈલ પર કરોડો ચેનલો–વેબ સાઈટો બિભત્સતા, નગ્નતા દર્શાવતી તેના પર હોય છે અને કોઈ પણ કામ કરો તો જાનદારના ફોટા તથા નગ્ન અર્ધનગ્ન સ્ત્રીઓના દશ્યો સ્ક્રિન પર દોડયા જ કરે છે ! તેના ઉપયોગ પર કોઈ પ્રતિબંધ નથી ! એના માટે આજે કોઈ સખ્તીથી મનાઈ કે ફત્વો ફરતો આપણે ત્યાં જોવા મળતો નથી ! એ આશ્ચર્યની વાત છે. ટી.વી. વીડીઓના જાઈઝ નાજાઈઝ હોવાના ફત્વા તો હજી હાલ પણ ખૂબ ચાલે છે અને **વળી આશ્ચર્યની વાત છે કે કડકાઈથી ટી.વી., વી.ડી.ઓ.થી બચવાનું કહેનારાઓ ખુદ એનાથી ખરાબ અતિ ખરાબ ગુનાહોમાં પાડનાર યંત્ર આ સ્માર્ટ મોબાઈલના દીવાના બની તેને કલેજે લગાડીને ફરી રહ્યા છે !** ઈલ્લા માશાઅલ્લાહ ! અથવા તેમની ઔલાદના તો દરેકના હાથમાં આ ઉઘાડી ધારદાર છરી કરતાં ખતરનાક યંત્ર એટલે મોબાઈલ જોવા મળે છે. શું આ અજાયબી નથી ?! ક્યાં છે ઈખ્લાસ ?! ક્યાં છે દીનદારી ?! અલ્લાહની પનાહ ! અમો હરગિઝ એવું નથી કહેતા કે મોબાઈલ ન વાપરો, પણ એની ખરાબીઓ વિશે પણ તો ચેતવણી આપો ! કે જે ટી.વી. કરતાં હજારોગણી ખરાબીઓ સમાવે છે.

### ★ મુસલમાન યુવાનો યુવતીઓને યહૂદી ઈસાઈ તરીક઼ા જ પ્રિય છે ! ★

ખૈર ! મારા લેખનો આ વિષય નથી પણ એક ડંખતી સત્ય વાત કડવી લાગશે પણ લખી દીધી ! એને

ઈન્સાફની નજરે વાંચશો ને વિચારશો. અક્કલવાનને ઈશારો કાફી છે. સારાંશ કે સ્માર્ટ મોબાઈલ પર ચાલતા ફેસબુક, વોટ્સ એપ કે અન્ય સંદેશાવાહક App થકી શું શું ગંદકી ફેલાઈ રહી છે તે લગભગ દરેક સમજદાર લોકો જાણે જ છે પણ તેનો કોઈ ફત્વો બહાર પડયો ?! યહૂદ તથા નસારાની આ શોધ મુસલમાનોને નિશાન બનાવવા માટે જ ખાસ છે અને કહેવાતા મુસ્લિમ દેશોમાં ખાસ એનો વપરાશ અધિક થઈ રહ્યો છે, તેમજ અન્ય દેશોમાં મુસ્લિમો એના ઉપયોગમાં બાળકોથી લઈને નવયુવાનો, યુવતીઓ, આધેડો, વૃદ્ધો લગભગ સૌ ગુમ થયેલાં છે. અને એમાં પશ્ચિમી યૂરોપી, અમેરિકી, યહૂદી, ઈસાઈ બિભત્સતા તથા વ્યભિચારમાં ચૂર કલ્ચરની ખરાબીઓનાં દશ્યો જોઈને મુસ્લિમ યુવાનો યુવતીઓ એવાં બગડે છે કે ઈસ્લામી હુકમો, ઈસ્લામી સંસ્કાર તથા સુન્નતોથી જાણે કે નફરત દર્શાવી રહેલ છે ! **કોઈ મુશ્રિક, યહૂદી, ઈસાઈ એવો નહીં હોય જેને નબી ﷺની સુન્નતો પ્યારી લાગતી હોય અને તેને તે અપનાવતો હોય, પણ આજના કહેવાતા આ મુસલમાનો છે કે તેમને યહૂદીઓના તરીક઼ા અતિપ્રિય છે અને નબી કરીમ ﷺની સુન્નતોથી જાણે કે સુગ તથા અણગમો છે !** શું આ એમના ઈમાનની અતિ કમજોર સ્થિતિને પ્રદર્શિત કરતી વાત નથી ?! અને એઓ કયા મોઢે હુઝૂર ﷺની શફાઅતની ઉમ્મીદ તેમના જ દુશ્મનોના તરીક઼ાને અપનાવીને, ગળે લગાડીને કરી રહ્યા છે ?!

## ★ યુવાનોને મુસલમાન દેખાવું નથી ગમતુ ! યુવતીઓને દાઢીવાળો ચહેરો પસંદ નથી ! ★

ઈસ્લામી તા'લીમથી વંચિત રાખવાના કારણે અને સ્કૂલ કોલેજોના એજ્યુકેશનને સૌથી વધુ મહત્વ આપવાના કારણે તેમજ ખરાબ સોહબતોને કારણે આજની યુવતીઓ પોતાના જીવનની આઈડિયલ હીરો હીરોઈનો કે મોડેલો, ડાન્સરોને બનાવે છે અને તેમની માનસિક સ્થિતિ એટલા હદે બગડી ચૂકેલી છે કે અલ્લાહના રસૂલ ﷺની સુન્નત અપનાવનારો દાઢી રાખેલ, છોકરો હોય તો તેની સાથે શાદી માટે ના પાડી દે છે ! આવારા, લફંગો, લંપટ, જૂગારી બલ્કે બદ્અક઼ીદા હશે તો વાંધો નહીં લે પણ દાઢીવાળો એમને પસંદ નથી ! આનાથી વધારે બદ્નસીબ યુવતી કોણ હશે જે કેવળ સુન્નતે રસૂલ દાઢી હોવાને કારણે તેવા યુવાન સાથે શાદીની ના પાડે છે ?! તો જે તેણીઓને દાઢીવાળા વર તથા યુવાનોને પણ દાઢી રાખવી પસંદ નથી તેઓ પોતાના ઈમાનને ચકાસી લે કે તેઓમાં ઈમાનની સ્થિતિ શું છે ?! અલ્લાહના રસૂલ ﷺની સુન્નતને હલકી (તુચ્છ) જાણવી કુફ્ર સુધી પહોંચાડી આપે છે ! અને ગલત શબ્દો બોલ્યા તો ઈમાનથી નીકળી જવાય છે ! અને **યક઼ીન કરી લો કે જેનામાં ઈમાન નથી તે હમેશાંની જહન્નમમાં જશે, કદી પણ છૂટકારો થશે નહીં.** આ બાબતને ગંભીરતાથી લેશો.

પ્યારી દીની બહેનો તથા ભાઈઓ ! જે નબી પાક ﷺનો કલમો પઢયા વિના, તેમની મહોબ્બત દિલમાં વસાવ્યા વિના તમે મુસલમાન જ નથી થઈ શકતાં, તે જ અલ્લાહના મહબૂબ ﷺ પોતાની સુન્નતોથી અણગમો ધરાવનાર માટે શું કહે છે સાંભળો :–

❑ "અમારા ગૈરની સુન્નત (ફેશન) પર અમલ કરે તે **અમારા ગિરોહ (ગ્રૃપ)માંથી નથી."** *(મસ્નદુલ ફિરદૌસ)*

❑ રસૂલે પાક ﷺ ફર્માવે છે કે, "જે મારી સુન્નત પર અમલ ન કરે **તે મારો નથી."** *(ઈબ્ને માજહ)*

❑ વળી ફર્માવ્યું, "જે મારી **સુન્નતથી મોઢુ ફેરવશે તે મારા ગિરોહમાંથી નથી."** *(ઈબ્ને અસાકિર)*

**શું તમોને એ વાતથી સંતોષ છે કે તમો અલ્લાહના રસૂલ ﷺના ગિરોહમાંથી ન હોવ ?!** અને જે અલ્લાહના રસૂલ ﷺના ગિરોહમાંથી ન હોય તે કોના ગિરોહમાંથી ગણાશે ? તેમના વિરોધીઓના કે કોઈ બીજાના ગિરોહમાં ?! તો નબી પાક ﷺના વિરોધી ગૃપમાં જઈને તમે કઈ ખ્વાબોની જન્નતમાં રાચી રહ્યા છો ?! હે યુવતીઓ ! અને યુવાનો ! હજી સમય છે સંભલી જાવ ! અને રસૂલે પાક ﷺનાં ફર્માનોને ગળે લગાડો અને યહૂદી તથા અંગ્રેજના જેવા ખયાલો તથા તરીક઼ા, તેમની ફેશનોને છોડો અને ઈસ્લામી જીવન અપનાવો, નહીં તો જે તેમનો અંજામ થશે તે જ તમારો થશે.

સાથોસાથ નસીહત ખાતર નબી ﷺની સુન્નતોની અદબના બારામાં આ બનાવ પણ જોઈ લો જે ઈમામે આ'ઝમના મશ્હૂર શાગિર્દ ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہનો છે. બગદાદના ખલીફા હારૂન રશીદના દસ્તરખાન પર એક વખત દૂધી પીરસાઈ ત્યારે એક શખ્સે કહ્યું કે, હુઝૂર ﷺને દૂધી પ્રિય હતી. એ પ્રસંગે બીજા શખ્સે કહ્યું, "મને સારી લાગતી નથી !" આટલી જ વાત પર ઈમામ અબૂ યૂસુફે તલ્વાર ખેંચી કાઢી અને ફર્માવ્યું, તું મુર્તદ થઈ ગયો ! ફરીથી ઈમાન લાવ, નહીં તો હું તને ક઼ત્લ કરી નાખીશ ! આ પછી પેલા શખ્સે તૌબા કરી અને કલ્મો પઢયો ત્યારે જાન બખ્શી થઈ. *(મિર્કાત, ભાગ : ૨)* તો જે લોકો હુઝૂર ﷺની પ્રિય સુન્નત દાઢી વિશે એલફેલ બોલ્યા હોય તેઓ તૌબા કરી લે અને સુન્નતોની અદબ તથા તેનું મહત્વ સમજે.

### ★ જેને દાઢી 'પસંદ નથી' તે વ્યક્તિ શું રસૂલુલ્લાહ ﷺની વિરોધી નથી ?! ★

હે પ્યારી બહેનો ! તથા ભાઈઓ ! જો તમારામાં ઈમાની હુંફ બચી હોય તો અલ્લાહના રસૂલ ﷺનાં આ ફર્માનો સાંભળો કે નબી ﷺ શું ચાહે છે ?! રસૂલે પાક ﷺ ફર્માવે છે કે :–

❑ **'મુશ્રિકો'ની વિરુદ્ધ કરો** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું, મુશ્રિકોની વિરુધ્ધ કરો ! મૂંછો ખૂબ જ ટૂંકી અને **દાઢીઓ મોટી રાખો."** *(સહીહ બુખારી તથા મુસ્લિમ)*

❑ **'અગ્નિપૂજકો'થી વિરુદ્ધ કરો** : નબી કરીમ ﷺનું ફર્માન છે કે, મૂંછો કતરાવો અને દાઢીઓ વધવા દો, અગ્નિપૂજકોની વિરુદ્ધ કરો." *(સહીહ બુખારી)*

❑ **'યહૂદીઓ' જેવા ન બનો !** : સરકારે દો જહાં ﷺ ફર્માવે છે, "મૂંછો ખૂબ નાની કરો અને દાઢીઓને માફી આપો, યહૂદીઓ જેવી શિક્કલ ન બનાવો." *(તહતાવી શર્હે મઆનિયુલ આષાર)*

❑ **યહૂદી તથા નસારા (ઈસાઈ)ની વિરુદ્ધ કરો !** : આપણી જાન કરતાં અધિક પ્યારા આક઼ા ﷺ ફર્માવે છે : "મૂંછો કાતરો અને દાઢીને વધવા દો, યહૂદી તથા ઈસાઈ (ક્રિશ્ચ્યન)થી વિરુધ્ધ કરો." *(બયહકી)*

❑ **અગ્નિપૂજકો મૂંછો લાંબી રાખી દાઢી મૂંડાવે છે !** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ ફર્માવ્યું કે પ્યારા આક઼ા ﷺએ અગ્નિપૂજકો (મજૂસીઓ)નો ઉલ્લેખ કરતાં ફર્માવ્યું કે, "તેઓ મૂંછો

વધારે છે અને દાઢીઓ મૂંડાવે છે તો તમો તેમની વિરુદ્ધ કરો." *(તિબ્રાની)*

**આ હદીષોને ઈમાની નજરે વાંચો, મનન કરો** અને જો તમને દાઢી પસંદ ન હોય તો હે યુવાનો તથા યુવતીઓ વિચારો કે તમો રસૂલલ્લાહ ﷺનાં વિરોધી છો કે નહીં ?! શું તમારી પસંદ મુશ્રિક, અગ્નિપૂજક, યહૂદી, ઈસાઈની પસંદ મુજબની અને રસૂલૂલ્લાહ ﷺની પસંદની વિરુદ્ધ નથી?! તે નક્કી કરી લો ! અને જે રસૂલુલ્લાહ ﷺની વિરુદ્ધ જશે તે ન દુનિયામાં ચૈન પામશે અને ન હમેશાંની જિંદગી આખેરતમાં ચૈન પામશે તે નિશ્ચિત છે જ. જેથી સમજો અને તૌબા કરીને નેક આદમી તથા નેક સીરતવાળી કનીઝે ફાતિમા બનો.

### ★ દાઢી મૂંડાવેલો ચહેરો એટલે ઈસ્લામી બોલીમાં બગાડેલો ચહેરો ! ★

અલ્લાહના આપેલા ચહેરાને બગાડવું ઈસ્લામમાં જાઈઝ નથી. શરીઅતમાં એને "મુષ્લહ" કહે છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"અલ્લાહ عزوجلની લા'નત"** તેના પર જે કોઈ જાનદારની મુષ્લહ કરે. (એટલે ચહેરો બગાડે) *(બુખારી તથા મુસ્લિમ)*

તેમજ ફર્માવ્યું, "જે કોઈ જાનદારની સાથે મુષ્લહ કરે (નાક, કાન, હોઠ વગેરે કાપી ચહેરો બગાડે) તેના પર **અલ્લાહની, ફરિશ્તાઓની તથા સર્વ માનવોની લા'નત !"** *(તિબ્રાની)*

હઝરત અલી رضی اللہ عنہ કહે છે કે મેં મદની તાજદાર ﷺથી સાંભળ્યું કે આપ મુષ્લહ કરવા (ચહેરો બગાડવા)થી મના ફર્માવતા ભલે પછી કરડી ખાનાર કૂતરો હોય. *(તિબ્રાની)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે સરકારે મદીના ﷺએ ચોપગાંઓને "મુષ્લહ" કરવાથી મના ફર્માવ્યું. *(ઈબ્ને માજહ)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જ્યારે ચોપગાંઓથી મુષ્લહ (ચહેરો બગાડવું) હરામ છે બલ્કે કરડી ખાનાર કૂતરાનું મુષ્લહ નાજાઈઝ ! કૂતરાને પણ જવા દો હર્બી કાફિરથી પણ મના છે, **તો મુસલમાનનું ખુદ પોતાના મોઢા (ચહેરા) સાથે મુષ્લહ કરવું (દાઢી હટાવવું) કેટલા પ્રમાણમાં સખત હરામ તથા લા'નતનો તથા ઈન્તેકામનો સબબ છે ?!** વલ્અયાઝુ બિલ્લાહ ! *(લમ્અતુદુહા)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે સરકારે મદીના ﷺ ફર્માવે છે કે, જે વાળોનો મુષ્લહ કરે તેનો અલ્લાહને ત્યાં કોઈ હિસ્સો નથી." *(તિબ્રાની)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આ હદીષ ખાસ વાળોના સંબંધે છે અને વાળોનો મુષ્લહ એ જ છે જે ઈમામોનાં કથનોમાં વર્ણન થયું કે સ્ત્રી માથાના વાળ મૂંડાવે (કતરાવે) અથવા સ્ત્રી કે પુરૂષ ભવાં મૂંડાવે, આ સૌ રીતો વાળોના મુષ્લહ એટલે વાળોને બગાડવામાં સામેલ છે, અને સૌ હરામ છે. જેથી બહેનોવાળો કતરાવીને, લતો કાઢીને કે ભવાં કપાવીને ફેશનબલ બની લા'નતની હક્કદાર ન બને.

આજકાલ મર્દ સ્ત્રી જેવો દેખાવ બનાવી રહ્યો છે. **દાઢી મૂંડાવવું એ યકીનન ! સ્ત્રી જેવો દેખાવ બનાવવું છે.** અને **સ્ત્રીઓ જિન્સ, ટી શર્ટ, સૂટ બુટ મર્દો જેમ પહેરીને ભાયડાછાપ**

**બની ફરી રહી છે, તો એ મર્દોની મુશાબેહત છે.** અને હદીષમાં છે કે, **"નબી પાક ﷺ એ લા'નત ફર્માવી** સ્ત્રીઓ જેવો દેખાવ બનાવતા પુરૂષો પર અને મર્દોની (ભાયડાછાપ) સ્ત્રીઓ પર જેઓ પુરૂષો જેવી શિકલ બનાવે...." *(ઈમામ અહમદ)*

**★ હવે કેવા ચહેરાવાળો વર પસંદ કરવો તે તમે નક્કી કરો ! ★**

**પ્યારી દીની બહેનો !** જો તમે મુસલમાન છો, અલ્લાહને, રસૂલને તેના મહબૂબ બંદાઓને ચાહો છો, તો વિચારો કે એઓ જે ફર્માવશે તે તમારી ભલાઈમાં હશે કે બુરાઈમાં ?! તમારી પાસે દિલો દિમાગ છે તો વિચારો અને સમજો કે **તે ચહેરાવાળો જેના પર અલ્લાહ લા'નત કરે (લા'નત એટલે રબની રહમતથી દૂર થવું) ફરિશ્તા લા'નત કરે, તેના રસૂલ લા'નત કરે, બુઝુર્ગાને દીન જેને નાપસંદ કરે, રસૂલે ખુદા ﷺ ફર્માવે કે એવો માણસ અમારા ગિરોહમાંથી નથી ! દાઢી મૂંડાવનારો મજૂસી, મુશ્રિક, યહૂદી, ઈસાઈ, કાફિરોનો ફેવરાઈટ અને રસૂલુલ્લાહ ﷺનો વિરોધી ગણાય ! છતાં તમને એવો જ વર પસંદ છે ?! અને જે અલ્લાહને, રસૂલને, ફરિશ્તાઓને, અવલિયાને પ્રિય છે તે ચહેરાવાળો તમને પસંદ નથી ?!** તો જાતે જ વિચારી લો કે જે અંજામ કાફિરોનો થશે તે જ તમારો પણ થશે ! કેમ કે જે જેનાથી મળતાપણુ અપનાવશે તેનો હશ્ર તેની સાથે થશે ! દાઢીઓ મૂંડાવનારા રસૂલુલ્લાહ ﷺનું દિલ દુ:ખાવી રહેલ છે ! તે તમને પસંદ છે ?!

હદીષે પાકમાં છે કે, "જેણે મારા હુકમની વિરૂધ્ધ વર્તન કર્યું તો અલ્લાહ તરફથી તેના પર ઝિલ્લત તથા બેઈજ્જતી સવાર કરી દેવામાં આવી." *(સહીહ બુખારી બહવાલા લમ્અતુદુહા, પેજ–૪૫)* અને એ એટલા માટે સવાર કરવામાં આવી કે તેણે રસૂલુલ્લાહ ﷺને તક્લીફ આપી, અને જેણે રસૂલને તક્લીફ આપી તેણે ખુદાને તક્લીફ આપી.

હે પ્યારી બહેનો ! ભાઈઓ ! રસૂલે પાક ﷺની સુન્નતોથી મહોબ્બત કરો ! હદીષે પાકમાં છે કે, **"જેણે મારી સુન્નતને જીવંત કરી તેણે મારાથી મહોબ્બત કરી અને જેણે મારાથી મહોબ્બત કરી તે જન્નતમાં મારી સાથે હશે."** *(જામેઅ તિર્મિઝી, ૫/૪૬)*

હવે તમારા પર આધાર છે કે તમો સુન્નતોથી નફરત કરીને ફાફિરોની સાથે કયામતમાં બુરો અંજામ પામો અથવા તો રસૂલુલ્લાહ ﷺની સુન્નતોને અપનાવીને જન્નતમાં નબી પાક ﷺનો સાથ પામો.

પ્યારી બહેનો ! ભાઈઓ ! હદીષોમાં છે : બેશક ! અલ્લાહ عَزَّوَجَلَّના કેટલાક ફરિશ્તાઓ છે જેઓ એવી રીતે અલ્લાહનો ઝિક્ર કરે છે કે, પાક છે તે જાત જેણે **પુરૂષોને દાઢીઓ વડે શોભા આપી** અને **સ્ત્રીઓને (માથાના) વાળો વડે."** *(લમ્અતુદુહા, પેજ–૪૦)*

તો તમે કઈ રીતે દાઢીને નાપસંદ કરી શકો છો ?! અલ્લાહને પસંદ, રસૂલને પસંદ, ફરિશ્તાઓને પસંદ, સહાબીઓને પસંદ, અવલિયાને પસંદ....... સૌને પસંદ છે અને યકીનન કાફિરોને નાપસંદ છે ! તો તમે અલ્લાહ, રસૂલ તથા અલ્લાહવાળાઓની પસંદને નાપસંદ કરો છો અને કાફિરોની પસંદને દિલમાં જગા આપો છો તો પછી તમારો અંજામ તમારા દિમાગથી જ વિચારી લો કે કોના જેવો થશે ?! રબ તઆલા સર્વ યુવતીઓ યુવાનોને સાચી સમજ અતા કરે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈરફાન

અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ

## સૂરએ બકરહની તફસીર

**સૂરએ બકરહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

وَلَئِنْ اَتَيْتَ
الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ بِكُلِّ اٰيَةٍ مَّا تَبِعُوْا قِبْلَتَكَ ۚ
وَمَآ اَنْتَ بِتَابِعٍ قِبْلَتَهُمْ ۚ وَمَا بَعْضُهُمْ بِتَابِعٍ قِبْلَةَ
بَعْضٍ ۭ وَلَئِنِ اتَّبَعْتَ اَهْوَاۗءَهُمْ مِّنْ بَعْدِ مَا جَاۗءَكَ
مِنَ الْعِلْمِ ۙ اِنَّكَ اِذًا لَّمِنَ الظّٰلِمِيْنَ ﴿١٤٥﴾ اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ
الْكِتٰبَ يَعْرِفُوْنَهٗ كَمَا يَعْرِفُوْنَ اَبْنَاۗءَهُمْ ۭ وَاِنَّ
فَرِيْقًا مِّنْهُمْ لَيَكْتُمُوْنَ الْحَقَّ وَهُمْ يَعْلَمُوْنَ ﴿١٤٦﴾
اَلْحَقُّ مِنْ رَّبِّكَ فَلَا تَكُوْنَنَّ مِنَ الْمُمْتَرِيْنَ ﴿١٤٧﴾
وَلِكُلٍّ وِّجْهَةٌ هُوَ مُوَلِّيْهَا فَاسْتَبِقُوا الْخَيْرٰتِ ۭ
اَيْنَ مَا تَكُوْنُوْا يَاْتِ بِكُمُ اللّٰهُ جَمِيْعًا ۭ اِنَّ اللّٰهَ عَلٰي كُلِّ
شَيْءٍ قَدِيْرٌ ﴿١٤٨﴾ وَمِنْ حَيْثُ خَرَجْتَ فَوَلِّ وَجْهَكَ
شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ۭ وَاِنَّهٗ لَلْحَقُّ مِنْ رَّبِّكَ ۭ وَمَا
اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ﴿١٤٩﴾ وَمِنْ حَيْثُ خَرَجْتَ
فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ۭ وَحَيْثُ مَا كُنْتُمْ
فَوَلُّوْا وُجُوْهَكُمْ شَطْرَهٗ ۙ لِئَلَّا يَكُوْنَ لِلنَّاسِ
عَلَيْكُمْ حُجَّةٌ ۤ ۙ اِلَّا الَّذِيْنَ ظَلَمُوْا مِنْهُمْ ۤ فَلَا تَخْشَوْهُمْ
وَاخْشَوْنِيْ ۤ وَلِاُتِمَّ نِعْمَتِيْ عَلَيْكُمْ وَلَعَلَّكُمْ

અને જો તમે આ કિતાબવાળાઓ પાસે પ્રત્યેક નિશાની લઈને આવો (છતાં) તે તમારા ક઼િબ્લાના તાબે નહીં થાય[૧૧] અને ન તમે તેમના ક઼િબ્લાના તાબે થાવ[૧૨] અને તેઓ અંદર અંદર પણ એક બીજાના ક઼િબ્લાના તાબે નથી[૧૩]. અને (હે સાંભળનાર ! ગમે તે હોય) જો તું તેમની ઈચ્છાઓ મુજબ સિતમગાર હોઈશ (૧૪૫) જેઓને અમે કિતાબ આપી[૧૪] તેઓ આ નબીને એવો ઓળખે છે જેવી રીતે માણસ પોતાના પુત્રોને ઓળખે છે[૧૫] અને બેશક ! એમાં એક જુથ જાણીબુઝીને સત્ય છુપાવે છે[૧૬] (૧૪૬) (હે સાંભળનાર) આ સત્ય છે તારા રબ તરફથી અથવા સત્ય તે જ છે જે તારા રબ તરફથી છે) તો ખબરદાર ! તું શંકા ન કરીશ. (૧૪૭) અને દરેક માટે ધ્યાન લગાવવાની એક દિશા છે કે તેના તરફ મોઢું કરે છે તો એવું ઈચ્છો કે નેકીઓમાં બીજાઓથી આગળ વધી જાવ, તમે ગમે ત્યાં હશો અલ્લાહ તમને બધાંને ભેગા (કરી) લાવશે[૧૭] બેશક ! અલ્લાહ જે ચાહે તે કરે (૧૪૮) અને જ્યાંથી આવો પોતાનું મોઢું મસ્જિદે હરામ તરફ કરો,[૧૮] અને હે મુસલમાનો ! તમે ગમે ત્યાં હોવ પોતાનું મોઢું એના જ તરફ કરો કે લોકોને તમારા પર કોઈ હુજ્જત (કહેવાપણુ) ન રહે[૧૯] પણ એમનામાં જે અન્યાય કરે[૨૦] તો એનાથી ન

تَهْتَدُوْنَ ﴿۱۵۰﴾ كَمَآ اَرْسَلْنَا فِيْكُمْ رَسُوْلًا مِّنْكُمْ يَتْلُوْا
عَلَيْكُمْ اٰيٰتِنَا وَيُزَكِّيْكُمْ وَيُعَلِّمُكُمُ الْكِتٰبَ
وَالْحِكْمَةَ وَيُعَلِّمُكُمْ مَّا لَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ ﴿۱۵۱﴾
فَاذْكُرُوْنِيْٓ اَذْكُرْكُمْ وَاشْكُرُوْا لِيْ وَلَا تَكْفُرُوْنِ ﴿۱۵۲﴾
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ ۭ اِنَّ
اللّٰهَ مَعَ الصّٰبِرِيْنَ ﴿۱۵۳﴾ وَلَا تَقُوْلُوْا لِمَنْ يُّقْتَلُ فِيْ
سَبِيْلِ اللّٰهِ اَمْوَاتٌ ۭ بَلْ اَحْيَاۗءٌ وَّلٰكِنْ لَّا تَشْعُرُوْنَ ﴿۱۵۴﴾

❑ ❑ ❑

*ડરો અને મારાથી ડરો, અને આ એટલા માટે છે કે હું પોતાની નેઅમત તમારા પર પૂર્ણ કરૂં અને કોઈ રીતે તમે હિદાયત પામો (૧૫૦) જેમ કે અમે તમારામાં મોકલ્યો એક રસૂલ તમારામાંથી[૨૧] કે તમારા પર અમારી આયતો તિલાવત ફર્માવે છે અને તમને પાક કરે (છે)[૨૨] અને કિતાબ અને પાકુ ઈલ્મ શિખવે છે[૨૩] અને તમને એવી તાલીમ આપે છે જેનું જ્ઞાન તમને ન હતું (૧૫૧) તો મારી યાદ કરો હું તમારી ચર્ચા કરીશ[૨૪] અને મારો હક્ માનો અને મારી નાશુક્રી ન કરો (૧૫૨) હે ઈમાનવાળાઓ! સબ્ર અને નમાઝથી મદદ માંગો[૨૫] બેશક ! અલ્લાહ સબ્ર કરનારાઓની સાથે છે (૧૫૩) અને જેઓ ખુદાના રસ્તામાં માર્યા જાય તેઓને મરેલા ન કહો[૨૬] બલ્કે તેઓ જીવંત છે. હા ! તમને ખબર નથી[૨૭] (૧૫૪)*

## :: સમજૂતી ::

**૧૧.** કારણ કે નિશાની એવા લોકો માટે ફાયદારૂપ બની શકે છે જે કોઈ શંકાથી મુન્કિર બન્યા હોય, આ લોકો તો ઈર્ષા અને અદેખાઈના કારણે ઈન્કાર કરે છે. તો એમને નિશાનીઓથી શું ફાયદો થવાનો છો ?

**૧૨.** અર્થાત હવે આ કિ઼બ્લો (કા'બા) મન્સૂખ થવાનો નથી, માટે અહલે કિતાબે હવે એવી આશા ન રાખવી જોઈએ કે તમે એમનામાંથી કોઈના કિ઼બ્લાને તાબે થશો, અને તે તરફ મોઢું કરશો.

**૧૩.** એમનો દરેકનો કિ઼બ્લો જુદો છે. યહૂદીઓ તો બયતુલ મુક઼દ્દસના એક પથ્થરને કિ઼બ્લો માને છે. અને નસારા બયતુલ મુક઼દ્દસના પૂર્વ વિભાગને કિ઼બ્લો માને છે જ્યાં હઝરત ઈસા علیہ السلامની રૂહ ફૂંકવામાં આવી.

**૧૪.** એટલે કે યહૂદીઓ અને નસારાના આલિમો.

**૧૫.** મતલબ એ છે કે પહેલાંની કિતાબોમાં નબીએ આખિરૂઝ્ઝમાન ﷺના ગુણો અને ઓળખ એવી સ્પષ્ટ રીતે બયાન કરવામાં આવી છે જેનાથી અહલે કિતાબના આલિમોને એ બાબતે જરા પણ શંકા જેવું રહ્યું નથી કે હુઝૂર ﷺ ખાતિમુલ અમ્બિયા છે. અને તેઓ હુઝૂરના આ મરતબાને પૂરેપૂરા યક઼ીન સાથે જાણે છે. યહૂદીઓના ધર્મ ગુરૂઓમાંથી હઝરત અબ્દુલ્લાહ બિન સલામ જ્યારે મુસલમાન થયા ત્યારે હઝરત ઉમર رضی اللہ عنہએ એમને પૂછયું કે આયત يَعْرِفُوْنَهٗમાં જે હુઝૂરની ઓળખ વિશે બયાન થયું છે તેના વિશે તમે શું કહો છો ? તેઓએ કહ્યું કે, હે ઉમર ! જ્યારે મેં હુઝૂરને જોયા ત્યારે જરા પણ શંકા વગર ઓળખી લીધા અને મારું હુઝૂરને ઓળખવું મારા પુત્રોની ઓળખાણ કરતાં પણ ઘણુ વધારે સ્પષ્ટ છે. હઝરત ઉમર رضی اللہ عنہએ કહ્યું, એ કેવી રીતે ? તેમણે કહ્યું કે હું ગવાહી આપું છું કે હુઝૂર અલ્લાહ તરફથી તેના મોકલેલા રસૂલ છે. એમના ગુણો અલ્લાહ તઆલાએ અમારી કિતાબ તવરાતમાં બયાન કર્યા છે. પુત્રો વિશે આવું યક઼ીન કેવી રીતે પ્રાપ્ત થાય ? સ્ત્રીઓની હાલત વિશે આવું સ્પષ્ટ જ્ઞાન ક્યાંથી

મેળવવું ? ત્યારે હઝરત ઉમર رضی اللہ عنہએ એમનું માથું ચૂમી લીધું.

**મસ્અલો** : આનાથી જાણવા મળ્યું કે વાસનાના સ્થાન સિવાય દીની મોહબ્બતમાં પેશાનીનું ચુંબન જાઈઝ છે.

**૧૬.** એટલે કે તવરાત અને ઈન્જીલમાં જે હુઝૂરનાં વખાણ અને ઓળખ છે તેને અહલે કિતાબના આલિમોનું એક જુથ ઈર્ષા અને શત્રુતાથી જાણી જોઈને છુપાવે છે.

**મસ્અલો** : સત્યને છુપાવવું નાફર્માની અને ગુનોહ છે.

**૧૭.** કયામતના દિવસે બધાંને એકઠા કરશે અને આમાલનો બદલો આપશે.

**૧૮.** અર્થાત ગમે તે શહેરમાંથી સફર માટે નીકળો નમાઝમાં પોતાનું મોઢું મસ્જિદે હરામ (કા'બા શરીફ) તરફ કરો.

**૧૯.** અને કાફિરોને એવી ટીકા કરવાનો અવસર પ્રાપ્ત ન થાય કે તેઓએ કુરેશના વિરોધમાં હઝરત ઈબ્રાહીમ અને ઈસ્માઈલ علیہم السلامનો કિબ્લો પણ છોડી દીધો, જો કે નબીએ કરીમ ﷺ તેઓની ઔલાદમાં છે અને તેઓની બુઝુર્ગીને માને પણ છે.

**૨૦.** અને દુશ્મનીના કારણે અયોગ્ય ટીકા કરે.

**૨૧.** એટલે કે હુઝૂર મુહમ્મદ મુસ્તફા ﷺ

**૨૨.** શિર્ક અને ગુનાહોની નાપાકીથી.

**૨૩.** હિકમત (પાકુ ઈલ્મ)નો મતલબ તફસીરવેત્તાઓએ એવો બયાન કર્યો છે કે એનાથી 'ઈલ્મે ફિકહ' મુરાદ છે.

**૨૪.** ઝિક્ર ત્રણ પ્રકારનું હોય છે : (૧) જીભ વડે (૨) દિલ વડે (૩) અવયવો વડે. જીભ વડે થતું ઝિક્ર એટલે તસ્બીહ, તકદીસ (અલ્લાહની પાકી બોલવી) તેની તઅરીફ કરવી વગેરે. ખુત્બો, તવબહ, ઈસ્તિગફાર વગેરેનો એમાં સમાવેશ થાય છે. દિલ વડે થતું ઝિક્ર એટલે અલ્લાહે આપેલી નેઅમતોને યાદ કરવી, તેની અઝમત મોટાઈ અને તેની કુદરતની દલીલોમાં વિચાર કરવો. આલિમોનું મસાઈલ કાઢવા માટે આયતો અને હદીષોમાં વિચારમગ્ન બની જવું પણ એમાં દાખલ છે. અવયવો વડે ઝિક્ર કરવાનો મતલબ એ છે કે બધા અવયવો અલ્લાહની તાબેદારીમા લાગી જાય, જેમ કે હજ માટે સફર કરવી, એ અવયવોના ઝિક્રમાં દાખલ છે. નમાઝ ત્રણ પ્રકારના ઝિક્રનો પોતાનામાં સમાવેશ કરે છે. તસ્બીહ, તકબીર, ષના, કિરઅત વિગેરે ઝિક્રે લિસાની એટલે કે જીભના ઝિક્રમાં દાખલ છે. જ્યારે ખૂઝૂઅ (એકાગ્રતા) એ દિલનું ઝિક્ર છે. અને ઉભું રહેવું, રૂકૂઅ સિજદો કરવો વિગેરે અવયવોનું ઝિક્ર છે.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما આ આયતની તફસીરમાં ફર્માવે છે કે, તમે તાબેદારી બજાવીને મને યાદ કરો, હું તમારી મદદ કરીને તમને યાદ કરીશ. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે અલ્લાહ તઆલા ફર્માવે છે, જ્યારે બન્દો મને એકાંતમાં યાદ કરે છે ત્યારે હું પણ તેને એવી રીતે જ યાદ કરૂ છું અને તે મને જમાઅતમાં (લોકોની રૂબરૂમાં) યાદ કરે તો હું તેને એનાથી સારી જમાઅત (ફરિશ્તાઓ)ની સાથે યાદ કરું છું. કુર્આન અને હદીષમાં ઝિક્રની ઘણી ફઝીલતો બયાન થયેલી છે, અને એમાં જોરથી કે આહિસ્તાથી દરેક પ્રકારના ઝિક્રનો સમાવેશ થાય છે.

**૨૫.** હદીષ શરીફમાં છે કે **હુઝૂર ﷺને જ્યારે કોઈ સખ્ત કામ આવી પડતું ત્યારે આપ નમાઝમાં મશ્ગૂલ થઈ જતા હતા,** અને નમાઝથી મદદ માગવામાં નમાઝે ઈસ્તિસ્કા (વરસાદ માંગવાની નમાઝ) અને નમાઝે હાજતનો સમાવેશ થાય છે.

**૨૬.** આ આયત બદ્રમાં શહીદ થએલા લોકો માટે ઉતરી. શહીદ થએલા લોકો વિશે લોકો કહેતા હતા કે ફલાણો મરી ગયો, તે દુનિયવી આરામથી મહરૂમ થઈ ગયો. તેમના વિશે આ આયત ઉતરી.

વધુ પેજ નં. ૨૦....પર

**હદીષ :** હઝરત મુહમ્મદ ઈબ્ને યહયા ઈબ્ને હબ્બાનથી રિવાયત છે[1]. ફર્માવે છે કે મેં ઓબૈદુલ્લાહ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી કહ્યું કે બતાવો તો કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર દરેક નમાઝના માટે વુઝૂ કરતા હતા, બાવુઝૂ હોય કે બેવુઝૂ. એ કોની પાસેથી લીધું ? તો કહેવા લાગ્યા કે તેમને અસ્મા બિન્તે ઝયદ ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہا એ ખબર આપી[2] કે અબ્દુલ્લાહ ઈબ્ને હંઝલા ઈબ્ને અબી આમિર ગસીલે તેમને ખબર આપી હતી[3] કે નબી ﷺને દરેક નમાઝના માટે વુઝૂનો હુકમ આપવામાં આવ્યો હતો, બાવુઝૂ હોય કે બેવુઝૂ[4] પરંતું જ્યારે આ અમલ રસૂલુલ્લાહ ﷺ પર મુશ્કેલ થયો તો દરેક નમાઝ વખતે મિસ્વાકનો હુકમ આપવામાં આવ્યો અને વુઝૂ મૌકૂફ કરવામાં આવ્યું એમનાથી, પણ હદષથી.[5] ફર્માવ્યું, અબ્દુલ્લાહ સમજતા હતા કે એમનામાં એની શક્તિ છે, એટલે કે દરેક નમાઝ વખતે તાજા વઝૂની, જેથી વફાત સુધી કરતા રહ્યા.[6] (અહમદ)

અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી ﷺ હઝરત સઈદ પાસેથી પસાર થયા જ્યારે તે વુઝૂ કરી રહ્યા હતા. તો ફર્માવ્યું, હે સઅદ ! આ ફુઝૂલખર્ચી કેવી ? અર્ઝ કરી, શું વુઝૂમાં પણ ફુઝૂલખર્ચી છે ? ફર્માવ્યું, હા ! ભલે તમે વહેતી નહેર પર હોવ[7]. (અહમદ તથા ઈબ્ને માજહ)

હઝરત અબૂ હુરૈરહ તથા ઈબ્ને મસ્ઊદ તથા ઈબ્ને ઉમર رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું કે જે વુઝૂ કરે અને અલ્લાહનું નામ લે તો તે વુઝૂ તેના આખા શરીરને પાક કરી આપે છે, અને જે વુઝૂ કરે અને તે અલ્લાહનું નામ ન લે કેવળ વઝૂની જગાને જ પાક કરે છે[8].

હઝરત અબૂ રાફેઅથી રિવાયત છે, ફર્માવે છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺ નમાઝના માટે વુઝૂ કરતા તો પોતાની આંગળીની વીંટીને હલાવતા હતા[9]. આ બંનેવને દારકુતનીએ રિવાયત કરી, અને ઈબ્ને માજહએ છેલ્લીને.

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** આપ ફકીહ તાબઈ છે. અન્સારી છે. આપની કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે. ઈમામ માલિકના ઉસ્તાદ છે. હિ.સ. ૧૨૧માં વફાત પામ્યા ઈલ્મ તથા ઈબાદતમાં ઘણા મશહૂર હતા.

**૨.** આ અસ્મા હઝરતનાં ભત્રીજી છે. હઝરત ઝયદ ઈબ્ને ખત્તાબ હઝરત ઉમરના મોટાભાઈ છે જે આપનાથી પહેલાં ઈસ્લામ લાવ્યા. મુહાજિરીને અવ્વલીનમાંથી છે. બદર તેમજ સર્વ ગઝવાતમાં હુઝૂર ﷺની સાથે રહ્યા.

સિદ્દીકી ખિલાફતમાં જંગે અમામામાં હિ.સ. ૧૨માં શહાદત પામ્યા. હઝરત અસ્મા رضی اللہ عنہا પણ સહાબિયાતમાંથી છે.

**૩.** આ અબ્દુલ્લાહ પણ સહાબી છે. તેમના પિતા પણ સહાબી હતા. હુઝૂર ﷺના વિસાલના વખતે તેમની ઉમર સાત વરસની હતી. કર્બલાના પછી મદીનાવાસીઓએ યઝીદનો વિરોધ કર્યો તો સૌએ એમના હાથ પર બયઅત કરી હતી. અને એ જ

કારણે યઝીદે મદીના તયબહ પર ચઢાઈ કરી, જેનું નામ જંગે હુર્રા છે. એમાં આપ શહીદ થયા. હઝરત હન્ઝલાની શહાદત અને આપનું ગસીલુલ મલાઈકા હોવું અગાઉ વર્ણન થઈ ચૂક્યું છે હન્ઝલાનો બાપ અબૂ આમિર વાહિબ કાફિર મર્યો. હઝરત હન્ઝલા ગઝવએ ઓહદમાં જનાબતની હાલતમાં શહીદ થયા એટલા માટે એમને ફરિશ્તાઓએ ગુસ્લ આપ્યું, જેથી ગસીલુલ મલાઈકા કહેવાયા.

**૪.** એટલે કે મેઅરાજમાં વિશિષ્ટ રીતે આપને દરેક નમાઝના માટે વુઝૂનો હુકમ હતો ન કે ઉમ્મતના માટે.

**૫.** આ હદીષ ઈમામે આ'ઝમની વિરૂધ્ધ નથી ન ઈમામ શાફઈની સમર્થક છે કેમ કે તે પણ દરેક નમાઝના માટે મિસ્વાકને મુસ્તહબ માનતા હતા, અને અહીં ફર્ઝિયતનું વર્ણન છે. તેમજ બાદમાં એ હુકમ પણ મન્સૂખ થઈ ગયો કેમ કે હુઝૂરે એક વુઝૂ વડે નમાઝો પઢી અને દરેક નમાઝના માટે મિસ્વાક ન કરી. સારાંશ કે હુઝૂર પર પ્રારંભમાં દરેક નમાઝના માટે વુઝૂ ફર્ઝ હતુ, પછી મિસ્વાક ફર્ઝ રહી, પછી એ પણ મન્સૂખ થઈ ગઈ.

**૬.** તેમણે સમજ્યું કે ફર્ઝિયત મન્સૂખ થઈ ગઈ પણ મુસ્તહબ પણ બાકી છે, અને એ સહીહ હતું. આજે પણ એના પર કોઈ અમલ કરે તો સવાબ થશે.

**૭.** હઝરત સઅદ ક્યાં તો જરૂરતથી વધુ પાણી વહાવી રહ્યા હતા અથવા ત્રણને બદલે ચાર પાંચ વાર અંગો ધોઈ રહ્યા હતા, અથવા (ધોવામાં) અંગોની હદોથી આગળ વધી રહ્યા હતા, એ સર્વથી મના કરી દેવામાં આવ્યું. આ પરથી જાણવા મળ્યું કે વુઝૂમાં એ તમામ વાતો મના છે અને એને કરવું જુર્મ છે.

**૮.** અહીં ગુનાહોથી પાકી મુરાદ છે. એટલે કે **વુઝૂના શરૂમાં બિસ્મિલ્લાહ પઢી લેવાની બરકતથી સર્વ શરીરના આંત્રિક તથા બાહ્ય ગુનાહો માફ થઈ જાય છે.** કેમ કે શરીરમાં દિલ તથા દિમાગ પણ સામેલ છે. બિસ્મિલ્લાહ ન પઢવાથી જાહેરી અંગોના સગીરા ગુનાહ માફ થઈ જાય છે. એટલા માટે ફક્રીહો ફર્માવે છે, બિસ્મિલ્લાહથી વુઝૂ શરૂ કરવું સુન્નત છે

**૯.** વીંટી જો ફીટ હોય કે હલાવ્યા વિના એની નીચે પાણી ન પહોંચે તો વુઝૂમાં એને હલાવવી ફર્ઝ છે, અને જો ઢીલી હોય કે હલાવ્યા વિના પણ એની નીચે પાણી પહોંચી જાય તો એને હલાવવું મુસ્તહબ છે. આ હદીષ બંનેવને સામેલ કરે છે.


**મદદની નમ્ર અપીલ**
**સુન્ની દા'વતે ઈસ્લામી**
**(શાખા વડોદરા)**
**સંચાલિત મદ્રસએ બરકાતે ગૌષે આ'ઝમ નજમુલ ઉલૂમ**
વકફ રજિ. નં. ૦૫૯

મુ. પો. બાસ્કા : પ્રાથમિક સ્કૂલ સામે, તા. હાલોલ, જિ. પંચમહાલ બાસ્કા મુકામે મદ્રસાની બિલ્ડિંગનું ગ્રાઉન્ડ ફલોરનું ૨૮૮૬ સ્વેરફૂટ **RCC** કામ થયેલ છે. ફલોરિંગ વાયરિંગ, પ્લમ્બરિંગ, બારી, દરવાજા અને કલર કામ બાકી છે. સર્વ હઝરાતથી અપીલ છે કે આ કારે ખૈરમાં મદદ કરી સવાબના હકદાર ઠરશો. લિલ્લાહ, ઝકાત, સદકા વગેરેથી સહાય કરશો જેથી દીની તાલીમો તર્બિયતનું કામ શરૂ થઈ શકે. બેંક **A/c No.** સુન્ની દા'વતે ઈસ્લામી મદ્રસાએ બરકાતે ગૌષે આ'ઝમ, **SBI-33332537341**


**ધોરાજી ખાતે અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા :** તા. ૧/૩/૨૦૧૫ રવિવારના રોજ ખ્વાજા મુહયુદ્દીન સૈરાની رحمۃ اللہ علیہની દરગાહ સામે "સુન્ની દા'વતે ઈસ્લામી"નો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા યોજાયો. જે સાંજના ચાર વાગ્યાથી રાતના ૧૧ વાગ્યા સુધી ચાલ્યો. જેમાં બુલબુલે બાગે મદીના જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે નઅતેપાકની સાથે બેહતરીન તર્બિયત કરી. તે ઉપરાંત હાફિઝ અ.રહીમ સાહબે નમાઝની એહમિયત પર, હઝરત અલ્લામા ગુલામ ગૌષ અલ્વી સાહબે તહરીકની હિમાયતમાં નસીહતો કરી હતી. હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી (માલેગાંવ)એ શાને ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہમાં બયાન કરીને અવામની ઈસ્લાહ કરી હતી. છેવટે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરીએ અઝમતે અવલિયા પર કુર્આની આયતો હદીષોની રોશનીમાં બયાન કરી ઈમાન તથા અમલની ઈસ્લાહ કરતું બયાન કર્યું હતું. ઝિક્ર દુઆ પર ઈજતેમા ખત્મ થયો હતો.

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા
મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
પટેલ શબ્બીર અલી રઝવી

**મુશ્ક બૂ કૂચા પે કિસ ફૂલ કા ઝાળા ઉનસે**
**હૂરિયો અંબર સારા હૂએ સારે ગેસૂ**

*(મુશ્ક બૂ = કસ્તૂરી જેવી ખૂશ્બુ, ઝાળા = ઝાળવું, ઉતારવું, ધૂળ સાફ કરવી, હરિયો = હૂર એટલે જન્નતની ઔરત, હૂરિયો એટલે જન્નતવાળાઓ, અંબર સારા = નિહટ્ટા અંબરની ખુશ્બુ)*

**અર્થાત** : આ ગલી કૂચાને કયા ફૂલનો ઝાળો (ઉતારો) નસીબ થયો છે કે મુશ્ક જેવી ખુશ્બુ આવી રહી છે ! અને હે જન્નતની હૂરો ! અમારા આક઼ા ﷺની હાલત તો એ છે કે આપના તમામે તમામ વાળો (એકે એક વાળ મુબારક) પ્યોર અંબર છે !

*ઉનકે ગેસૂ નહીં રહમત કી ઘટા છાઈ હૈ—ઉન્કે અબ્રૂ નહીં દો ક઼િબ્લોંકી યકજાઈ હૈ –(હસન રઝા)*

**દેખો કુર્આં મેં શબે ક઼દર હૈ તા મત્લએ ફજર**
**ચઅની નઝદીક હૈં આરિઝકે વો પ્યારે ગેસૂ**

*(તા = ત્યાં સુધી, મત્લએ ફજર = સુબ્હ સાદિક સુધી, આરિઝ = ચહેરો)*

**અર્થાત** : કુર્આન મજીદ સૂરએ ક઼દર પઢવાથી لیلۃ القدر તથા حتی مطلع الفجر هی થી નિર્દેશ મળે છે કે ફજર હક્ક઼ જેવી રીતે "લયલતુલ ક઼દ્ર"ની નજીક છે એ જ પ્રમાણે સરકાર ﷺનો ચહેરો વદુહા પણ ઝુલ્ફે વલ્લૈલની નજીક છે. એટલે કે લયલતુલ ક઼દ્રમાં હુઝૂર ﷺની બાબરકત ઝુલ્ફોની તરફ ઈશારો (નિર્દેશ) છે અને મત્લઉલ્ ફજરમાં હુઝૂર ﷺના પુરનૂર ચહેરાની તરફ નિર્દેશ છે.

**ભીની ખુશ્બુ સે મહક જાતી હૈં ગલિયાં વલ્લાહ !**
**કૈસે ફૂલોંમેં બસાએ હૈં તુમ્હારે ગેસૂ**

*(ભીની ખુશ્બુ = હલકી હલકી ખૂબ જ ઉમદા સુગંધ)*

**અર્થાત** : હે મારા અલ્લાહ ! તેં તારા મહબૂબ ﷺની ઝુલ્ફોને કયા બાગના ફૂલો વડે વસાવી, બનાવી, સંવારી છે કે જે તરફ જાય છે એ તરફ તારી જાતની ક઼સમ છે મહોલ્લા તથા બજાર મહેકી ઉઠે છે, અને એવાં કે દુનિયાના કોઈ ફૂલ સાથે તો આ ખુશ્બુ મળતી નથી આવતી ! યક઼ીનન ! તેં જન્નતનાં ફૂલોથી જ મહબૂબ ﷺની ઝુલ્ફોને સજાવી છે.

સૈયદના અલી શેરે ખુદા کرم اللہ وجہہ الکریم ફર્માવે છે કે જ્યારે મેં હુઝૂર ﷺને ગુસ્લ આપ્યું તો એવી ખુશ્બુ ફૂટી કે એવી ખુશ્બુ અમે કદી ન જોયી ન સુંઘી ન સાંભળી. *(શિફા શરીફ, પેજ–૪૧, ભાગ–૧)*

**શાને રહમત હૈ કે શાના ન જુદા હો દમ ભર**
**સીના ચાકોં પે કુછ ઈસ દરજા હૈં પ્યારે ગેસૂ**

*(શાના = કાંસકી, દમભર = પળવાર, સીના ચાક = ગરેવાન ફાડનાર એટલે આશિક઼ો)*

**અર્થાત** : રહમતની શાન તો જુઓ કે દરેક વખતે કાંસકી પોતાની સાથે રાખતા જેથી કરીને આશિક઼ાને મુસ્તફા ﷺ (સીના ચાક) દરેક વખતે તૈયાર રહે કે આપ કાંસકી કરો તો કોઈ બાલ મુબારક જમીન પર પડવા ન પામે બલ્કે તેને જાનથી અધિક અઝીઝ સમજીને મહફૂઝ કરી લેવામાં આવે. જેમ કે હઝરત ખાલિદ બિન વલીદ رضي الله عنه બરાબર જંગની હાલતમાં ટોપી શોધી રહ્યા હતા કેમ કે એમાં સરકારે દો આલમ ﷺના બાલ મુબારક હતા જેની બરકતથી સર્વ જંગો જીતી હતી. અને હઝરત અમીર મુઆવિયહ رضي الله عنهએ મૃત્યુ બાદ બાલ મુબારક પોતાના કફનમાં રાખવાની વસિયત કરી.

**શાના હૈ પંજએ કુદરત તેરે બાલોંકે લિયે**
**કૈસે હાથોંને શહા તેરે સંવારે ગેસુ**

**અર્થાત** : હે મારા આક઼ા ! અલ્લાહે આપને વાળોને સમારવા માટે ઘણી કુદરતવાળો અને તાક઼તોવાળો યદુલ્લાહનો ગોરો ગોરો નૂરાની હાથ અતા કર્યો છે, જેની આંગળીના એક બેડકાના એક ઈશારાથી આસ્માનના ચાંદનું કલેજુ ચિરાય જાય, તે હાથ દુઆના માટે ઉઠે તો ડૂબી ગયેલો સૂરજ પરત આવી જાય, જો તે હાથ ખાલી પ્યાલામાં રાખી દે તો તેમની આંગળીઓએથી પંજાબે રહમત જારી થઈ જાય કે જેના વડે આખુ લશ્કર તૃપ્ત થઈ જાય તેમ છતાં પાણી ખત્મ ન થાય ! એ બાબરકત તથા કુદરતોવાળો હાથ આપે કેટલાંયે સીનાઓ પર ફેરવીને કેટલાય વરસોનું કુફ્ર તથા શિર્ક કાઢી નાખ્યું અને સીનાને મદીના બનાવી દીધો.

*હાથ જિસ સમ્ત ઉઠા ગની કર દિયા–મૌઝે બહરે સમાહતપે લાખો સલામ*

**ઓહદે પાક કી ચોટી સે ઉલઝ લે શબભર**
**સુબ્હ હોને દો શબે ઈ઼દને હારે ગેસૂ**

**અર્થાત** : આખી રાત ઓહદ પહાડની ટોચથી ઉલઝવાવાળા ! સવારની રાહ જો, કેમ કે ઈદની રાત પોતાના ગેસૂ (વાળ) સરકાર ﷺની બારગાહમાં નઝર કરનારી છે. (લગભગ ચાંદને કહ્યું)

**મુઝદા હો ક઼િબ્લાસે ઘનઘોર ઘટાએ ઉમડેં**
**અબરૂઓં પર વો ઝુકે ઝુમકે બારે ગેસૂ**

*(મુઝ઼દા = ખુશ ખબરી, ઘનઘોર ઘટાએં = ગાઢ તથા ખૂબ કાળા વાળ, ઉમડેં = ઉમટી પડે, બારે = એકવાર)*

**અર્થાત** : હે શમ્એ રિસાલતના પરવાનાઓ ! તમને ખુશખબરી થાય કે ક઼િબ્લા તરફથી કાળી ઘટાઓ ઉઠી છે, એવું લાગે છે કે મહબૂબે દો આલમ ﷺની ઝુલ્ફો ભવાંઓ પર ઝુકીને આવી ગઈ છે અને ચેહરાએ અક઼દસ પર કુર્બાન થઈ રહી છે.

**તારે શીરાઝાએ મજમૂઆએ કૌનેન હૈ યહ**
**હાલ ખુલ જાએ જો એક દમ હોં કિનારે ગેસૂ**

*(શીરાઝા = બંધન, મજમૂઆએ કૌનૈન = બંને જહાનોનો સંગમ)*

**અર્થાત :** બંને જહાનની શીરાઝાબંદી (બાંધણી) મારા આકા ﷺની ઝુલ્ફોની વચ્ચે છે, જો એક પળના માટે પણ હુઝૂર ﷺ ગેસૂઓ (વાળોને) જહાનથી અલગ કરી લે તો બંનેવ જહાનને પોતાની હકીકતની જાણ થઈ જાય કે અમે આ ગેસૂઓના સહારા વિના શૂન્ય (ઝીરો) છીએ, આ ઝુલ્ફોએ જ એમને હીરો બનાવેલાં છે. જે દેશોમાં ઈસ્લામી ખયાલ રાખવાવાળા લોકો નથી તેમનો હાલ જોઈ લો કે કેવા જહન્નમના કિનારા પર પહોંચી ચૂક્યા છે અને ઝલીલ તથા રુસ્વા (બેઈજ્જત) થઈ રહ્યા છે.

**તેલકી બુંદેં ટપકતી નહીં બાલોંસે 'રઝા'**
**સુબ્હ આરિઝપે લુટાતે હૈં સિતારે ગેસૂ**

**અર્થાત :** જેવી રીતે પરસેવાનાં ટીપાંઓ નબી કરીમ ﷺની મુબારક પેશાની પર મોતી જણાતાં હતાં એ જ રીતે જ્યારે આપ વાળો પર તેલનો ઉપયોગ કરતા તો તેલ મોતીઓ જેમ ચમકતું. આ મન્ઝરને આ'લા હઝરતે આ શેઅરમાં આ પ્રમાણે વર્ણવ્યો છે : હે રઝા ! આ તેલનાં ટીપાંઓ તો વાળોએથી નથી ટપકી રહ્યાં, મને તો એવું લાગી રહ્યું છે કે તારાઓથી ભરપુર રાત રુખે વદુહા (ચહેરા મુબારક) પર તારાઓ નિછાવર કરી રહી છે. આ સર્વ પ્રોગ્રામ રાતે એટલા માટે થઈ રહ્યો છે કે જેવી રીતે હુઝૂર ﷺના ચમકવાથી તમામ અંબિયાએ કિરામ જેઓ આસ્માને નબુવ્વતના સિતારાઓ છે તે છુપાય ગયા, કેમ કે આપ મમ્બએ અન્વાર (નૂરોની શ્રોત) છે અને તમામ અંબિયાને નૂર આપના થકી જ મળે છે. તો પછી આપની સામે તેઓ કેમ કરીને ચમકી શક્તા હતા ?! એ જ પ્રમાણે સૂરજ કેમ કે ચાંદ તથા તારાઓના નૂરનું મર્કઝ (કેન્દ્ર) છે જેથી એના તુલૂઅ થવા (ઉગવા) પર ચાંદ તારાઓ પોતાનું બિસ્તર લપેટી લે છે. જેમ કે એ જ કારણે રાતે રાતોરાત જ પોતાના તારાઓ આપના ચહેરા પર નિછાવર કરી આપ્યા. જાણે ગેસૂઓની રાત્રીએ તેલનાં ટીપાંઓ તારાઓના સ્વરૂપમાં હુઝૂર ﷺના રોશન ગાલો પર નિછાવર કર્યા છે.

પેજ નં. ૦૨નું ચાલુ...

હજારો ગામો મળશે જ્યાં આવા જ હાલાત હશે. જેથી આપણે પોત પોતાની શક્તિ અનુસાર એ ઈલાકાઓનો સર્વે કરીને ત્યાં મુઅલ્લિમ, મુબલ્લિગ રાખીને મદ્રસા, મસ્જિદની સ્થાપ્ના કરવી જરૂરી છે જેથી એમનું ઈમાન પણ સલામત રહે અને નવી પેઢીઓમાં ઈસ્લામની હુંફ બાકી રહે.

હું તમામ ગુલામાને મુસ્તફા ﷺને ગુઝારિશ કરું છું, ખાસ કરીને દેશભરમાં ફેલાયેલા દારુલ ઉલૂમો તથા મસ્જિદો તથા સંસ્થાઓના જિમ્મેદારોને કે ખુદાને ખાતર ગામડાંઓ પ્રતિ ધ્યાન કરો ! તલબા, મુઅલ્લિમો, ઈમામો પોત પોતાના ક્ષેત્રમાં આવનારાં ગામડાંઓમાં જઈને લોકોને ઈસ્લામની પાયાની તા'લીમથી શણગારે, તેમને અકીદાઓ, કુર્આનની તિલાવત, નમાઝ વગેરેના મસાઈલ બતાવીને તેમનું ઈમાન સુરક્ષિત કરે, અને જે અહલે સુન્નતની રસમો છે તેને રિવાજ આપે. જેમ કે હુઝૂર મુબલ્લિગે ઈસ્લામ અલ્લામા અબ્દુલ અલીમ મેરઠી رحمۃ اللہ علیہ (ખલીફાએ આ'લા હઝરત) એ આફ્રિકાનાં ગામડાંઓમાં મીલાદે મુસ્તફા ﷺની મહેફિલો ગોઠવી અને ઈસ્લામી તા'લીમની વ્યવસ્થા પણ કરી. જો એવું આપણે કરી લીધું તો અલ્લાહ ﷻ અને તેના પ્યારા હબીબ ﷺ રાજી થઈ જશે. ઈન્શાઅલ્લાહ !

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, એપ્રિલ–૨૦૧૫)*

## અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના


લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ ક઼ાદરી**

*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

*(મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*


### અશ્શકૂર الشَّكُوْرُ

### (સારો બદલો આપનાર)

**સમજૂતી** : તે સારો બદલો આપનાર જે થોડી તાઅત (આજ્ઞાપાલન) તથા ફર્માંબરદારી પર ઘણો જ બદલો અતા ફર્માવે છે. દુનિયામાં ગણતરીના દિવસોમાં બંદો અમલ કરે છે તો તેને દુનિયાની નેઅમતોની સાથે આખેરતમાં જન્નતમાં એવી નેઅમતો અતા ફર્માવશે જે હમેશાં તથા ક઼ાયમ રહેશે અને અસીમિત હશે.

**દર્સ તથા સબક઼** : બંદાનો મિજાઝ એવો હોવો જોઈએ કે પોતાના એહસાન કરવાવાળા ભાઈનો શુક્ર કરવાવાળો હોવો જોઈએ. કોઈક વાર ઝબાનથી પ્રશંસા કરીને તો કોઈક વાર એહસાનનો બેહતર બદલો આપીને શુક્ર અદા કરે. ઈસ્લામમાં આ શ્રેષ્ઠ ખૂબી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, مَن لَّم يَشكُرِ النَّاسَ لَم يَشكُرِ اللّٰه "જે લોકોનો શુક્ર અદા નથી કરતો તે અલ્લાહનો શુક્રગુઝાર નથી થઈ શક્તો." રહી વાત અલ્લાહનો શુક્ર અદા કરવાની, તો જાહેર છે કે મોમિન તેના હુકમનું પાલન કરે, નહીં તો બંદો અલ્લાહનો શુક્ર અદા કરી જ નથી શક્તો. જો શુક્રમાં બંદો તેની તારીફ કરે તો તેની પ્રશંસા અધૂરી થશે, અને જો બંદો તેની ઈતાઅત તથા બંદગી કરશે તો ખુદ તેના એહસાનથી કરશે. તે જ શક્તિ તથા તૌફીક઼ આપશે તો આજ્ઞાપાલન તથા ઈબાદત થશે. હા ! રબની નેઅમતો પર શુક્ર ગુઝારીનો બેહતરીન તરીક઼ો એ છે કે તે નેઅમતોને ગુનાહોના બદલે ઈતાઅતમાં વાપરે. જાહેર છે કે તે પણ અલ્લાહની તૌફીક઼થી જ થશે.

**ફાયદા તથા ખાસિયતો** : ઈસ્મે મુબારક الشَّكُوْرُની ખાસિયત એ છે કે તેના વડે શરીર તથા જાન દરેક ચીજમાં આફિયત તથા બરકત હાંસલ થશે. **જે શખ્સને દમ (શ્વાસ ચડવાની બીમારી) થાક તથા શરીરના ભારેપણાની શિકાયત હોય તે સાફ પ્લેટ પર લખી તેનું પાણી પીએ તથા શરીર પર લગાડે તો અલ્લાહના હુકમથી શિફા પામશે. અને જેને કમજોર નજરની શિકાયત હોય તે ૨૦ વાર લખી બતાવેલ તરીક઼ા પર અમલ કરે, ઈન્શા અલ્લાહ જરૂર બરકત મળશે.**

### અલ્અલિય્યુ اَلْعَلِيُّ

### (ઘણો જ બુલંદીવાળો)

**સમજૂતી** : તે બુલંદ મર્તબાવાળો જેના મર્તબાની ઉપર કોઈનો મર્તબો નથી અને તમામ મર્તબાઓ તેના હેઠળ છે. આ દુનિયા તથા આલમે અક઼લમાં જેટલા દરજાઓ તથા મર્તબાઓ છે સર્વ તેની બુલંદીના મુક઼ાબલામાં નીચા તથા કમતર છે. આ ફર્ક઼ એવો છે જે એક કામિલ તથા અધૂરા અને સબબ તથા મુસબ્બબના વચ્ચે છે, તે યક઼ીનન ! પોતાની બુલંદીમાં કામિલ છે અને મખ્લૂક઼ અધૂરી છે. على

નો શબ્દ عُلُوّ નીકળેલ છે, જેનો અર્થ બુલંદી છે.

જો મવજૂદાતની બુલંદીઓની કેટેગરી બનાવવામાં આવે તો જાહેર છે કે અલ્લાહ સૌથી ઉચ્ચ મક઼ામ પર રહેશે. એટલા માટે સહી તાબીર એ છે કે તે જ મુત્લક઼ન બુલંદ છે અને એના સિવાય જે બુલંદ છે તે પોતાની નીચેના કમ રુત્બાવાળાની સરખામણીમાં બુલંદ છે. એટલે કે મખ્લૂક઼ાતમાં કોઈ પણ તેની બુલંદીઓમાં શરીક નથી.

**દર્સ તથા સબક઼ :** બંદો علی "અલી" મુત્લક઼ હોવાનો ખ્યાલ કદાપિ ન કરે અને હમેશાં પોતાના દિમાગમાં એ ખ્યાલ રાખે કે આ'લાથી આ'લા મર્તબા પર પહોંચ્યા બાદ પણ તેના પર બુલંદ અલ્લાહ જ છે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** અલ્લાહ તઆલાનું આ નામ નાની નાની બાબતોને પણ બુલંદી સુધી પહોંચાડે છે. તેની ખાસિયતો અગણિત છે. **નાના બાળકના ગળામાં લખીને લટકાવવામાં આવે તો એની બરકતથી એ બાળક પુખ્ત ઉંમર સુધી પહોંચશે. અજનબી શખ્સ તે નામનુ તાવીઝ પહેરશે તો અલ્લાહના ફઝલો કરમથી પોતાનાં સગાંઓ સુધી પહોંચશે અને નાદાર (માલ વિહોણો) શખ્સ તેનું તાવીઝ પહેરશે તો માલદારી નસીબ થશે.**

## અલ્કબીર اَلْكَبِيْرُ

## (મહાન કિબ્રિયાઈવાળો)

**સમજૂતી :** તે રબ કિબ્રિયાઈવાળો છે અને કિબ્રિયાઈ ઝાતના કમાલને કહે છે. અને જાતના કમાલથી હેતુ વજૂદનો કમાલ છે. અને કમાલે વજૂદ પલ્ટીને બે બાબતોની તરફ જાય છે : (૧) વજૂદ કાયમી, હમેશાંનું હોય અને (૨) અલ્લાહના વજૂદથી સર્વ મખ્લૂક઼ાતનું અસ્તિત્વ છે અને તમામ અસ્તિત્વ તેનાથી જ કાયમ છે. એટલે કે كبير નો મતલબ એ થયો કે તે એવી કિબ્રિયાઈવાળો છે જેનાથી તમામ સૃષ્ટિ અસ્તિત્વમાં આવી.

**દર્સ તથા સબક઼ :** બંદાઓમાં كَبِيْرٌ (કબીર) તે શખ્સ છે જે એવો કામિલ હોય કે તેની સારી સિફતો (ખૂબીઓ) તેની ઝાતમાં સીમિત ન હોય બલ્કે તેની બરકતો બીજાઓ સુધી પહોંચે. અને બંદાનો કમાલ તેની અક઼લ, ઈલ્મ, તક઼વો ત્રણેવમાં નમૂદાર (પ્રદર્શિત) હોય. આ કક્ષાનો જે શખ્સ હશે તે યક઼ીનન كبير "કબીર" કહેવાશે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** જે શખ્સ ભરપૂર આ નામનો વિર્દ કરશે તેના માટે ઈલ્મો મારેફતના દરવાજા ખૂલી જશે. જો કોઈ શખ્સ ખાવા પર આ નામનો ઝિક્ર કરે અને મિયાં બીવી તેને ખાઈ લેશે તો તેમના વચ્ચે સમાધાન તથા સફાઈ થઈ જશે. અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે **يَاكَبِيْرُ أَنْتَ الَّذِى لَا تَهْتَدِى الْعُقُولُ لِوَصْفِ عَظَمَتِهٖ "યા કબીરુ અન્તલ્લઝી લા તહ્તદીલ્ ઉક઼ૂલુ લિ વસ્ફિ અઝમતિહિ"**નો વિર્દ કરવાવાળો જો કર્ઝદાર હશે તો તેનું કર્ઝ અદા થઈ જશે અને તેની રોજીમાં બરકત થશે. અને તે શખ્સ જેને તેના હોદ્દાથી હટાવી દેવામાં આવ્યો હોય સાત દિવસ સુધી રોઝાની હાલતમાં ૧૦૦૦ વાર વિર્દ કરશે તો હોદ્દો ફરીથી હાંસલ કરશે, ભલે ને તે બાદશાહ હોય. ❑ ❑ ❑


વડોદરા તાંદલજા ખાતે બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા માટે સંપર્ક કરો :–

મૌલાના આસિફ઼ અશરફ઼ી Mob. 7779001513

હાફ઼ેઝ મુબારક સાહબ Mob. 9033221967



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### *(મલ્ફૂઝાતે હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી ચિશ્તી رحمۃ اللہ علیہ)*

*(સંપાદક : હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ)*

### ★ તકબીર કહેવા વિશે ★

સોમવારના દિવસે માહે ઝીક્અદા હિ.સ.૫૮૪ના ક્દમબોસીનો શરફ હાંસલ થયો. અહલે સફા (સૂફીઓ) તથા દુરવેશોનો એક ગિરોહ મૌલાના અલાઉદ્દીન કિર્માની અને શયખ મહમૂદ મવઝાદૂઝ ખિદમતમાં હાજર હતા. દુરવેશોની તકબીર કહેવાના બારામાં ચર્ચા શરૂ થઈ કે દુરવેશ લોકો જે ગલી કૂચાઓમાં અને દરવાજાઓ અને બજારોમાં તક્બીર કહે છે, એની અસલિયત શું છે ? ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે આ રીતની તકબીર કહેવું ક્યાંય નથી આવ્યું. જેવું કે તકબીરના મોક્ા પર કહેવામાં આવે છે. જ્યારે માણસને કોઈ દુનિયવી કે દીની નેઅમત હાંસલ થાય તો નેઅમતની અધિક્તા માટે શુક્ર કરે છે, એવા મોક્ા પર તકબીર જાઈઝ છે.

પછી ફર્માવ્યું કે એક દિવસ હું બગદાદમાં શયખ શહાબુદ્દીન સુહરવર્દીની મજલિસમાં હાજર હતો. જે તશાગુલ (યાદે ઈલાહીમાં મશગૂલિયત) એમના ત્યાં જોઈ તે મેં મારી સર્વ જિંદગીમાં ક્યાંય નથી જોઈ. એક ખિર્કાપોશ દરવેશ આપની ખિદમતમાં હાજર થયો અને સલામ કરી. શયખ શહાબુદ્દીનને તકબીરનું બયાન કાંઈક કઠિન જણાયુ અને આ હિદાયત વર્ણવી કે એકવાર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم બેઠેલા હતા અને સાથીઓ આપની આસપાસ વર્તુળ બનાવીને બેઠેલા હતા. આં હઝરત صلی اللہ علیہ وسلمએ યારોની તરફ સંબોધન કરતાં ફર્માવ્યું, મને ઉમ્મીદ છે કે ક્યામતના દિવસે ચોથાઈ (૧/૪) જન્નત આપ લોકોને મળશે, અને બાકીના ત્રણ ભાગની (૩/૪) અન્ય ઉમ્મતોને મળ શે. તરત જ હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ તથા અન્ય સાથીઓએ અલ્લાહુ અકબર કહ્યું એના લીધે કે નેઅમતમાં વધારો થાય. બીજીવાર ફરી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે ત્રીજો હિસ્સો (૧/૩) જન્નત તમને મળશે અને બાકીનો ૨/૩ હિસ્સો અન્ય ઉમ્મતોને મળશે. જેવું હુઝૂર صلی اللہ علیہ وسلمએ આવું ફર્માવ્યું તો હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અને હઝરત અલી رضی اللہ عنہ તથા અન્ય સાથીઓએ ઉઠીને તકબીર કહી, એના માટે કે શુક્ર કરવાથી નેઅમતમાં ઓર અધિક વધારો થાય છે. ત્રીજીવાર ફરી આં હઝરત صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે અડધી (૧/૨) જન્નત તમને મળશે અને બાકીની અડધી અન્ય ઉમ્મતોને મળશે. હઝરત ઉષ્માન ઝુન્નૂરૈન અને હઝરત અલી رضی اللہ عنہ તથા અન્ય સર્વ સાથી ઉભા થઈ ગયા અને અલ્લાહુ અકબર કહીને આ નેઅમતનો શુક્ર અદા કર્યો જેથી કરીને નેઅમતોમાં વધારો થાય. ચોથીવાર આં હઝરત صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે જન્નતમાં સૌ પ્રથમ મારી ઉમ્મત

દાખલ થશે અને બાદમાં અન્ય ઉમ્મતો પ્રવેશ કરશે. તો સર્વ સાથીઓએ ઉઠીને શુક્રિયા અદા કર્યો. પછી શયખ શહાબુદ્દીન قدس سرہએ ફર્માવ્યું કે ફકીર લોકો જે ચાર તક્બીરો કહે છે તે આ જ કારણે છે, જેથી દરેક મોકા પર તકબીર કહેવી ન જોઈએ. (શું આ ઈલ્મે ગયબ નથી ?!)

ત્યારબાદ એના બારામાં ચર્ચા ચાલી કે જો મુરીદ નફલની નમાઝમાં મશગૂલ હોય અને તેનો પીર તેને બૂમ પાડે. જો તે પીરની વાતનો જવાબ આપવા માટે નફલની નમાઝને છોડી આપે તો એના બાબતે આપની શું રાય છે ? ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે એ બેહતર છે કે તે નમાઝ તર્ક કરીને પોતાના પીરની વાતનો જવાબ આપે, કેમ કે એ નફલોની નમાઝ કરતાં અફઝલ છે અને એમાં ઘણો જ મોટો સવાબ છે.

એ જ મોકાસર આપે ફર્માવ્યું કે એકવાર હું નફલ નમાઝમાં વ્યસ્ત હતો. તો શયખ મુઈનુદ્દીન رحمۃ اللہ علیہએ મને અવાજ આપ્યો તો મેં તરત જ નમાઝ ત્યજી દીધી અને લબ્બૈક કહ્યું. આપે ફર્માવ્યું, અહીં આવો ! જ્યારે હું હાજર થયો તો આપે પૂછયું કે તું શું કરી રહ્યો છે ? મેં અર્ઝ કરી કે હું નફલ અદા કરી રહ્યો હતો પણ આપનો અવાજ સાંભળીને છોડી આપી. આપે ફર્માવ્યું, ઘણુ સારું કામ કર્યું છે ! કેમ કે આ નફલોની નમાઝથી અફઝલ છે. પોતાના પીરના દીની કામમાં મોઅતકિદ થવું ઘણુ સારું કામ છે.

*(અહીં એક પ્રસંગ ખ્વાજા સાહબનો વર્ણવ્યો છે જે હાલતે સુકરનો છે જેમાં લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહને બદલે અલગ કલમો પઢવા કહેલું છે, તો એ વાત એ આલમની છે જેમાં શરીઅતનો કલમ ઉઠી જાય છે જેમ કે વજદાની કૈફિયત અથવા સુકરનો આલમ. એટલે કે હોશની સ્થિતિ એમાં નથી હોતી. આ પણ ત્યારનો વાક્યો છે જેને અત્રે વર્ણન કરવામાં જાહિલ લોકોમાં ગલત ફહમી થઈ શકે છે જેથી વર્ણન કર્યો નથી, જેને જરૂર લાગે અસલ કિતાબ વાંચે –અનુવાદક)*

## ★ તૌબા વિશે ચર્ચા ★

ત્યાર બાદ તૌબા કરવા વિશે ચર્ચા શરૂ થઈ કે માણસ તૌબા કરે તો પછી તેણે ગુનાહોથી મેલ જોલ ન રાખવી જોઈએ જેની સાથે તે પહેલાં રાખતો હતો કે ક્યાંય ફરી તે ગુનાહમાં મશગૂલ ન થઈ જાય, કેમ કે માણસના માટે બુરી સોહબતથી વધીને અન્ય કોઈ બુરી ચીજ નથી, એટલા માટે કે પોતે પણ જે કામથી તૌબા કરી છે તેનાથી દૂરી અપનાવતો રહે અને તેને પોતાનો દુશ્મન ખયાલ કરતો રહે.

ત્યારબાદ આપે ફર્માવ્યું કે ખ્વાજા હમીદુદ્દીન બહેલવાની એક મર્દ બુઝુર્ગ હતા. હઝરત ખ્વાજા મુઈનુદ્દીન رحمۃ اللہ علیہના મુરીદોમાંથી હતા અને આ દુઆગોના હમખિર્કા હતા. જ્યારે તેમણે તૌબા કરી તો દોસ્તો તથા સાથીઓ ફરી આવ્યા અને આપને કહ્યું કે આવો ! ફરી તે જ એશ કરીએ ! ખ્વાજા હમીદુદ્દીન બહેલવાનીએ ત્યાં જવાથી ઈન્કાર કર્યો અને કહ્યું કે જાવ! ખૂણામાં બેસો અને આ ફકીરને છોડી આપો કે મેં મારો દામન એવો કસીને બાંધ્યો છે કે જન્નતમાં હૂરો સમક્ષ પણ નહીં ખુલે ! (એટલે ખૂબ જ પાકી તૌબા કરી લીધી છે)

## ★ જમી રહેલાઓને સલામ ક્યારે કરવી ? ★

ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہ આ જ ફવાઈદ વર્ણવી રહ્યા હતા એવામાં ખાણુ લાવવામાં આવ્યું. ખ્વાજા અને બાકીના દુરવેશો ખાવામાં વ્યસ્ત થઈ ગયા એ અરસામાં શયખ નિઝામુદ્દીન અબુલ મુઅય્યદ અંદર આવ્યા અને સલામ કરી. ખ્વાજા કુત્બુલ ઈસ્લામે તેમની રજમાત્ર પરવા ન કરી અને સલામનો જવાબ સુધ્ધાં ન આપ્યો. શયખ નિઝામુદ્દીન અબુલ મુઅય્યદને આ વાત ન ગમી. જ્યારે ખાવાથી પરવાર્યા તો અબુલ મુઅય્યદે સવાલ કર્યો કે જ્યારે હું આવ્યો ત્યારે તમે લોકો ખાવા ખાય રહ્યા હતા અને મેં સલામ કરી તો આપે જવાબ પણ ન આપ્યો ! એનું શું કારણ છે ? ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે

અમે એ વખતે તાઅત (ખુદાની ફર્માબરદારી)માં હતા તો અમે કેવી રીતે સલામનો જવાબ આપતા ?! કેમ કે દુરવેશ લોકો જે ખાય છે તે કેવળ એ હેતુથી ખાય છે કે એમનામાં ઈબાદત કરવાની શક્તિ પેદા થઈ જાય. કેમ કે એમની નિય્યત પણ આ જ હોય છે. એટલા માટે હક઼ીક઼તમાં તેઓ ઈબાદતમાં વ્યસ્ત હોય છે. તો જે શખ્સ ખુદાની બંદગીમાં મશગૂલ હોય તેના પર વાજિબ નથી કે સલામનો જવાબ આપે, અને આવનારા શખ્સ પર જાઈઝ છે કે તે સલામ ન કહે અને બેસીને ખાવા ખાવામાં મશગૂલ થઈ જાય. જ્યારે ખાવાથી ફારિગ થઈ જાય તો સલામ કહે.

ખ્વાજા સાહબે એ જ મોક઼ાના મુનાસિબ આ હિકાયત વર્ણવી કે એકવાર શયખ અબુલ ક઼ાસિમ નસીરાબાદી જે શયખ અબૂ સઈદ અબૂ અલ્હર رحمۃ اللہ علیہના પીર હતા. પોતાના સાથીઓની સાથીઓની સાથે ખાણુ ખાવામાં મશગૂલ હતા. ઈમામુલ હરમૈન જે ઈમામ ગિઝાલીના ઉસ્તાદ હતા તે અંદર આવ્યા અને સલામ કહી પણ સાથીઓએ એમના તરફ ધ્યાન ન આપ્યું. જ્યારે ખાણુ ખાય ચૂક્યા તો ઈમામુલ હરમૈને કહ્યું કે મેં આવીને સલામ કરી પરંતુ તમે એનો જવાબ પણ ન આપ્યો. શું આ રીત સારી છે ? શયખ અબુલ ક઼ાસિમે કહ્યું કે રસમ એ જ છે કે જે શખ્સ કોઈ જમાઅતમાં આવે તેઓ ખાણુ ખાવામાં મશગૂલ હોય તો નવા આવનારે જોઈએ કે સલામ ન કહે અને બેસી જાય. જ્યારે ખાણુ ખાવાથી ફારિગ થઈને હાથ ધોઈ લે તો ઉઠીને સલામ કહે. અને ઈમામુલ હરમૈને કહ્યું, શું આ અક઼લની રૂએ કહો છો કે નક઼લની રૂએ ? શયખ અબુલ ક઼ાસિમે કહ્યું, અક઼લની રૂએ. એટલા માટે કે જે ખાણુ ખાવામાં આવે છે તે ઈબાદતની શક્તિ માટે ખાવામાં આવે છે. જ્યારે કોઈ શખ્સ ખાણુ આ નિય્યતથી ખાય છે, તો એ વખતે અયન ઈતાઅતમાં છે. તો જે શખ્સ અયન ઈતાઅત (ખુદાની ફર્માબરદારી)માં હોય તે સલામનો જવાબ કેવી રીતે આપી શકે છે ? ત્યારબાદ ખ્વાજા કુત્બુદ્દીન رحمۃ اللہ علیہએ આલમે સુકરમાં મશગૂલ થઈ ગયા અને દુઆગો પણ આવીને પોતાની ઝુપડીમાં યાદે ઈલાહીમાં મશગૂલ થઈ ગયો. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

પેજ નં. ૧૦નું ચાલુ...

**૨૭.** મોત પછી જ અલ્લાહ તઆલા શહીદોને જીવન આપે છે, એમની રૂહો સામે રોજી પેશ કરવામાં આવે છે, એમને સુખચેન આપવામાં આવે છે, એમના અમલ ચાલુ રહે છે, એમનો સવાબ વધતો જ રહે છે. હદીષ શરીફમાં છે કે શહીદોની રૂહો લીલા રંગના પક્ષીઓના રૂપમાં જન્નતની સેર કરે છે, ત્યાંનાં ફળો અને નેઅમતો ખાય છે.

**મસ્અલો** : અલ્લાહ તઆલાના ફરમાંબરદાર બન્દાઓને કબ્રમાં જન્નતની નેઅમતો મળે છે. શહીદ તે બાલિગ મુસલમાનને કહેવાય છે જે ઘાતક હથિયાર વડે જુલ્મની રીતે મારી નાખવામાં આવ્યો હોય અને જેના ક઼ત્લ થવાથી કોઈના પર માલ આપવો વાજિબ ન થયો હોય. અથવા જંગના મેદાનમાં મરેલો કે ઝખ્મી હાલતમાં મળી આવ્યો અને ત્યાર બાદ તેને આરામ મળ્યો નહીં, તો તે શહીદ કહેવાશે. દુનિયામાં એના માટે હુકમ એ છે કે એને ગુસ્લ દેવામાં ન આવે ન તો કફન પહેરાવવામાં આવે. એને પહેરેલાં કપડાંમાં જ રહેવા દે. આવી સ્થિતિમાં જ તેના પર નમાઝ પઢીને દફન કરી દેવામાં આવે, આખિરતમાં શહીદનો મરતબો ઘણો મહાન છે.

અમુક શહીદ એવા પણ છે કે જેમના પર દુનિયામાં તો શહીદના હુકમ લાગુ પાડવામાં નહીં આવે પણ આખિરતમાં તેમના માટે શહાદતનો મર્તબો છે. જેમ કે ડૂબીને, દાઝી જઈને અને દીવાલ નીચે દબાઈ જઈને મરી જનાર, તાલિબે ઈલ્મ (દીની ઈલ્મ શિખનાર) હોવાની હાલતમાં મરણ પામનાર, હજની સફર અથવા ખુદાના માર્ગમાં ગમે તે રીતે મૃત્યુ પામનાર અને નિફાસમાં મરનાર સ્ત્રી, પેટની બીમારી, પ્લેગ, પાંસળી અને ફેફસાંની બિમારીમાં મરનાર અને જુમ્આના દિવસે ગુજરી જનાર વિગેરે.

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી

✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## નિઃસંતાન (બેઔલાદ) પુરૂષો અને સ્ત્રીઓ માટે જરૂરી નસીહત

ઔલાદ દુનિયામાં અલ્લાહ તઆલાની ઘણી જ મોટી નેઅમત છે. આથી અલ્લાહ તઆલા જેને આ નેઅમત આપે તેણે જોઈએ કે તે ખુદાએ તઆલાનો શુક્ર અદા કરે અને જેને (આ નેઅમત) ન આપે તે સબ્ર કરે. પરંતુ આજકાલ કેટલાક પુરૂષો અને સ્ત્રીઓ ઔલાદ ન થવાને કારણે પરેશાન રહ્યા કરે છે અને આ ખામીને વધારે પડતી ગણે છે. જો કે આ ઈમાનવાળાઓની શાન નથી. મો'મિને તો દુનિયા અને તેની નેઅમતો ન મળવાને કારણે બહુ ચિંતા કરવી જોઈએ નહીં, વધારે ફિક્ર અને ચિંતા તો આખેરતની કરવી જોઈએ. જો તમે તમારી આખેરત સુધારી લીધી તો દુનિયાની કોઈ નેઅમત ન મળવા પર વધુ પડતા દુઃખી થવું જોઈએ નહીં. ઔલાદ અલ્લાહની નેઅમત જરૂર છે પરંતુ સમજદાર લોકો માટે આ વાત પણ વિચારવા લાયક છે કે "માલ અને ઔલાદને અલ્લાહ ﷻએ પોતાના કુર્આનમાં દુનિયાની રોનક ફર્માવી છે, આખેરતની નહીં."

اَلْمَالُ وَ الْبَنُوْنَ زِيْنَةُ الْحَيٰوةِ الدُّنْيَا۔۔الخ

"માલ અને બેટાઓ (ઔલાદ) દુનિયાવી જિંદગીનાં શૃંગાર છે અને બાકી રહેનારી સારી વાતો (સદ્કાર્યો) છે જેનો સવાબ તમારા રબની પાસે ઉત્તમ અને તે ઉમ્મીદમાં સૌથી ભલી." *(સૂરએ કહફ, પારા-૧૫, રુકૂઅ-૧૮)*

કુર્આને કરીમમાં માલ અને ઔલાદને ફિત્ના એટલે કે આઝમાઈશ (પરીક્ષા) પણ કહેવામાં આવેલ છે જેનો અર્થ એ છે કે તે વસ્તુઓ (માલ અને ઔલાદ) પ્રાપ્ત કર્યા પછી પણ જો ખુદા અને રસૂલનો હક્ક પણ અદા કરતો રહ્યો તો ઠીક પરંતુ જો માલ અને ઔલાદની મહોબ્બતમાં અલ્લાહ અને રસૂલને ભૂલી ગયો, હલાલ અને હરામનો ફર્ક ગુમાવી બેઠો તો આ ઘણુ જ ખરાબ છે. જો કે નેક ઔલાદ આખેરતનો પણ સામાન છે પરંતુ વર્તમાન અને આવનારા સમયમાં ઔલાદના નેક હોવાની આશાઓ ઘણી જ ઓછી થઈ ગઈ છે.

ખુદાએ તઆલાના પ્રિય બંદાઓ એટલે કે અલ્લાહવાળાઓમાંથી પણ કેટલાક લોકો એવા થઈ ગયા છે જેમને ઔલાદ ન હતી. સરકારે દો આલમ, હઝરત રસૂલે ખુદા, મુહમ્મદ મુસ્તફા ﷺની વ્હાલી બીવી સૈય્યદા આઈશા સિદ્દીકા رضی اللہ عنہاને પણ કોઈ ઔલાદ ન હતી બલ્કે હુઝૂરની અગ્યાર બીવીઓ હતી જેમાંથી આપને ઔલાદ ફક્ત બે બીવીઓથી થઈ. સહાબાએ કિરામમાં હઝરત સૈયદના બિલાલે હબ્શી رضی اللہ عنہ પણ નિઃસંતાન હતા એટલે કે એમને ઔલાદ ન હતી. *(અકમાલ-ફી-અસ્માઉર રિજાલ લિ-સાહિબિલ મિશ્કાત, પેજ-૧૮૭)*

આપણા કેટલાક ભાઈઓ અને બહેનો ઔલાદ ન હોવાને કારણે દરેક સમયે દુઃખમય રહે છે અને જિંદગીભર દવા, દારૂ અને દુઆ તા'વીઝ કરાવતા રહે છે અને લૂંટી લેવાવાળા કેટલાક ડોકટર, હકીમ અને (ખોટા રૂહાની ઈલાજ) અમલ કરવાવાળા કેટલાક કઠમુલ્લાઓ અને મિયાં ફકીરો તેમની (નિઃસંતાન લોકોની) આ કમજોરીથી ઘણો જ ગેર

ફાયદો ઉઠાવે છે, તેમની પાસે ચક્કરો લગાવે છે અને ત્યાં સુધી કે તેઓને બરબાદ કરી નાખે છે.

ડૉકટરો, હકીમો અને આમિલો (મોટા રૂહાની ઈલાજ કરવાળાવાઓ)માં આજ કાલ મક્કારો અને ધોકાબાજોનું પ્રમાણ ખૂબ જ વધી ગયેલ છે. કેટલીક ટીકા ટીપ્પણ કરનારી અને સલાહો આપનારી વૃદ્ધાઓ શાંતિથી બેસવા નથી દેતી અને નવા નવા હકીમો, ડૉકટરો અને આમિલોનાં સરનામાં બતાવવાની રહે છે. અહીંયાથી છૂટયા તો ત્યાં ફસાયા ! અને અહીંયાની નીકળ્યા તો ત્યાં પહોંચી ગયા ! આ પ્રમાણે આવા લોકોનું જીવન આ પ્રમાણે જ વેડફાઈ જાય છે.

**ભાઈઓ ! સબ્રથી વધીને કોઈ દવા નથી અને શુક્રથી વધીને કોઈ તા'વીઝ નથી.** આનાથી અમારો કહેવાનો મતલબ એ નથી કે નિઃસંતાન દવા અને તા'વીઝ ન કરે, પરંતુ અમારો હેતુ એ બતાવવાનો છે કે થોડો ઘણો ઈલાજ પણ કરાવી લો અને સારા એવા મોલ્વીઓ, આલિમો, પીરો અને ફકીરોથી તા'વીઝ પણ કરાવી લો. કામ્યાબી મળે તો ઠીક સુબ્હાનલ્લાહ, ખુદા તઆલા મુબારક ફર્માવે, અને કામ્યાબી ન મળે તો સબ્રથી કામ લો. ખુદાએ તઆલાની ઈબાદત, તેનો ઝિક્ર અને કુર્આનની તિલાવતમાં ધ્યાન પરોવે. વધારે પડતા ડૉકટરો, હકીમો અને આમિલોના ઘરે ધક્કા ન ખાય અને તેમાં જિંદગીની અમૂલ્ય ઘડીઓને ન વેડફે. છેવટે તો તે જ થવાનું છે જે ખુદાએ તઆલાની મરજી છે.

એક વધુ અગત્યની વાત એ છે કે હવે કયામતની નજીકનો જે જમાનો આવી રહ્યો છે તેમાં વધુ પ્રમાણમાં ઔલાદ નાસમજ નીકળી રહી છે અને અનુભવે એ સાબિત (ગવાહ) છે કે હવે ઔલાદની લોકોને વૃધ્ધાવસ્થામાં મા બાપને ખવડાવવાવાળા ઘણા જ ઓછા અને ન હોવા બરાબર હશે, જ્યારે મા બાપને ફોલી ફોલીને ફાડી ખાનારા વધુ પ્રમાણમાં પેદા થશે. આજે લાખોની સંખ્યામાં ઔલાદવાળા વૃધ્ધો અને વૃધ્ધાઓ ફક્ત એટલા માટે જ ભીખ માગતાં ઘૂમી રહ્યાં છે કે તેમની ઔલાદે તેમની પાસે જે કંઈ પણ હતું તે બધું તો ખલાસ કરી નાખ્યું છે અથવા પોતાના કબ્જામાં લઈ લીધું છે અને મા બાપને ભીખ માગવા માટે છોડી દીધા છે ! બલ્કે અમુક (ઔલાદ) તો મા બાપને ભીખ મંગાવીને તેમાંથી પોતે ખાઈ રહ્યા છે અને તેમના બાળકોને ખવડાવી રહ્યા છે. જાણે એમ કે હવે મા બાપ એટલા માટે નથી કે વૃધ્ધાવસ્થામાં ઔલાદની કમાણી ખાય પરંતુ હવે એટલા માટે છે કે મરતા દમ સુધી ઔલાદને ખવડાવે, પછી ભલે ને તેના માટે તેમને તેમણે ભીખ કેમ ન માગવી પડે ?

આજે કેટલાય લોકો એવા છે કે જેમની જિંદગી સુખ ચૈનની સાથે પસાર થઈ પરંતુ (પાછળથી) ઔલાદને કારણે ખરાબ દિવસો જોવા મળ્યા. કોઈકને છોકરાઓને કારણે જેલ અને પોલીસ સ્ટેશનમાં જવું પડયું અને ત્યાં પોલીસોની ધાક ધમકીઓ સાંભળવી પડી. કોઈકની જવાન છોકરીએ બેઈજ્જતી અપાવી અને પૂરા ઘરની ઈજ્જતને ધૂળમાં મેળવી નાખી અને ચાર માણસોની વચ્ચે બેસવાને લાયક ન રાખ્યું.

આનાથી અમારો કહેવાનો આશય એ નથી કે ઔલાદ તદ્દન કોઈ ખરાબ વસ્તુ છે અથવા નિઃસંતાન લોકો સંતાન પ્રાપ્તિ માટે કોઈ પ્રયાસ જ ન કરે પરંતુ વાત એ જ છે જે અમો આગળ લખી ચૂક્યા કે ખુદાએ તઆલા નેક ઔલાદ આપે તો મુબારક, તેનો શુક્ર અદા કરો, અને ન આપે તો પણ દુઃખી ન થાવ, થોડી દવા તથા તદબીર અને સબ્ર તથા શુક્રની સાથે જ કામ લો.

અને એ બતાવી દેવું પણ જરૂરી છે કે બદ્‌મઝહબ અને બદદીન અથવા ખુદા વ રસૂલ અને મા બાપની નાફરમાન, બગડેલી, ચોર, ડાકૂ, શરાબી, ઝિનાકાર (વ્યભિચારી), ઐય્યાશ અને બદ્‌માશ ઔલાદવાળા હોવા કરતાં તે લોકો ઘણા જ ભલા છે જેઓ નિઃસંતાન છે.

# હઝરત ઈમામ رحمۃ اللہ علیہ તહાવી

**નામ તથા નસબ** : નામ અહમદ, કુન્નિયત : અબૂ જઅફર, વાલિદનું નામ મુહમ્મદ છે. નસબનો સિલસિલો આ પ્રમાણે છે :–

અબૂ જઅફર અહમદ બિન મુહમ્મદ બિન સલામા બિન સલ્મા બિન અબ્દુલ મલિક બિન સલ્મા બિન સુલૈમ બિન સુલયમાન બિન જવાઝ અઝદી હજરી તહાવી મિસ્રી હનફી.

અઝદ યમનનો એક ખૂબ મોટો કબીલો છે અને હજર તેની શાખ છે. હજર નામના ત્રણ કબીલાઓ હતા. હજર બિન વહીદ, હજર ઝીઅ ઐન, હઝર અઝદ અને અઝદ નામના પણ બે કબીલા હતા. અઝદ હજરત અને અઝદ શનૂઆ. એટલા માટે તફાવત દર્શાવવા આપના નામની સાથે બંને ઝિક્ર કરીને અઝદી હજરી કહેવામાં આવે છે. આપના બાપદાદાઓ ફતહે ઈસ્લામના પછી મિસ્રમાં રહી ગયા હતા એટલા માટે આપ મિસ્રી કહેવાયા.

**વિલાદત તથા તા'લીમ** : તહા નામની વસ્તી મિસ્રમાં નીલ વાદીના કિનારે આબાદ હતી. આપની વિલાદત હિ.સ. ૨૨૯માં તે જ વસ્તીમાં થઈ એટલા માટે આપને તહાવી કહેવામાં આવે છે.

આપ ઈલ્મ શિખવા માટે મિસ્ર આવ્યા અને ત્યાં પોતાના મામા અબૂ ઈબ્રાહીમ ઈસ્માઈલ બિન યહયા મઝનીથી તા'લીમ હાસલ કરવામાં વ્યસ્ત થઈ ગયા. મઝની ઈમામ શાફઈના પ્રથમ હરોળના શાગિર્દો અને સાથીઓમાં હતા.

શરૂઆતમાં આપ ઈમામ શાફઈના મસ્લક ઉપર રહ્યા પછી હનફી ફિક્હની પયરવી કરવાવાળા થઈ ગયા હતા. તેનું કારણ એ બયાન કરવામાં આવે છે કે એક દિવસ પોતાના મામાથી પઢી રહ્યા હતા કે આપના સબકમાં આ મસ્અલો આવ્યો કે જો કોઈ સગર્ભા ઔરત મૃત્યુ પામી જાય અને તેના પેટમાં બચ્ચુ જીવંત હોય તો ઈમામ અબૂ હનીફાના મઝહબની વિરુદ્ધ ઈમામ શાફઈની નજીક ઔરતનું પેટ ચીરીને બચ્ચુ કાઢવું જાઈઝ નથી. (એટલે આપણા ઈમામે આ'ઝમની નજીક ઔરત મૃત્યુ પામી અને બચ્ચુ જીવંત હોય તો ઔરતનું પેટ ચીરીને બચ્ચુ કાઢવું જાઈઝ છે). આપ આ મસ્અલો પઢતાં જ ઉભા થઈ ગયા અને કહેવા લાગ્યા કે હું તે શખ્સની કદી પણ પયરવી નથી કરતો જે મારી જેવા માણસને હલાક થવાની કાંઈ પરવા ન કરે. કેમ કે આપ (ઈમામ તહાવી) પોતાની વાલિદાના પેટમાં જ હતા કે આપને વાલિદા ફૌત થઈ ગયાં હતાં અને આપને પેટ ચીરીને કાઢી લેવામાં આવ્યા હતા. આ હાલ જોઈને આપના મામાએ આપથી કહ્યું કે ખુદાની કસમ! તું ક્યારેય ફકીહ નહીં થઈશ ! બસ, જ્યારે ખુદાના ફઝ્લથી ફિક્હ તથા હદીષમાં બેમિષાલ અને ફાઝિલે બેમિષ્લ થયા તો મોટાભાગે કહ્યા કરતા હતા કે મારા મામા ઉપર ખુદાની રહમત નાઝિલ થાય, જો તે જીવંત હોત તો શાફઈ મઝહબના પ્રમાણે જરૂર પોતાની કસમનો કફ્ફારો અદા કરત.

ઈમામ તહાવીએ મામાની દર્સગાહના પછી મિસ્રના સૌથી મોટા ઉસ્તાદ અબૂ જઅફર અહમદ બિન અબી ઈમરાન મૂસા બિન ઈસાથી હનફી ફિક્હની તા'લીમ હાંસલ કરવાનું શરૂ કર્યું. ફિક્હે હનફી ઉપર સંપૂર્ણ મહારત હાંસલ હતી અને કેવળ બે વાસ્તાઓથી તેમનો સિલસિલો ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી મળી જાય છે. આવી રીતે ઈમામ તહાવીની

રજૂકર્તા : **સીરાજભાઈ લોખંડવાળા-ભાવનગર** *(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)*

ફિક્હની સનદ આ પ્રમાણે છે : અન અહમદ બિન અબી ઈમરાન અન મુહમ્મદ બિન સમાઅહ અન અબી યૂસુફ અન અબી હનીફા.

**આપના ઉસ્તાદો** : મિસ્ર પછી આપે મુલ્કે શામ, બયતુલ મુક્દસ, ગઝહ અને અસ્કલાનના મશાઈખથી ઈલ્મ હાંસલ કર્યો. દમિશ્કમાં અબૂ હાઝમ અબ્દુલ હમીદ દમિશ્કના કાઝીથી મુલાકાત કરી અને તેમનાથી ફિક્હ હાંસલ કર્યો. તેના પછી મિસ્ર પાછા તશરીફ લાવ્યા અને જેટલા પણ હદીષના મશાઈખ આપની હયાતીમાં મિસ્ર આવ્યા તે બધાથી ઈમામ તહાવી رحمۃ اللہ علیہએ ઈલ્મે હદીષમાં ફાયદો ઉઠાવ્યો.

**આપના અમુક ઉસ્તાદો** : સુલૈમાન બિન શુઐબ કૈસાની, અબૂ મૂસા યૂનુસ બિન અબ્દુલ અલી, હારૂન બિન સઈદ રમલી, ઈબ્રાહીમ બિન અબી દાઊદ બરલસી, અહમદ બિન કાસિમ કૂફી, અહમદ બિન દાઊદ સદૂસી, અહમદ બિન સહલ રાઝી, જઅફર ઈબ્ને સલ્મી, હસન બિન અબ્દુલ અલી સનઆની, સાલેહ બિન શુઐબ બસરી, મુહમ્મદ બિન જઅફર ફરયાબી, હારૂન બિન મુહમ્મદ અસ્કલાની, યહયા બિન ઉષ્માની સહમી.

**આપના શાગિર્દો** : આપના ઈલ્મની ખ્યાતિ દૂર દૂરના ઈલાકાઓમાં ફેલાઈ ગઈ હતી, આપ હદીષ તથા ફિક્હના સંગમ હતા જેથી આપના પ્રતિ તલબા ખેંચાઈને આવતા હતા. દૂર દૂરથી ઈલ્મના પ્યાસાઓ આવતા અને તૃપ્ત થઈને જતા. અગણિત લોકો પઢયા અને સાહિબે કમાલ થઈ ગયા થોડાંક નામ આ પ્રમાણે છે :–

અબુલ કાસિમ સુલયમાન બિન અહમદ બિન ઐયૂબ તિબ્રાની સહિબે મુઆજિમે ષલાષા, અબૂ ઉષ્માન અહમદ બિન ઈબ્રાહીમ, અહમદ બિન અબ્દુલ વારિષ ઝુજાજ, અહમદ બિન મુહમ્મદ દામગાની, અબૂ મુહમ્મદ હસન બિન કાસિમ, અબ્દુર્રહમાન બિન ઈસ્હાક જૌહરી.

**ઈલ્મી મકામ** : આપ હિફઝે હદીષની સાથે સાથે ફિક્હ તથા ઈજતેહાદમાં ખૂબ જ ઊંચા મકામ ઉપર પહોંચેલા હતા. આપની ગણના મહાન મુજતહિદોમાં થાય છે. મુલ્લા અલી કારીએ આપને ત્રીજા તબકાના મુહદ્દિષોમાં ગણાવ્યા છે. ફર્માવે છે :

તેનાથી મુરાદ તે મુજતહિદો છે જે તે મસ્અલાઓમાં ઈજતેહાદ કરતા હતા જેમાં સાહિબે મઝહબ (મસ્લકના ઈમામો)થી કોઈ રિવાયત નકલ થયેલ ન હોય. જેમ કે અબૂબક્ર ખસ્સાફ, અબૂ જઅફર તહાવી, અબુલ હસન કર્ખી, શમ્સુલ અઈમ્મા સરખસી, ફખ્રુલ ઈસ્લામ બઝદવી, ફખ્રુદ્દીન કાઝીખાં વગેરે.

આ લોકો ઈમામે આ'ઝમથી ઉસૂલ (પાયા) તથા ફુરૂઅમાં વિરોધ નથી કરતા. અલબત્ત હસબ ઉસૂલ તથા કાઈદાઓ તે મસ્લાઓનો ઈસ્તંબાત કરે છે જેમાં સાહિબે મઝહબથી કોઈ નસ (દલીલ) ન હોય.

**હક્ક ગોઈ** : ઈમામ તહાવી હક્ક ગો, નીડર અને બેબાક શખ્સિયતના માલિક હતા. કોઈ પણ પરિણામની પરવા કર્યા વગર સત્ય વાત કહેતા અને તેના ઉપર અડગ રહેતા, આપ કાઝી અબૂ ઉબૈદના નાયબ હતા પણ તેમને હમેશાં સત્ય તરીકાની નસીહત કરતા રહેતા હતા. એકવાર કાઝી સાહબથી ફર્માવ્યું, તેઓ પોતાની નીચે કામ કરવાવાળાઓનો હિસાબ કર્યા કરે. કાઝી સાહબે જવાબ આપ્યો, ઈસ્માઈલ બિન ઈસ્હાક પોતાની નીચે કામ કરવાવાળાઓનો હિસાબ લેતા ન હતા. ઈમામ તહાવીએ ફર્માવ્યું, કાઝી બકાર પોતાની નીચે કામ કરવાવાળાઓનો હિસાબ કર્યા કરતા હતા. કાઝી સાહબે ફરી ઈસ્માઈલનું ઉદાહરણ આપ્યું. ઈમામ તહાવીએ ફર્માવ્યું, હુઝૂર ﷺ પોતાની નીચે કામ કરવાવાળાઓનો હિસાબ કર્યા કરતા હતા અને તે સિલસિલામાં અલ્બત્તિયહનો કિસ્સો સંભળાવ્યો.

જ્યારે કામ કરવાવાળાઓને આ વાતને જાણ થઈ ગઈ તો તેઓ ગઝબનાક થઈ ગયા અને તેઓએ કાઝીને ઈમામ તહાવીની વિરુદ્ધ ભડકાવવાનું શરૂ કર્યું ત્યાં સુધી કે કાઝી ઈમામ તહાવીના વિરોધી થઈ ગયા. તે જ સમય દરમ્યાન કાઝીને બરતરફ કરી દેવામાં આવ્યા. જ્યારે ઈમામ તહાવીએ બરતરફનો હુકમનામુ પઢયું તો અમુક લોકો કહેવા લાગ્યા, આપને મુબારક થાય ! આપ આ સાંભળીને ખૂબ જ નારાજ થયા અને કહેવા લાગ્યા, કાઝી સાહબ જો કે એક ઈલ્મવાળા માણસ હતા, હવે હું કોની સાથે ઈલ્મી ચર્ચા કર્યા કરીશ.

**ફઝ્લ તથા કમાલ** : ઈમામ તહાવીના ફઝ્લ તથા કમાલ,ષિકાહત તથા દયાનતનો સ્વીકાર દરેક સમયના મુહદ્દિષો તથા ઈતિહાસકારોએ કર્યો.

અલ્લામા અયની ફર્માવે છે : ઈમામ તહાવીની ષિકાહત, દયાનત તેમજ ઈલ્મે હદીષમાં અજોડપણા અને હદીષના નાસિખ તથા મન્સૂખની મહારત ઉપર ઈજમાઅ થઈ ચૂક્યો છે.

અબૂ સઈદ બિન યૂનુસ તારીખે ઓલમાએ મિસ્રમાં લખે છે : આપ સાહિબે ષિકાહત અને સાહિબે ફિકહ હતા. આપના પછી આપની જેવો કોઈ નથી થયો.

હાફિઝ ઈબ્ને અબ્દુલબર્ર લખે છે : તહાવી હનફી મઝહબવાળા હોવા છતાં તમામ મઝહબના ફિકહ ઉપર નજર રાખતા હતા.

ઈબ્ને જૌઝી ફર્માવે છે : આપ ષિકહ, ષબ્ત અને ફહીમ હતા.

ઈમામ ઝહબીએ ફર્માવ્યું : આપ ફકીહ, મુહદ્દિષ, હાફિઝ, જબરદસ્ત આલિમ અને ષિકહ હતા.

ઈમામ સિયૂતિ ફર્માવે છે : ઈમામ, અલ્લામા, હાફિઝ, સાહિબે તસાનિફ ષિકહ ષબ્ત, ફકીહ છે. આપના પછી આપ જેવો કોઈ બીજો ન થયો. જ્યારે અબ્દુર્રહમાન બિન ઈસ્હાક જોહરી મિસ્રના કાઝીના હોદ્દા ઉપર નિયુક્ત થયા તો તે આપના અદબ તથા એહતેરામનો પૂરેપૂરો ખયાલ રાખતા હતા. સવારી ઉપર હમેશાં તેમના પછી સવાર થતા. જ્યારે તેમનાથી આનું કારણ પૂછવામાં આવ્યું તો કહેવા લાગ્યા, ઈમામ તહાવી મારાથી અગ્યાર વરસ મોટા છે, અને જે તેઓ મારાથી અગ્યાર કલાક પણ મોટા હોત તો પણ તેમનો એહતેરામ જરૂરી હતો, કેમ કે કાઝીનો હોદ્દો કોઈ એવી મોટી વાત નથી જેના કારણે હું ઈમામ તહાવી જેવી શખ્સિયતના મુકાબલામાં ફખ્ર કરી શકું.

**વિસાલ મુબારક** : ૯૨ વરસની ખૂબ જ મોટી ઉમર અને સુકૂનવાળી જિંદગી પસાર કર્યા પછી આપે ઝિલ કઅદાની પહેલી તારીખે હિ.સ. ૩૨૧માં વિસાલ ફર્માવ્યો. કબ્ર શરીફ કરાફામાં છે જે મિસ્રની મુકદ્દસ ઝિયારતગાહોમાંથી છે. શારેહે શાફઈય્યાથી જમણી તરફ શારેહે તહાવિય્યાની સામે એક ગુંબદની નીચે આ ઈલ્મનો સૂરજ આરામ ફર્માવી રહેલ છે. મઝાર ઉપર વિસાલની તારીખ કોતરેલી છે. અને એક ખાસ અઝમત વરસે છે.

**આપની કિતાબો** : આપની લખેલી કિતાબો ઘણા અધિક પ્રમાણમાં છે. અમુક કિતાબોમાં લગભગ ત્રીસનું લિસ્ટ મળે છે. તેમાં "મુશ્કિલુલ આષાર" અને "મઆનીયુલ આષાર" ખૂબ જ મશ્હૂર કિતાબો છે.

"શરહે મઆનીયુલ આષાર"ના બારામાં અલ્લામા ઈત્તક્કાનીએ ફખ્રથી કહ્યું હતું, જે શખ્સ તહાવીની ઈલ્મી મહારતનો અંદાજો લગાડવા ચાહતો હોય તેણે જોઈએ કે તે શરહે મઆનીયુલ આષારનું વાંચન કરે. હનફી મસ્લક તો અલગ રહ્યો કોઈ મઝહબથી પણ તે કિતાબની નઝીર (તેના જેવી) પેશ કરવામાં નથી આવી શક્તી.

તે કિતાબથી ઈમામ તહાવીનો મકસદ કેવળ હદીષોને ભેગી કરવાનો ન હતો બલ્કે તેમની સામે સાચો મકસદ હનફીઓનું સમર્થન અને એ સાબિત

કરવાનું હતું કે ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہનું મંતવ્ય કોઈપણ જગ્યાએ હદીષોની વિરુદ્ધ નથી. અને જે રિવાયતો જાહેરી રીતે ઈમામે આ'ઝમના મસ્લકની વિરુદ્ધમાં છે તે ક્યાં તો તાવીલ થયેલી છે અથવા મન્સૂખ છે.

તે કિતાબમાં ઈમામ તહાવી વિવિધ જગ્યાએ હદીષો ઉપર ફન્ની હૈસિયતથી કલામ કરે છે અને વિરોધીઓની પેશ કરેલી રિવાયતોની ફન્ને રિજાલના લેહાઝથી જરહ (પકડ) કરે છે. તેના સિવાય તેઓ અકલી લેહાઝથી પણ વિરોધીઓના દ્દષ્ટિબિંદુને કમજોર કરે છે. તે જ કારણથી કહેવામાં આવે છે કે આ કિતાબ રિવાયત અને દિરાયતની જામેઅ છે અને જે ખૂબીઓ ઉપર આ કિતાબ આધારિત છે, સિહાહ સિત્તાની બધી કિતાબો તેનાથી ખાલી છે.

**કિતાબ લખવાનું કારણ :** ઈમામ અબૂ જઅફર તહાવી આ કિતાબ લખવાનું કારણ બયાન કરતાં ફર્માવે છે, મારાથી અમુક ઈલ્મવાળા હઝરાતે ફર્માઈશ કરી કે હું એવી કિતાબ લખું જેમાં અહકામથી સંબંધિત રસૂલુલ્લાહ ﷺની તે હદીષોને ભેગી કરું જે જાહેરમાં વિરોધાભાસી છે અને કેમ કે નાસ્તિકો અને ઈસ્લામના વિરોધીઓ તે જાહેરી ટકરાવના કારણે ઈસ્લામ ઉપર ટીકા કરે છે એટલા માટે તે વિરોધાભાસી રિવાયતોમાં મુક઼ાબલો કરવાના માટે ઈસ્લામના ઓલમાની તાવીલોનો ઝિક્ર પણ કરું જે કિતાબ તથા સુન્નત, ઈજમાઅ અને મોટા મોટા સહાબાથી સમર્થિત છે, અને જે રિવાયતો મન્સૂખ થઈ ચૂકી છે તેના નસ્ખ ઉપર દલીલો પેશ કરું કે નબવી હદીષોની દરમ્યાન વિરોધાભાસ (ટકરાવ) ન રહે અને વિરોધીઓના તઅન (મેણાટોણા)થી તે રિવાયતો સુરક્ષિત થઈ જાય.

**તરીક઼ો :** તમામ હદીષોની કિતાબો લખવાવાળાઓમાં ઈમામ તહાવીનો તરીક઼ો સૌથી અલગ અને દિલચસ્પ છે. તેઓ એક બાબ (પ્રકરણ)ના નીચે પહેલાં પોતાની સનદની સાથે એક હદીષ લાવે છે. પછી ઝિક્ર કરે છે કે અમુક લોકોએ આ હદીષથી આ મસ્અલો અખઝ કર્યો (કાઢયો) છે. તેના પછી ઝિક્ર કરે છે કે હનફીઓ આ મસ્અલામાં ઈખ્તેલાફ કરે છે અને તેની દલીલ એક બીજી હદીષ છે જે તે જ હદીષના વિરુદ્ધમાં છે. પછી તે હદીષના અલગ અલગ તર્ક ઝિક્ર કરે છે, અંતમાં હનફીઓના મઝહબને મજબૂતી આપે છે. બંને હદીષોનો અલગ અલગ મહલ બયાન કરીને તઆરુઝ દૂર કરે છે અને ક્યારેક પહેલી હદીષની સનદને ઝઈફ સાબિત કરીને બીજી હદીષને અગ્રતા આપે છે અને અમુક સમયે પહેલી હદીષ મન્સૂખ હોવાનો ખુલાસો કરી દે છે. વધારેમાં તેમણે દરેક બાબ (પ્રકરણ)માં આ વાતોનો ખયાલ કર્યો છે કે હનફીઓની તાઈદ કરવા માટે અંતમાં એક અકલી દલીલ પેશ કરવામાં આવે. અને જો હનફી મસ્લક ઉપર કોઈ શંકા ઉપસ્થિત થતી હોય તો તેને પણ દૂર કરી દે છે. *(જામિઉલ અહાદીષ : મુક઼દ્દમા)*


## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

૧. **સુન્ની સિપાહી યુવાન** : ઉમર–૨૫ વરસ, ઊંચાઈ–૫.૨ ફૂટ, વજન : ૫૭ કિલો, એજ્યુકેશન–BCA,MCA,MBA Distance (conti.), જોબ–જુનિ. આસિસ્ટન્ટ PGVCL, સેલરી Rs. 21,000/- પોતાનુ ઘર તથા મેઈન બજારમાં દુકાન. સુન્ની દીની દુનિયવી સારા એજ્યુકેશન વાળી દેખાડવી, નેક, નમાઝી છોકરી પસંદગી પાત્ર. સંપર્ક નં. ૯૪૨૬૫ ૩૫૨૫૫ (ભાવનગર સાઈડ).

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલયનો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

# અમીરુલ મોમિનીન હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ

**સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

**હપ્તો : ૪**

## ★ હઝરત અલી رضی اللہ عنہની કરામતો ★

અમીરુલ મોમિનીન હઝરત સૈયદના અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم થી ઘણી બધી કરામતો પણ જાહેર થયેલી છે જેમાંથી અમુક કરામતોનું વર્ણન અત્રે રજૂ કરવામાં આવે છે.

હઝરત અબ્દુર્રહમાન અલ્લામા જામી رحمۃ اللہ علیہ લખે છે કે કૂફામાં એક દિવસે હઝરત અલી رضی اللہ عنہએ સવારની નમાઝ નમાઝ પઢયા બાદ એક શખ્સને ફર્માવ્યું કે ફલાણા સ્થળે જાવ ત્યાં એક મસ્જિદ છે જેની બાજુમાં એક મકાન આવેલું છે એમાં એક સ્ત્રી તથા એક પુરુષ આપસમાં ઝઘડતાં જોવા મળશે, તેમને મારી પાસે લઈ આવો. તે શખ્સ ત્યાં પહોંચ્યો તો જોયું કે ખરેખર તેઓ બંનેવ આપસમાં લડી રહ્યાં છે. આપના હુકમ પ્રમાણે તે બંનેવને સાથે લઈ આવ્યો. હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, આજે રાત્રે તમારા બંનેવ વચ્ચે ખૂબ લડાઈ થઈ ! નવયુવાને કહ્યું, હે અમીરુલ મોમિનીન ! મેં આ સ્ત્રી સાથે નિકાહ કર્યો પણ જ્યારે હું તેણી પાસે આવ્યો તો મને તેના ચહેરાથી ખૂબ જ નફરત થઈ ગઈ. જો મારા વશમાં હોત તો આ સ્ત્રીને હું એ જ સમયે મારી પાસેથી દૂર કરી આપત. તેણીએ મારી સાથે ઝઘડવાનું શરૂ કરી આપ્યું અને સવાર સુધી લડાઈ થતી રહી, ત્યાં સુધી કે આપનો મોકલેલો માણસ અમને બોલાવવા માટે આવી મહોંચ્યો. હાજરજનોને આપે જતા રહેવા ઈશારો કર્યો તો તેઓ ચાલ્યા ગયા. ત્યારબાદ આપે તે સ્ત્રીને પૂછયું, તમે આ યુવાનને ઓળખો છો ? તેણીએ કહ્યું, નહીં ! કેવળ એટલુ જાણુ છું કે એ કાલથી મારો પતિ થયો છે. આપે કહ્યું કે હવે તું સારી રીતે જાણી લઈશ, પણ સાચે સાચુ કહેજે, જૂઠ જરા પણ ન બોલીશ ! તેણીએ કહ્યું કે હું વાયદો કરું છું કે તદ્દન જૂઠુ બોલીશ નહીં. આપે ફર્માવ્યું, તું ફલાણાની પુત્રી ફલાણી છે ? તેણીએ કહ્યું, હા ! હુઝૂર ! હું તે જ છું. પછી આપે ફર્માવ્યું, તારા કાકાનો પુત્ર હતો જે તારા પર આશિક઼ હતો અને તું પણ એની સાથે ખૂબ જ મહોબ્બત કરતી હતી. તેણીએ એ વાતનો પણ સ્વીકાર કર્યો. પછી આપે ફર્માવ્યું કે તું એક દિવસ કોઈ જરૂરતના કારણે રાતના સમયે ઘરની બહાર નીકળી તો તેણે તને પકડીને તારી સાથે ઝિના કર્યો અને તું સગર્ભા થઈ ગઈ. આ વાતને તેં તારા પિતાથી છુપાવી રાખી. તેણીએ કહ્યું કે બેશક ! એવું જ થયું હતું. આપે ફર્માવ્યું, પણ તારી મા સઘળો બનાવ જાણતી હતી. અને જ્યારે બાળક પેદા થવાનો સમય આવ્યો તો રાત હતી. તારી મા તને ઘરની બહાર લઈ ગઈ. તને પુત્ર પેદા થયો. તેં તેને એક કપડામાં લપેટીને દીવાલની પાછળ રાખી દીધો. સંજોગોવસાત ત્યાં એક કૂતરો પહોંચી ગયો જેને તેણે સૂંઘ્યો. તેં એ કૂતરાને એક પથ્થર માર્યો જે બાળકના માથા પર વાગ્યો જેનાથી તે ઝખ્મી થઈ ગયો. તારી માએ પોતાના પહેરણમાંથી થોડુક કપડુ ફાડીને તેના માથા પર બાંધી આપ્યું. પછી તમો બંનેવ પરત ચાલી આવી અને પછી તમને એ બાળકની કોઈ ભાળ ન મળી. તે સ્ત્રીએ જવાબ આપ્યો, હા ! હુઝૂર, આવું જ થયું હતું. પણ હે અમીરુલ મોમિનીન ! આ બનાવને મારા અને મારી મા સિવાય કોઈ ત્રીજુ જાણતુ ન હતું.

હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, જ્યારે સવાર થઈ તો ફલાણો કબીલો એ છોકરાને ઉઠાવીને લઈ ગયો અને તેને ઉછેર્યો, ત્યાં સુધી કે એ યુવાન થઈ ગયો અને કૂફા શહેરમાં આવ્યો અને હવે તારી સાથે શાદી કરી લીધી. પછી આપે એ યુવાનને કહ્યું, તારુ માથુ ઉઘાડ ! તેણે પોતાનુ માથુ ખોલ્યું તો ઝખ્મની અસર જાહેર હતી. આપે ફર્માવ્યું, આ તારો પુત્ર છે ! ખુદા તઆલાએ તેને હરામ ચીજથી મેહફૂઝ રાખ્યો. ફર્માવ્યું, લે ! એને તારી સાથે લઈ જા ! તું એની પત્ની નહીં, પણ મા છે, અને આ તારો પતિ નથી પણ પુત્ર છે. *(શવાહિદુન્નબુવ્વત)*

આ બનાવથી સાફ જાહેર છે કે અલ્લાહના મહબૂબ બંદા સામાન્યજનોની જેમ નથી હોતા બલ્કે એમનામાં એવો કમાલ હોય છે કે તેઓ લોકોની સર્વ હાલતો જાણે છે. મૌલાના રૂમ رحمۃ اللہ علیہ ફર્માવે છે : (અર્થ) : અલ્લાહના મહબૂબ તમારા હાલથી રજે રજ વાકેફ છે, એટલા માટે કે એમનામાં અસ્રારે રબ્બાની (ઈલાહી રહસ્યો) ભરેલાં છે.

## ★ ફુરાતમાં તોફાન ★

કૂફાવાળાઓએ આપને અર્ઝ કરી, હે અમીરુલ મોમિનીન ! આ વર્ષે ફૂરાત નદીના પાણીની રેલને કારણે અમારી ખેતીઓ બર્બાદ થઈ રહી છે. કેટલું સારું થાત કે આપ અલ્લાહથી દુઆ કરે કે નદીનું પાણી ઉતરી જાય. આપ ઉઠીને મકાનની અંદર તશરીફ લઈ ગયા. લોકો ઘરના દરવાજા પર આપની રાહ જોઈ રહ્યા હતા. એવામાં આપ સરકાર ﷺનો જબ્બો મુબારક પહેરીને, માથા પર અમામો બાંધેલ, હાથમાં અસા મુબારક (લાકડી) લઈને બહાર તશરીફ લાવ્યા. એક ઘોડો મંગાવીને તેના પર સવાર થયા અને ફુરાતની તરફ રવાના થયા. આમ તથા ખાસ લોકોમાંથી ઘણા બધા લોકો આપની પાછળ પાછળ ચાલ્યા. જ્યારે આપ ફુરાતના કિનારે પહોંચ્યા તો ઘોડા પરથી ઉતરીને બે રકાત નમાઝ પઢી. પછી ઉઠીને અસા મુબારક હાથમાં લીધો અને ફુરાતના પુલ પર આવી ગયા. એ વખતે હસ્નૈન કરીમૈન رضی اللہ عنہما તેમની સાથે હતા. આપે અસા વડે પાણીની તરફ ઈશારો કર્યો તો પાણીની સપાટી એક હાથ ઉતરી ગઈ. આપે પૂછયું, શું આટલુ પૂરતુ છે ? લોકોએ કહ્યું કે નહીં ! આપે ફરી અસા વડે પાણીની તરફ ઈશારો કર્યો તો પાણી એક હાથ ફરી ઉતરી ગયું. આ રીતે જ્યારે ત્રણ ફૂટ પાણીની સપાટી નીચે ઉતરી ગઈ તો લોકોએ કહ્યું, હે અમીરૂલ મોમિનીન ! બસ આટલુ પૂરતુ છે. *(શવાહિદુન્નબુવ્વત)*

## ★ પાણીનું ઝરણુ ★

જ્યારે હઝરત અલી رضی اللہ عنہ જંગે સિફફીનમાં મશગૂલ હતા, એવામાં આપના સાથીઓને પાણીની સખત જરૂરત ઉભી થઈ. લોકોએ ઘણી જ દોડધૂપ કરી પણ પાણી ન મળ્યું. આપે ફર્માવ્યું, અધિક આગળ ચાલો ! થોડાક દૂર ચાલ્યા તો એક ચર્ચ દેખાયું. આપે એ ચર્ચમાં રહેનારાને પાણીના સંબંધે પૂછયું. તેણે કહ્યું, અહીંથી છ માઈલના અંતરે પાણી મૌજૂદ છે. આપના સાથીઓએ કહ્યું કે, હે અમીરૂલ મોમિનીન ! આપ અમને રજા આપો કે કદાચ અમે અમારી શક્તિ ખતમ થતા પહેલાં પાણી સુધી પહોંચી જઈએ. આપે ફર્માવ્યું, એની જરૂરત નથી. પછી પોતાની સવારીને પશ્ચિમ બાજુ વાળી અને એક બાજુ ઈશારો કરીને ફર્માવ્યું કે અહીંથી જમીન ખોદો ! હજી થોડીક જ જમીન ખોદવામાં આવી હતી એવામાં નીચે એક મોટો પથ્થર જાહેર થયો જેને હટાવવા માટે કોઈ હથિયાર કામ ન લાગ્યું. હઝરત અલી رضی اللہ عنہએ કહ્યું કે આ પથ્થર પાણી પર આવેલો છે જેથી કોઈ પણ રીતે એને હટાવો. આપના સાથીઓએ ખૂબ જ કોશિશ કરી પણ તેને પોતાની જગાએથી હલાવી ન શક્યા ! હવે શેરે ખુદાએ પોતાની બાંયો ચડાવીને આંગળીઓ તે પથ્થરની નીચે રાખીને જોર લગાડયું તો પથ્થર ખસી ગયો ! અને તેની નીચે ખૂબ જ ઠંડુ

મીઠુ અને સ્વચ્છ પાણી જોવા મળ્યું જે એટલુ સરસ હતું કે આખા સફરમાં તેમણે આવુ પાણી પીધુ. ન હતું. સૌએ ધરાઈને પીધુ અને જેટલુ ચાહ્યું ભરી લીધું. પછી આપે એ પથ્થરને ઉઠાવીને ઝરણા પર રાખી દીધો અને ફર્માવ્યું કે એના પર માટી વાળી દો. જ્યારે પાદરીએ આ જોયું તો આપની ખિદમતમાં ઉભા થઈને ખૂબ જ અદબ સાથે પૂછયું, શું આપ પયગંબર છો ?! ફર્માવ્યું, નહીં ! શું આપ મુકર્રબ ફરિશ્તા છો ? ફર્માવ્યું, નહીં ! તો પૂછયું કે પછી આપ કોણ છો ?! ફર્માવ્યું કે હું સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺનો જમાઈ છું અને તેમનો ખલીફા છું. પાદરીએ કહ્યું, હાથ લંબાવો જેથી હું આપના હાથ પર ઈસ્લામ કબૂલ કરું ! આપે હાથ લંબાવ્યો તો પાદરીએ કલ્મએ શહાદત પઢી લીધો.

આપે પાદરીને પૂછયું, શું કારણ છે કે તમો મુદ્દતથી પોતાના દીન પર કાયમ હતા અને હવે તમે ઈસ્લામ સ્વીકારી લીધો. તેણે કહ્યું, હુઝૂર ! આ ચર્ચ એના હાથ પર ફતહ થવાનું હતું જે આ પથ્થરની શીલાને ખસેડીને ઝરણુ કાઢે. અને અમારી કિતાબોમાં લખેલુ છે કે આ શીલાને ખસેડનારો પયગંબર હશે અથવા પયગંબરનો જમાઈ હશે. જ્યારે મેં જાયું કે આપે એ પથ્થરને હટાવી દીધો તો મારી મુરાદ પૂરી થઈ ગઈ અને મને જે ચીજનો ઈંતેઝાર હતો તે મળી ગઈ. જ્યારે પાદરી પાસેથી આપે આ વાત સાંભળી તો એટલું રડયા કે આપની દાઢીના વાળ ભીના થઈ ગયા. પછી ફર્માવ્યું, સર્વ તારીફ ખુદા તઆલાના માટે છે કે હું એને ત્યાં ભૂલાયેલો છોડી મૂકાયેલો નથી, બલ્કે મારુ વર્ણન એની કિતાબોમાં મૌજૂદ છે ! *(શવાહિદુન્નબુવ્વત)*

અલ્લાહ તઆલાના મહબૂબ બંદાઓને જાણ હોય છે કે જમીનમાં ક્યાં કઈ ચીજ છે, અને આ જ હકીકતમાં ઈલ્મે ગયબ છે જે સરકારે અકદસ ﷺના સદકા વ તુફૈલથી એઓને હાંસલ થાય છે.

## ★ આપની ખિલાફત ★

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની શહાદતના પછી બીજા દિવસે હઝરત તલ્હા તથા હઝરત ઝુબૈર رضی اللہ عنہماના ઉપરાંત મદીના તયબહના રહેવાળા સર્વેએ આપના હાથ પર બયઅત કરી. આપ અમીરુલ મોમિનીન બની ગયા. હઝરત તલ્હા, હઝરત ઝુબૈર અને હઝરત આઈશા સિદ્દીકા رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَએ બસરા પહોંચીને હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના કાતિલો પાસેથી કેસાસ લેવાની માગણી કરી. આપનાથી શરૂઆત થઈ અને ઘણા લોકો એ માગણીમાં સામેલ થઈ ગયા. જ્યારે હઝરત અલી رضی اللہ عنہને એ વાતની જાણ થઈ તો આપ પણ ઈરાક તશરીફ લઈ ગયા. બસરા રસ્તામાં જ આવતુ હતુ. અહીં જંગે જુમલ થઈ જેમાં હઝરત તલ્હા અને હઝરત ઝુબૈર رضی اللہ عنہما શહીદ થઈ ગયા. તેમના ઉપરાંત અન્ય બંનેવ તરફ હજારો માણસો ખપી ગયા. બસરામાં આપે પંદર દિવસ રોકાણ કર્યું અને પછી કૂફા ચાલ્યા ગયા.

આપના કૂફા પહોંચ્યા બાદ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہએ આપના સામે તણાવ ઉભો કર્યો. એમની સાથે શામી લશ્કર હતું. કૂફાથી હઝરત رضی اللہ عنہ પણ આગળ વધ્યા અને સિફફીનના સ્થળે કેટલાય દિવસો સુધી લડાઈ ચાલુ રહી. પછી એ જંગ એક કરારનામા પર ખત્મ થઈ. બંને પક્ષના લોકો પોત પોતાના ઠેકાણે પરત થઈ ગયા. હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ શામ જતા રહ્યા અને હઝરત અલી رضی اللہ عنہ કૂફા પરત ચાલ્યા આવ્યા.

જ્યારે આપ કૂફા તશરીફ લાવ્યા તો એક જમાઅત જેને "ખારજી" કહેવામાં આવે છે તે આપનો સાથ છોડીને અલગ થઈ ગઈ અને આપની ખિલાફતનો ઈન્કાર કરીને "લા હુકમ ઈલ્લલ્લાહ" (અલ્લાહ સિવાય કોઈનો હુકમ નથી)નો નારો બુલંદ કર્યો. ત્યાં સુધી કે આપની સાથે જંગ કરવાના માટે લશ્કર તૈયાર

કરી લીધું. હઝરત અલી رضی اللہ عنہએ તેમનો ખાત્મો બોલાવવા માટે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની સરદારીમાં એક લશ્કર રવાના કર્યું. બંનેવ વચ્ચે જંગ થઈ અને ખારજી હાર પામીને અમુક તો હઝરત અલી رضی اللہ عنہના લશ્કરમાં ભળી ગયા અને કેટલાક ભાગીને નહેરવાન ચાલ્યા ગયા અને ત્યાં પહોંચીને લૂટફાટ શરૂ કરી દીધી. છેવટે શેરે ખુદા رضی اللہ عنہએ ત્યાં જઈને તેમને ખતમ કર્યો.

## ★ ખારજીઓની સાઝિશ ★

ત્રણ ખારજી એટલે અબ્દુર્રહમાન બિન મુસ્લિમ, બર્ક બિન અબ્દુલ્લાહ અને અમ્ર બિન બુકેર મક્કા મોઅઝ્ઝમામાં એકત્ર થયા અને આપસમાં એ ફેંસલો કર્યો કે આપણે ત્રણેવ વ્યક્તિઓ હઝરત અલી ઈબ્ને અલી તાલિબ, મુઆવિયહ બિન અબૂ સુફ્યાન અને અમ્ર ઈબ્ને આસને કત્લ કરી દઈએ. જેથી ઈબ્ને મુલ્જિમે હઝરત અલી رضی اللہ عنہને, બર્કે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہને અને અમ્ર ઈબ્ને બુકૈરે હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہને એક જ નિશ્ચિત તારીખે કત્લ કરવાનો પ્રોગ્રામ ઘડી કાઢયો, અને આ ત્રણેવ બદબખ્ત એ શહેરોએ રવાના થઈ ગયા જ્યાં જ્યાં તેમણે પોતાને સોંપેલ શખ્સને કત્લ કરવાના હતા. તેમનામાં સૌથી પ્રથમ ઈબ્ને મુલિજમ કૂફા પહોંચ્યો. ત્યાં ખારજીઓ સાથે સંપર્ક કરીને તેમની સમક્ષ પોતાનો ઈરાદો ઈરાદો જાહેર કર્યો કે તે ૧૭ રમઝાનની રાતમાં હઝરત અલી رضی اللہ عنہને શહીદ કરી નાખશે.

ઈમામ સુદ્દી ફર્માવે છે કે ઈબ્ને મુલ્જિમ એક ખારજીયા પર આશિક થઈ ગયો હતો જેનું નામ કતામ હતું. તેણે પોતાની મહેર ત્રણ હજાર દિરહમ, એક ગુલામ, એક બાંદી તથા હઝરત અલીની કત્લ રાખી હતી. ફરઝદક શાઈરે પોતાના શેઅરોમાં એના પ્રતિ નિર્દેશ કર્યો છે : (અર્થ) "મેં કોઈ સખાવત કરનારાને આવી મહેર આપતો નથી જોયો જેવું મહેર કતામનું નિશ્ચિત થયું કે ત્રણ હજાર દિરહમ, એક ગુલામ, એક બાંદી અને હઝરત અલી رضی اللہ عنہનું કત્લ ! તો આપના કત્લથી વધીને કોઈ મહેર નથી થઈ શકતી. અને આપને ઈબ્ને મુલ્જિમે જે ધોકાથી કત્લ કર્યા તો એનાથી વધીને કોઈ કત્લ નથી થઈ શકતી"

## ★ આપની શહાદત ★

હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم એ ૧૭ રમઝાનુલ મુબારક હિ.સ. ૪૦ના રોજ વહેલી સવારે જાગૃત થઈને પોતાના મોટા સાહબઝાદા હઝરત ઈમામ હસન رضی اللہ عنہને ફર્માવ્યું, આજે રાતે ખ્વાબમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની ઝિયારત થઈ તો મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આપની ઉમ્મતે મારી સાથે વિરોધી વર્તન અપનાવ્યું, અને સખત બેચેની ઉપસ્થિત કરી આપી છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તમે જાલિમો માટે દુઆ કરો ! તો મેં આ પ્રમાણે દુઆ કરી, યા ઈલાહલ આલમીન ! તું મને એ લોકો કરતાં બેહતર લોકોમાં પહોંચાડી આપ, અને મારી જગાએ એ લોકો પર એવો શખ્સ લાગુ કરી આપ જે બુરો હોય. હજી આપ આવુ બયાન જ ફર્માવી રહ્યા હતા એવામાં ઈબ્ને નબાહ મોઅઝ્ઝિને અવાજ આપ્યો, અસ્સલાત ! અસ્સલાત ! હઝરત અલી رضی اللہ عنہ નમાઝ પઢાવવાના માટે ઘરથી ચાલ્યા. રસ્તામાં આપ લોકોને નમાઝના માટે અવાજ આપીને જગાડતા જગાડતા ચાલતા હતા. એવામાં ઈબ્ને મુલ્જિમ આપની સમક્ષ આવી ગયો અને તેણે અચાનક આપના પર તલ્વારનો ભરપૂર વાર કર્યો. તે વાર એટલો સખત હતો કે આપની પેશાની કાનપટ્ટી સુધી કપાઈ ગઈ અને તલ્વાર દિમાગ પર જઈને રોકાયી. તલ્વાર વાગતાં જ આપે ફર્માવ્યું, "રબ્બે કા'બાની કસમ ! હું કામયાબ થઈ ગયો !" આપના ઝખ્મી થતાં જ ચારેવ બાજુથી લોકો દોડી આવ્યા અને ખૂનીને પકડી લીધો.

*–(તારીખુલ ખુલફા)*

## ★ આપની વસિયત ★

હઝરત ઉક્બા બિન અબી સહબા કહે છે કે જ્યારે બદબખ્ત ઈબ્ને મુલ્જિમે આપના પર તલ્વારનો વાર કર્યો અને આપ ઝખ્મી થયા તો હઝરત ઈમામ હસન رضی اللہ عنہ રડતા રડતા આપની ખિદમતમાં આવ્યા. આપે એમને તસલ્લી આપી અને ફર્માવ્યું, બેટા ! મારી ચાર વાતોની સાથે ચાર વાતો યાદ રાખશો. હઝરત ઈમામ હસન رضی اللہ عنہએ અર્ઝ કરી, એ કઈ વાતો છે ફર્માવો : હઝરત અલી رضی اللہ عنہએ ઈર્શાદ ફર્માવ્યો, **૧.** સૌથી મોટી માલદારી બુધ્ધિની શક્તિ છે. **૨.** બેવકૂફીથી મોટી કોઈ મુફલિસી તથા તંગદસ્તી નથી. **૩.** ગર્વ તથા અભિમાન સૌથી સખત ભયંકર છે. **૪.** સૌથી મહાન કૃપાળુ વર્તાવ છે.

હઝરત ઈમામ હસન رضی اللہ عنہએ અર્ઝ કરી કે બીજી ચાર વાતો પણ વર્ણવી આપશો. આપે ફર્માવ્યું, **૧.** બેવકૂફની મહોબ્બતથી બચો. એટલા માટે કે લાભ પહોંચાડવાનો ઈરાદો કરે છે પરંતુ નુકસાન પહોંચાડે છે. **૨.** જૂઠાથી પરહેઝ કરો, એટલા માટે કે તે દૂરને નજીક અને નજીકને દૂર કરી આપે છે. **૩.** બખીલથી દૂર રહો, એટલા માટે કે તે તમારાથી એ ચીજોને છોડાવી મૂકશે જેની તમને જરૂરત છે. **૪.** ફાજિર (ખુલ્લા ગુનેહગાર)થી બચીને રહો, એટલા માટે કે તે તમને થોડીક સરખી ચીજના માટે વેચી મારશે. *(તારીખુલ ખુલફા)*

હઝરત અલી رضی اللہ عنہ સખ્ત ઝખ્મી હોવા છતાં જુમ્આ તથા શનિવાર સુધી જીવંત રહ્યા, પરંતુ રવિવારે રાત્રે આપની રૂહ બારગાહે અક્દસમાં પરવાઝ કરી ગઈ. અને એ પણ રિવાયત છે કે ૧૯, રમઝાન જુમ્આની રાતે આપ ઝખ્મી થયા અને ૨૧ રમઝાન રવિવારે હિ.સ. ૪૦માં આપની વફાત થઈ. اِنَّا لِلّٰهِ وَ اِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ.

ચાર વરસ આઠ મહિના નવ દિવસ સુધી આપે ખિલાફતનાં કામો અંજામ આપ્યાં અને ત્રેસઠ વરસની વયે આપનો વિસાલ થયો. હઝરત ઈમામ હસન, હઝરત ઈમામ હુસૈન તથા અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ આપને ગુસલ આપ્યું અને આપની નમાઝે જનાઝા હઝરત ઈમામ હસન رضی اللہ عنہએ પઢાવી. આપની દફનવિધિથી પરવાર્યા બાદ અમીરુલ મોમિનીનના ક઼ાતિલ અબ્દુર્રહમાન ઈબ્ને મુલ્જિમને હઝરત ઈમામ હસન رضی اللہ عنہએ ક઼ત્લ કરી નાખ્યો, પછી તેના હાથ પગ કાપીને એક ટોપલીમાં રાખી દીધો અને એમાં આગ લગાડી આપી જેનાથી તેની લાશ સળગીને રાખ થઈ ગઈ.

## ★ આપનો મઝાર ★

હઝરત અલી رضی اللہ عنہને રાતના સમયે દફન કરવામાં આવ્યા અને એક મસ્લેહતને કારણે આપનો મઝાર લોકો સમક્ષ જાહેર કરવામાં ન આવ્યો, એટલા માટે એ ક્યાં છે એના સંબંધે લોકોમાં મતભેદ છે. અબૂ બકર ઈબ્ને અયાશ કહે છે કે આપની ક઼બ્ર શરીફને એટલા માટે જાહેર કરવામાં આવી ન હતી કે ખારજી બદબખ્તો ક્યાંક તેની પણ બેહુર્મતી ન કરે. શરીક કહે છે કે આપના ફરઝંદ હઝરત ઈમામ હસન رضی اللہ عنہએ આપના શરીર મુબારકને કેપિટલ કૂફાથી મદીના તયબહની તરફ તબદીલ કરી નાખ્યુ હતું. મુબરદે મુહમ્મદ બિન હબીબના હવાલાથી લખ્યું છે કે એક ક઼બરથી બીજી ક઼બરમાં તબદીલ કરવામાં આવનાર પ્રથમ લાશ હઝરત અલી رضی اللہ عنہની હતી. અને ઈબ્ને અસાકિર, સઈદ બિન અબ્દુલ અઝીઝથી રિવાયત કરે છે કે જ્યારે હઝરત અલી کرم اللہ وجہہ الکریم શહીદ થઈ ગયા તો આપના શરીર મુબારકને મદીના મુનવ્વરા લઈ જવા લાગ્યા જેથી ત્યાં રસૂલે કરીમ ﷺની નજીકમાં દફન કરે. લાશ એક ઊંટ પર રાખેલ હતી. રાતનો સમય હતો તે ઊંટ રસ્તામાં કોઈક બાજુ નાસી છૂટયું અને એની ભાળ ન મળી. એટલા માટે ઈરાકવાળાઓ કહે છે કે આપ વાદળોમાં વસેલા છે. અમુક લોકો કહે છે કે તલાશ તથા

શોધખોળને અંતે ઊંટ તયની ભૂમીમાં મળી ગયું અને આપના શરીર મુબારકને તે ભૂમીમાં દફન કરી દેવામાં આવ્યું. *(તારીખુલ ખુલફા, પેજ–૧૨૦)*

## ★ આપની પત્નીઓ તથા ઔલાદ ★

હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہاની વફાતના પછી હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ વિવિધ સમયોમાં આઠ સ્ત્રીઓથી નિકાહ કર્યા. આ રીતે આપની કુલ નવ પત્નીઓ થઈ, જેમનાથી પંદર પુત્રો અને સત્તર પુત્રીઓ પેદા થઈ. તે સૌનાં મુબારક નામો આ પ્રમાણે છે :

**પત્નીઓ :** ૧. સૈયદા ફાતિમા ૨. ખૌલા ૩. લયલા ૪. ઉમ્મુલ બુનૈન ૫. ઉમ્મે વલદ ૬. અસ્મા ૭. ઉમ્મે હબીબ ૮. અમામા ૯. ઉમ્મે સઅદ

**પુત્રો :** ૧. હસન ૨. હુસૈન ૩. મોહસિન ૪. મુહમ્મદ અકબર (મુહમ્મદ બિન હુનૈફ) ૫. અબ્દુલ્લાહ અકબર ૬. અબૂબકર ૭. અબ્બાસ અકબર ૮. ઉષ્માન ૯. જઅફર ૧૦. અબ્દુલ્લાહ અસ્ગર ૧૧. મુહમ્મદ અવસત ૧૨. યહયા ૧૩. ઔન ૧૪. ઉમર અકબર ૧૫. મુહમ્મદ અસગર رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ

**પુત્રીઓ :** ૧. ઉમ્મે કુલ્ષૂમ ૨. ઝયનબ કુબરા ૩. રુકૈયા ૪. ઉમ્મુલ હસન ૫. રમલતુલ કુબરા ૬. ઉમ્મે હાની ૭. મૈમૂના ૮. રમલતુલ સુગરા ૯. ઉમ્મે કુલ્ષૂમ સુગરા ૧૦. ફાતિમા ૧૧. અમામા, ૧૨. ખદીજા ૧૩. ઉમ્મુલ ખૈર ૧૪. ઉમ્મે સલમા ૧૫. ઉમ્મે જઅફર ૧૬. જુમાના ૧૮. તક઼િય્યહ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ

## ★ આપના સોનેરી કથનો ★

આપના ઘણા કથનો છે જે સોનાના પાણી વડે લખવા પાત્ર છે. એમનામાંથી અમુક અત્રે રજૂ કરવામાં આવે છે :

૧. ઈલ્મ માલથી બેહતર છે. ઈલ્મ તારી રક્ષા કરે છે અને તું માલની. ઈલ્મ હાકિ઼મ છે અને માલ મહકૂમ. માલ ખર્ચવાથી ઘટે છે અને ઈલ્મ ખર્ચ કરવાથી વધે છે.

૨. આલિમ તે જ શખ્સ છે જે ઈલ્મ પર અમલ પણ કરે અને પોતાના અમલને ઈલ્મના પ્રમાણે બનાવે.

૩. હલાલની ખ્વાહિશ એ જ શખ્સની અંદર પેદા થાય છે જે હરામની કમાઈ છોડવાની સંપૂર્ણ કોશિશ કરે છે.

૪. તક઼દીર ઘણો જ ઊંડો સમુદ્ર છે એમાં ડૂબકી ન મારો.

૫. ખુશ અખ્લાક઼ી (સદ્‌વર્તન) બેહતરીન દોસ્ત છે અને અદબ (શિસ્ત) શ્રેષ્ઠ વારસો છે.

૬. જાહિલોની દોસ્તીથી બચો કે કેટલાયે બુધ્ધિશાળીઓને તેમણે તબાહ કરી નાખ્યા છે

૭. પોતાનું રાઝ કોઈના પર જાહેર ન કરો કે દરેક શુભેચ્છકના માટે કોઈ શુભેચ્છક હોય છે.

## ★ ભરૂચમાં તર્બિયતી ઈજતેમા યોજાયો ★

**ભરૂચ :** (નેશનલ પાર્ક પાસે–બાયપાસ, જંબુસર રોડની બાજુમાં) ખાતે તા. ૧૫–૦૨–૨૦૧૫ રવિવારે અસરબાદથી રાત્રે ૧૧.૦૦ કલાક સુધી "સુન્ની દા'વતે ઈસ્લામી"નો તર્બિયતી ઈજતેમા યોજાયો જેમાં મુબલ્લિગોએ વિવિધ મસાઈલની સાથોસાથ મૈયતને ગુસલ તથા કફન દફનનો તરીક઼ો શીખવાડયો હતો. રાત્રે ઈશા બાદ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી સાહબે ગ઼ૌષ પાક رضی اللہ عنہની શાનમાં ઈમાન અફરોઝ બયાન સાથે યુવાનો તથા ઔરતોની ઈસ્લાહ કરતું હૃદયદ્રાવક બયાન કર્યું હતું. સ્થાનિક નવયુવાનોની મહેનત દાદને પાત્ર હતી. અલ્લાહ તબારક વ તઆલા દરેક સાથ આપનાર અને હાજરી આપનારાઓને જઝાએ ખૈર અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# ઉગ્રવાદી મુલ્લાઓ થકી બુરા હેતુઓ માટે હદીષોનો દુરૂપયોગ !

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

*અફસોસ કે આજે નવા નીકળેલા બદ્અક઼ીદા બદ્મઝહબ ફિર્ક઼ાવાળાઓ ખારજી, વહાબી, દેવબંદી, શીઆ.... વગેરેના હાથોમાં કેટલાક મુસ્લિમ દેશોમાં સત્તા હાથ લાગી ચૂકી છે, એમના હાથોમાં હથિયારો આવી ચૂક્યાં છે જેના બળે ઈસ્લામનું નામ આગળ ધરીને ક્રૂરતાપણુ વાપરીને બોમ્બ ધડાકાઓ થકી ગોળીબારોના હુમ્લા થકી નિર્દોષ પ્રજાના લોહીની નદીઓ તેઓ વહાવી રહ્યા છે. તે ચાહે સીરીયા–ઈરાકમાંના ISILવાળા* **જેઓ ખારજી વહાબી પંથી છે તેમને અખ્બારવાળા કટ્ટર સુન્ની પંથી લખે છે જે ગલત છે,** *તેઓ હોય કે પાકિસ્તાન, અફઘાનિસ્તાનના તાલિબાન હોય, પણ તેમનાં જુલ્મી કરતૂતોથી વિશ્વભરની ક઼ૌમોમાં ઈસ્લામની વગોવણી થઈ રહી છે. જેના સામનારૂપે અત્રે આ લેખ રજૂ કર્યો છે કે આ ત્રાસવાદી બળો જે જુલ્મોને જાઈઝ ઠરાવીને નિર્દોષ નાગરીકો, સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધોની ક઼ત્લેઆમ કરી રહ્યા છે તેને ઈસ્લામ સાથે કોઈ સંબંધ નથી. બલ્કે ઈસ્લામની તા'લીમ વિરુદ્ધ તેઓ ઉગ્રવાદ કરી રહ્યા છે. ઈસ્લામના અમ્નો સલામતીના અધિક ક઼ાનૂનો જાણવા* **દયાદરાથી** *કિતાબ* **''ઈસ્લામ અને વિશ્વશાંતિ''** *અમારો સંપર્ક કરીને મંગાવો. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

અફસોસ અને આશ્ચર્યની વાત છે કે આજે આતંકવાદી કટ્ટરવાદી વહાબી સલ્ફી સંગઠનોથી સંકળાએલા મોલ્વીઓ, રસૂલુલ્લાહ ﷺના અમુક કથનો તથા અમલો અને હદીષોનો ઉઘાડી રીતે દુરૂપયોગ કરીને વિશ્વ સ્તરે ઈસ્લામ વિરુદ્ધ શંકાઓ પેદા કરી રહ્યા છે, ધર્મ આધારિત નફરત ફેલાવી રહ્યા છે, મુસ્લિમ દેશોમાં અફરાતફરી મચાવી રહ્યા છે, આતંક ફેલાવી રહ્યા છે, સ્ત્રીઓ તથા બાળકો સહિત બેગુનાહ મુસ્લિમ તથા ગૈર મુસ્લિમોની ક઼ત્લેઆમને જાઈઝ પણ ઠરાવી રહ્યા છે. આ સિવાય ઘણા બધા અમાનવીય કુકર્મો આચરી રહ્યા છે.

તેમની રજૂ કરેલ મનઘડત હદીષો અથવા સહીહ હદીષોની ખોટી સમજૂતીનો સંબંધ કેવળ તેમની કિતાબો સુધી જ હોત તો આપણે તેમની કટ્ટરવાદી ઘાલમેલને ઈલ્મી ખયાનત સમજી અફસોસ વ્યક્ત કરી લેત અને બસ, પરંતુ તાલિબાન, દાઈશ અને અલક઼ાઈદા જેવા અર્વાચીન ખારજીઓના આતંકી જુલ્મોને યોગ્ય ઠરાવવા માટે કરવામાં આવતી તેમની આ ઈલ્મી શરારત એક મુસલમાન હોવાના સંબંધે ઈસ્લામના આ દુશ્મનોની ઈલ્મી પકડ કરવા અમને બેચૈન કરી મૂકે છે કે આપણે મુસલમાન હોવાના નાતે આ દાના દુશ્મનોની પકડ કરીએ.

સુદાનના એક કટ્ટર સલ્ફી આલિમ મુહમ્મદ અલ્જઝૂલીએ જુમ્આના ખુત્બામાં એક ભડકાઉ બયાન આપતાં કહ્યું કે, ''ઈસ્લામમાં લડનારાઓ અને સામાન્ય નાગરીકોમાં કોઈ તફાવત નથી જેથી હથિયારબંધ હુમ્લાઓમાં કાફિર ઔરતો અને બાળકોને નુકસાન પહોંચાડવું જાઈઝ છે અને ત્યાં સુધી કે તેમને હલાક઼ કરવા પણ જાઈઝ છે.'' (www.theblaze.com)

આશ્ચર્યની વાત તો એ છે કે તેના આ ઉશ્કેરણીજનક બયાનની સમાપ્તિ પર હાજરજનોએ ઊંચા અવાજે "અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !"ના ના'રા લગાડયા.

આ દુઃખદાયક બનાવ પરથી અનુમાન લગાડી શકાય છે કે વધતા જતા કટ્ટરવાદને રોકવા માટે શાંતિપ્રિય મુસલમાનો અને વિશેષ રીતે ઉલ્માએ અહલે સુન્નતના પ્રયાસોને મુટ્ઠીભર કટ્ટરવાદી મુલ્લા મોલ્વી કઈ રીતે વેરવિખેર કરી રહ્યા છે. આ લોકો ધાર્મિક કટ્ટરવાદ અને આંતકવાદને ફેલાવવા માટે વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે. અન્ય કટ્ટરવાદી મુલ્લાઓની જેમ જઝૂલીએ પણ ન કેવળ ઈસ્લામી તા'લીમાતથી વિરુદ્ધ પોતાના ફાસિદ વિચારોને ફેલાવ્યા બલ્કે હદીષનું ગલત અર્થઘટન કરી વિશ્વ મિડિયામાં રસૂલુલ્લાહ ﷺની અમ્નો શાંતિની મુબારક છબીને ધબ્બો લગાડવાની કોશિશ કરી. એક નાપાક હેતુ માટે એક હદીષ વર્ણન કરી.

હદીષના શબ્દો આ હતા : (ભાવાર્થ) : "હઝરત સઅબ બિન જુષામા رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ ﷺથી છાપો મારવામાં મુશ્રિકોના બાળકો અને ઔરતો વિશે પૂછવામાં આવ્યું. જે માર્યા જાય છે, તેમનો શું હુકમ છે ? તો આપ ﷺએ ફર્માવ્યું, તેઓ પણ એમનામાંથી જ છે."

આ હદીષને ઘણા જ ખોટા સંદર્ભમાં અને બદ્ઈરાદાપૂર્વક રજૂ કરી આ સલ્ફી વહાબી આલિમે ઉમેર્યું, "જ્યારે મને આ હદીષ વિશે જાણ થઈ તો અપાર ખુશી થઈ ! ઈબ્ને જુષામાએ નબી ﷺથી કહ્યું કે જ્યારે મુસલમાન રાતના સમયે મુશ્રિકો પર હુમ્લો કરશે તો એનાથી ઔરતો અને બાળકોને પણ નુકસાન થશે. તેના પર મુહમ્મદ ﷺએ જવાબ આપ્યો કે, તેઓ એમનામાંથી જ છે ! આ કેવળ કોઈનું મંતવ્ય નથી બલ્કે રસૂલુલ્લાહ ﷺનું કથન છે. માટે ગૈર મુસ્લિમોની ઔરતો અને બાળકોની ક઼ત્લ કરવી જાઈઝ છે."

**★ કહેવાતા જેહાદીઓ થકી કરવામાં આવતા હદીષોના અર્થઘટનની ભયાનક્તા ! ★**

અલ્જઝૂલી દ્વારા હદીષની ખોટી સમજૂતીની નાપાક કોશિશથી બે ચિંતાજનક હક઼ીક઼તો સામે આવે છે. પ્રથમ : વિદેશની મસ્જિદોમાં ઉશ્કેરણીજનક બયાનોનો ખતરો ઝડપથી વધી રહ્યો છે એટલા માટે મસ્જિદોની કમિટીઓ શાંતિપ્રિય અને સહી અક઼ીદા તથા સુવિચારવાળા ઈમામો રાખવાની પ્રતિ પોતાની જવાબદારીને નિભાવવામાં નિષ્ફળ રહી છે. પ્રતિ દિન મોટી સંખ્યામાં મુસલમાનો પાંચ વખતની નમાઝ માટે મસ્જિદોમાં જાય છે પરંતુ કટ્ટરવાદી વહાબી ઈમામો આનો લાભ લઈ ઈસ્લામના નામ પર તેમને મુસલમાનો તથા ગૈર મુસ્લિમોને નુકસાન પહોંચાડવાની તા'લીમ આપે છે.

એક માત્ર અલ્જઝૂલી જ નહીં સર્વ કટ્ટરવાદી વહાબી મુલ્લાઓની આ જ હાલત છે. જેમ કે એક પાકિસ્તાની ફૌજી ઓફિસર અને એક તાલિબાની મોલ્વી વચ્ચે બહષ દરમિયાન તાલિબાની મોલ્વીએ દેવબંદી વિચારશૈલીના બે આગેવાનો હિંદુસ્તાનના મૌલાના હુસૈન અહમદ મદની અને પાકિસ્તાનના મુફ્તી નિઝામુદ્દીન શામ્ઝીના ફત્વાઓનો હવાલો આપી શીઆ તથા સુન્ની મુસલમાનો અને પાકિસ્તાની ફૌજીઓના ક઼ત્લને જાઈઝ ઠરાવ્યું અને કુર્આન હદીષનું અર્થઘટન કરી ખોટા હવાલા રજૂ કર્યા. જ્યારે પાકિસ્તાની ઓફિસરે તેને પૂછયું કે તમે લોકો પાકિસ્તાનના શાંતિપ્રિય મુસલમાનોને ક઼ત્લ કરવા પાછળ કેમ પડયા છો ?! તેના જવાબમાં તાલિબાની વહાબી મુલ્લાએ કહ્યું કે, "જે વ્યક્તિ ધાર્મિક બાબતોમાં અમારાથી મતભેદ રાખે છે તેને ક઼ત્લ કરવું અમારી ફર્ઝ છે."

પાકિસ્તાની ફૌજી ઓફિસર અને તાલિબાની મોલ્વી વચ્ચે થએલી આ ચર્ચા પર નજર કરી જોઈએ કે કઈ રીતે કટ્ટરવાદી મુલ્લાઓ બેકસૂર મુસલમાનો

અને ગૈર મુસ્લિમોને કત્લ કરવા તથા કરાવવા માટે કુર્આન અને હદીષનો દુરૂપયોગ કરે છે. દર્દમંદ અને સમજદાર લોકો સમક્ષ આ ચર્ચાના અમુક મુદ્દાઓ અત્રે રજૂ કરવામાં આવે છે જેથી એ હકીકત સામે આવી જશે કે અર્વાચીન ખારજીઓ અને કટ્ટરવહાબી સંગઠનો કઈ રીતે ઈસ્લામની મહાનતા અને માનવતાની સુરક્ષા માટે કેટલો મોટો ખતરો છે !

**★ પાકિસ્તાની ફૌજી ઓફિસર અને તાલિબાની મૌલ્વી દરમિયાન થયેલ ચર્ચા ★**

**ઓફિસર** : મને એ જણાવો કે અફઘાનિસ્તાનમાં તમે અગ્યાર વરસ જંગ કરી યહૂદીઓ અને ઈસાઈઓના પૈસાથી તમે કાફિરોથી પૈસા લો તો એ જાઈઝ થઈ જાય છે અને અન્ય કોઈ લે તો તે ગુનો કરનાર અને તેને કત્લ કરવું વાજિબ થઈ જાય છે.

**તાલિબાની મૌલ્વી** : કાફિરોથી સહાય લેવાનો મસ્અલો છે તે એક મતભેદવાળો મસ્અલો છે. કાફિરના વિરુદ્ધ કાફિરથી મદદ લેવાનો અલગ મસ્અલો છે. પરંતુ કાફિરથી મદદ લઈ મુસલમાનોને કત્લ કરવાનો મસ્અલો બિલ્કુલ સહમત છે. જે કોઈપણ કાફિરથી મદદ લઈને મુસલમાનોને કત્લ કરે તે મુર્તદ થઈ જાય છે. શૈખુલ ઈસ્લામ મુહમ્મદ હુસૈન અહમદ મદનીનો ફત્વો આ બાબતે મૌજૂદ છે અને તેમનાથી પહેલાં જે ઉલ્મા થયા છે જેમ કે મુફતી નિઝામુદ્દીન શામ્ઝી જેમને તમે લોકોએ શહીદ કર્યા છે તેમનો ફત્વો પણ મૌજૂદ છે. અને લાલ મસ્જિદવાળાઓનો ફત્વો પણ આ વિશે મૌજૂદ છે. જો ઉલ્માના ફત્વા તમારા માટે પૂરતા ન હોય તો બીજી કોઈ વસ્તુ અમે રજૂ નથી કરી શક્તા.

**ઓફિસર** : સારુ ! તો જે ઉલ્મા તમારા હક્કમાં ફત્વા આપે તો તે બિલ્કુલ સાચા છે, પરંતુ મૌલાના હસન જાન જેવા જે ઉલ્મા તમારા વિરુદ્ધ ફત્વા આપે તો તમે એમને કત્લ કરી નાખો છો. મૌલાના સરફરાઝ નઈમી લાહોરવાળા (સુન્ની આલિમે દીન)ને તમે કત્લ કરી દીધા કારણ કે તેમણે તમારા વિરુદ્ધ ફત્વો આપ્યો. આ તો ઠીક છે પણ તમારા વિરુદ્ધ ઈમામે કા'બાનો પણ ફત્વો છે. હવે જો તમે ઈમામે કા'બાને પણ માનવાનો ઈન્કાર કર્યો તો પછી અમે કેવળ દુઆ જ કરી શકીએ છીએ કે અલ્લાહ તમારી આંખો ખોલે.

ઈમામે કા'બાએ ફત્વો આપ્યો છે કે આત્મઘાતી હુમ્લા ઈસ્લામમાં સખત મના છે. હવે તમે ઈમામે કા'બાને પણ નહીં માનો ?!

**તાલિબાની મૌલ્વી** : બિલકુલ ! અમે ઈમામે કા'બાને ગુમરાહ સમજીએ છીએ, અમે તેને "દરબારી મુલ્લા" સમજીએ છીએ, તેને તાગૂત (શયતાન)નો ગુલામ સમજીએ છીએ. જે લોકોના તમે નામ લીધાં છે જેમ કે સરફરાઝ નઈમી, ખબર નહીં કે કેવો નઈમી હતો, અમે એ સૌના કત્લની જવાબદારી સ્વીકારીએ છીએ. અને આ જ રીતે ભવિષ્યમાં આવા જેટલા લોકો થશે, ઈન્શાઅલ્લાહ ! અમે તેમને પણ કત્લ કરતા રહીશું. ચાહો તો સમજો, ચાહો તો ન સમજો ! ન સમજવાવાળાઓ માટે અલ્હમ્દુલિલ્લાહ ! અમે વ્યવસ્થા કરી રાખી છે. જો અલ્લાહનું કુર્આન અને અલ્લાહના રસૂલની હદીષો તમારા માટે પૂરતી નથી તો તેની વ્યવસ્થા અમે કરી રાખી છે. અલ્હમ્દુલિલ્લાહ !

**ઓફિસર** : સારું ! તો તમે એ કહી રહ્યા છો કે જે લોકો પણ તમારાથી મતભેદ રાખશે તો તમે તેમને કત્લ કરી દેશો. જ્યારે કે રસૂલુલ્લાહ ﷺ ની હદીષ છે કે બીજાઓના જૂઠા ખુદાઓને પણ બુરાભલા ન કહો, ક્યાંક એવું ન થાય કે તેઓ તમારા સાચા ખુદાને બુરુંભલે કહે.

(નોંધ : આ હદીષ નથી બલ્કે કુર્આનની આયત છે : (ولا تسبوا الذين من دون الله فيسبوا الله عدوا بغير علم-

આ પ્રથમ હદીષ હતી, બીજી હદીષ આ છે કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત ખાલિદ બિન વલીદને

એક કબીલ તરફ (દીનની) દા'વત આપવા માટે મોકલ્યા, તો તે (કબીલાવાળા) સ્પષ્ટ રીતે ન કહી શકયા કે અમે ઈસ્લામ કબૂલ કર્યો છે, જેથી ગલતફહમીમાં હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہએ તેમને કત્લ કરવાનું શરૂ કર્યું. હુઝૂરે પાક ﷺ સુધી આ ખબર પહોંચી કે ખાલિદે એ લોકોને એટલા માટે કત્લ કરી દીધા કારણ કે તેઓ કલ્મો ન પઢી રહ્યા હતા, તો હુઝૂરે પાક ﷺ ખુલ્લા આકાશ નીચે આવ્યા અને પોતાના બંને હાથોને આસ્માન તરફ ઉઠાવી આ દુઆ ફર્માવી, "હે અલ્લાહ ! હું (મુહમ્મદ ﷺ) આ અમલથી અલગ છું, આ મારો અમલ નથી. આ ખાલિદનો અંગત અમલ છે અને મારી તેમાં કોઈ દખલ નથી. મેં એવો કોઈ હુકમ નથી આપ્યો કે કોઈ કલ્મો ન પઢે તો તેને કત્લ કરી દો." પછી આપે એક બીજા સહાબીને મોકલીને જેને કત્લ કરી નાખવામાં આવ્યો હતો તેનું દિયત (ખૂનના બદલે માલ) અદા કર્યું.

આ હદીષથી સ્પષ્ટ થાય છે કે કોઈ કલ્મો ન પણ પઢે તો પણ તેને કત્લ કરવું જાઈઝ નથી. તમે લોકો તો તેમને કત્લ કરો છો જેઓ કલ્મો પઢી પઢીને તમને બતાવે છે કે અમે મુસલમાન છીએ. હું તો કહીશ કે તમે લોકો ગુમરાહીની સૌથી ગંદી જગ્યાએ બેઠા છો !

**તાલિબાની મોલ્વી** : જે દલીલો તમે હમણા મારા સમક્ષ રજૂ કરી રહ્યા છો તે કાફિરો માટે છે. ખાલિદ બિન વલીદ رضی اللہ عنہનો જે વાકયો તમે મને બતાવી રહ્યા છો એમાં તો એ જ દલીલ છે કે તેઓ જાણતા જ ન હતા કે ઈસ્લામ માટે તેઓએ કયો કલ્મો પઢવો જોઈએ જયારે કે તમારા લોકોની આખી જિંદગી મુસલમાનો દરમિયાન પસાર થઈ છે, આખી જિંદગી તમે મુસલમાનોને એ ધોકો આપતા રહ્યા છે કે તમે મુસલમાનો છો. તમે લોકો તો સારી રીતે જાણો છો કે આ બધી વાતોને શરીઅતને જાણવા છતાં શરીઅતની મઝાક ઉડાડી રહ્યા છો ! તો કઈ રીતે ખાલિદ બિન વલીદના વાકયાને દલીલરૂપે રજૂ કરો છો ?! આ તો એ લોકો હતા જે **અસ્લમ્ના**ને બદલે **સબાના** કહેતા હતા. તે તો એટલા માટે કહેતા હતા કે તેઓ તો સમજતા જ ન હતા, પરંતુ તમો તો આ વાતોને સમજો છો. કલ્મો પઢો છો તો કલ્મા પર અમલ પણ કરવો જોઈએ. રહી એ વાત કે, **ولا تسبوا الذين من دون الله فيسبوا الله عدوا بغير علم۔** બીજાઓના જૂઠા ખુદાઓ, બુરુભલુ ન કહો....(છેવટે સુધી) અહીંયાં આ વાત એટલા માટે કહેવામાં આવી રહી છે કે તે લોકો તમારા અલ્લાહની દુશ્મનીમાં ગાળો ભાંડશે, પરંતુ તમે તો એ મુશ્રિકોમાંથી નથી કે અલ્લાહની દુશ્મનીમાં ગાળો દેશો. તમને તો એ બધાની ખબર છે. તમે કેમ આ અસલી કાફિરોની દલીલોને પોતાના પર ફિટ કરતા જાવ છો ?! આ તો તમારી પોતાની ભૂલ છે કે તમે પોતાને અસ્લી કાફિર સમજવા લાગ્યા છો અમે તો એ કહીએ છીએ કે તમે મુસલમાનની ઔલાદ છો, મુસલમાનોના ઘરોમાં જન્મ્યા છો, પરંતુ તમે પોતાના અમલોના કારણે મુર્તદ થઈ ગયા છો. બસ અમારી દરખ્વાસ્ત એ જ છે કે હવે તમે અમને ગુમરાહ કહો અથવા કાંઈપણ કહો, અમને એ વાતોની કોઈ પરવાએ નથી.

**ઓફિસર** : હું તો કલ્મો પઢી રહ્યો છું (لَااِلٰهَ اِلَّااللّٰهُ مُحَمَّدٌرَّسُوْلُ اللّٰهِ ﷺ۔) જે વ્યક્તિ કલ્મો પઢે અને તેને દિલથી ન માને તેને કાફિર નહીં મુનાફિક કહેવામાં આવે છે. આ વાત તો તમે પણ સારી રીતે ખબર જાણો છો. તમે એકબીજાને ગુમરાહ કરવાની કોશિશ ન કરો. તેને મુનાફિક કહે છે, મુર્તદ નહીં. મુર્તદ એને કહે છે જે કલ્મો પઢયા પછી એ કહે કે મારું અલ્લાહ પર ઈમાન નથી. અથવા મારું રસૂલ પર ઈમાન નથી. જે કલ્મો પઢી તેના પર અમલ ન કરે તેને મુનાફિક કહે છે, મુર્તદ નહીં. અમે ફરી એકવાર કલ્મો પઢીએ છીએ. (لَااِلٰهَ اِلَّااللّٰهُ مُحَمَّدٌرَّسُوْلُ اللّٰهِ ﷺ۔) હવે તમે મને એ જણાવો નબીએ કરીમ ﷺ પોતાની પૂરી

જિંદગીમાં કોઈ એક વ્યક્તિને પણ એ કહી કત્લ કર્યો હોય કે આ મુનાફિક છે ?

તમારા જે મોટા નેતાઓ છે તે છાતી ઠોકીને કહે છે કે તેહરીકે તાલિબાન લાહોરમાં સ્કૂલના બાળકો પર હુમ્લાની જવાબદારી સ્વીકારે છે. તમે લોકો આ શો તમાશો કરો છો ?!

**તાલિબાની મુલ્લા** : સામ્રાની ધમાકાની જવાબદારી અલ્હમ્દુલિલ્લાહ ! અમે સ્વીકારીએ છે, એટલા માટે કે તે ફૌજીઓની સ્કૂલ છે અને જો એમાં બાળકો માર્યા ગયા તો જાહેર છે કે મોટા લોકોને મારતી વેળા બાળકો પણ મૃત્યુ પામે છે. હું પહેલાં ઉસૂલે ફિકહનો કાયદો બતાવી ચૂક્યો છું. લક્ષ્ય હોય છે, નિય્યતનો ભરોસો થાય છે. નહીં તો જંગ કરવાની ક્યાંય જરૂરત નથી. રસૂલનો અમલ જો તમારા માટે હુજ્જત અને દલીલ છે તો આપે ગઝવએ વ તાઈફમાં પૂરા વિસ્તારમાં પાણી છોડી દીધું અને તેમના પર મિન્જિનિક (પથ્થર ફેંકવા માટેની ગોફણ) લગાડી હતી. જાહેર છે કે ત્યાં બાળકો પણ માર્યા ગયાં અને ઔરતો પણ. આ જ રીતે સઅબ બિન જુષામા رضی اللہ عنہની હદીષ છે જેમાં આપ ઈર્શાદ ફર્માવે છે કે ફલાણા કબીલામાં જાવ તેમના પર છાપો મારો. તો સહાબાએ કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તેમનામાં એમની ઔરતો પણ છે અને બાળકો પણ. તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, તેઓ પણ એમનામાંથી જ છે. એટલા માટે સામ્રામાં અમે જે કામ કર્યું છે તેના પર અમે ગર્વ કરીએ છીએ કે અમે ફૌજીઓની સ્કૂલોને તબાહ કરી.

જુઓ ! પયગંબરે અમ્નોઅમાં રહમતે આલમ صلی اللہ علیہ وسلمની તૌહીન કરવાની પોતાની નાપાક કોશિશમાં કટ્ટરપંથી વહાબી આલિમ અલ્જઝૂલીની જેમ જ આ તાલિબાની મોલ્વીએ પણ કઈ રીતે હદીષની ખોટી સમજૂતી અને ખોટો હવાલો આપ્યો.

**હદીષનો સાચો અર્થ** : જ્યાં સુધી હઝરત સઅબ બિન જુષામા رضی اللہ عنہની હદીષની વાત છે તો આ સંપૂર્ણ રીતે એક મન્સૂખ હદીષ છે, જે ન તો એ દૌરમાં લાગુ થવા પાત્ર હતી ન વર્તમાનકાળમાં લાગુ થવા પાત્ર છે.

તેની એક ખાસ પૂર્વભૂમિકા (બેક ગ્રાઉન્ડ) છે કે જ્યારે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ ખતરામાં પડેલી પોતાની જિંદગી તથા ઈસ્લામની રક્ષા ખાતર રાત્રીના સમયે એક જંગ શરૂ કરી તો તેઓ અંધારાના કારણે એ સમજી ન શક્તા હતા કે સામે પુરૂષ છે કે સ્ત્રી, પરંતુ જ્યારે તેમને એ વાતનો એહસાસ થયો તો તેઓ ચિંતિત થયા અને ત્યારે તેઓએ નબીએ કરીમ صلی اللہ علیہ وسلمથી પૂછયું, શું તેઓ અજાણમાં ઔરતો અથવા બાળકોને પહોંચેલા નુકસાનના કારણે અલ્લાહ તઆલા સમક્ષ જવાબદાર ઠરશે ?! ખયાલ રહે કે તેઓએ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી એ ન પૂછયું હતું કે શું તેઓ જાણી જોઈને જંગમાં ઔરતો અને બાળકોને નિશાન બનાવી શકે છે ?! બલ્કે તેઓએ તે સ્ત્રીઓ અને બાળકો વિશે પૂછયું હતું કે જે લડાકુ મર્દોની સાથે જંગ દરમિયાન ખતરામાં પડી ગયા હતા. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તે એક મજબૂરીની સ્થિતિ હતી એટલા માટે કે ઔરતો અને બાળકોને નિશાન બનાવવાનો ન તો એમનો ઈરાદો હતો અને અંધારાના કારણે ન તો તેઓ સ્ત્રી પુરૂષમાં ફરક સમજી શક્તા હતા. સહાબાએ કિરામે વધુ હુમ્લા કરવા માટે સ્ત્રીઓ અને બાળકોને કત્લ કરવાનું જાઈઝ ન ઠરાવ્યું હતું બલ્કે આ ઘટનાના તુરંત બાદ નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ રાત્રીના સમયે પ્રોટેક્શન માટે છાપો મારવાથી મના ફર્માવ્યું જેથી સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો જંગમાં જાનહાનીથી સુરક્ષિત રહે. આની સાબિતી અનસ બિન માલિક رضی اللہ عنہની રિવાયતમાં મળે છે કે, પયગંબરે ઈસ્લામ صلی اللہ علیہ وسلمની આદત મુબારક એ હતી કે જ્યારે પણ રાત્રીના સમયે દુશ્મન સુધી પહોંચતા તો સવાર થતા સુધી દુશ્મન પર હુમ્લો ન કરતા. *(સહીહ બુખારી, ભાગ : ૫, હદીષ નં. : ૫૧૦)*

તેમનાથી જ એક રિવાયત આ પણ છે કે રસૂલુલ્લાહ ﷺ સવાર થતી ત્યારે જ પોતાના દુશ્મનો સાથે જંગ કરતા. *(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૭૪૫)*

ઈસ્લામી ઉલૂમના એક મુસ્તનદ મુહક્કિક અને સહીહ બુખારીના એક વિશિષ્ટ શરહકર્તા ઈમામ ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہ આ હદીષની સમજૂતીમાં લખે છે કે, "હદીષનો હેતુ જાણી જોઈને સ્ત્રીઓ અને બાળકોને નિશાન બનાવવાથી રોકવું છે." વધુમાં લખે છે કે, "આ હદીષ મખ્સૂખ કરી દેવામાં આવી છે એટલા માટે સ્ત્રીઓ અને બાળકો જંગ દરમિયાન દુશ્મન ફોજની સાથે હોય તો પણ તેમને કત્લ કરવાની ઈજાઝત નથી." *(ફત્હુલ બારી, કિતાબુલ જિહાદ વ વસ્સિયર, હદીષ નં. ૨૭૯૦ની સમજૂતી)*

આ સિવાય સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَનું ઈરાદા વગર અજાણતામાં કત્લની આ ઘટના વિશે નબીએ કરીમ ﷺને પૂછયું તો એ વાતની સ્પષ્ટ દલીલ છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈરાદાપૂર્વક આમ કરવાની ઈજાઝત કદી આપી ન હતી. જો નબીએ કરીમ ﷺએ તેમને એની ઈજાઝત આપી હોત તો તેઓ આપ ﷺથી એના વિશે ન પૂછત.

### ★ નિદોર્ષ નાગરીકો, સ્ત્રીઓ અને બાળકોને મારવા સંબંધે પયગંબરે ઈસ્લામ ﷺની મનાઈ ★

રસૂલુલ્લાહ ﷺએ જંગ અને શાંતિ બંનેવ સ્થિતિઓમાં ઔરતો, બાળકો વૃદ્ધો બલ્કે ઝાડોને પણ નુકસાન ન પહોંચાડવાનો વિશ્વ સ્તરીય ભારપૂર્વક આદેશ આપ્યો હતો. એક હદીષ પણ એવી નહીં મળે કે નબીએ રહમત ﷺ જંગમાં પણ ઔરતો અને બાળ કોને કત્લ કરવાની ઈજાઝત આપી હોય.

હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે કે, "કોઈ ગઝવામાં સ્ત્રી મૃત્યુ અવસ્થામાં મળી. નબી ﷺએ તે જ સમયે ઔરતો અને બાળકોને કત્લ કરવાથી હમેશાં માટે મના ફર્માવી દીધું." *(સહીહ બુખારી હદીષ નં. ૨૫૮)*

ઈબ્ને શહાબે યહ્યાથી અને યહ્યાએ મને રિવાયત કરી કે કઅ્બ બિન માલિકના એક પુત્ર (માલિકનો ખયાલ છે કે ઈબ્ને શહાબે કહ્યું કે તે અબ્દુર્રહમાન બિન કઅબ હતો તેઓ) એ કહ્યું કે, "રસૂલુલ્લાહ ﷺએ અબૂ હકીક (મદીનાનો એક ગદ્દાર યહૂદી)થી લડાઈ કરવાવાળાને ઔરતો અને બાળકોને કત્લ કરવાથી મના ફર્માવ્યું. તેઓએ કહ્યું કે લડવાવાળા એક શખ્સે કહ્યું કે અબૂ હકીકની પત્નીએ બૂમો પાડવાનું શરૂ કરી દીધું અને વારંવાર તેના પર હાથ ઉઠાવતો પણ. રસૂલુલ્લાહ ﷺની મનાઈને યાદ કરી પોતાની તલ્વાર રોકી લેતો. જો નબી ﷺએ મના ન ફર્માવ્યું હોત તો અમે તેને કત્લ કરી દીધી હોત." *(મુસ્લિમ શરીફ, હદીષ નં. ૯)*

ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે, "કોઈ ગઝવા દરમિયાન એક સ્ત્રી મૃત હાલતમાં મળી જેથી રસૂલુલ્લાહ ﷺએ ઔરતો અને બાળકોને કત્લ કરવાથી મના ફર્માવ્યું." *(સહીહ મુસ્લિમ, હદીષ નંબર ૪૩૧૯)*

રાબિઆ ઈબ્ને રબીએ રિવાયત કરી છે કે જ્યારે અમે એક ચળવળમાં અલ્લાહના રસૂલ ﷺની સાથે જઈ રહ્યા હતા તો તેમણે અમુક લોકોને કોઈ વસ્તુની આસપાસ એકત્ર થયેલા જોયા અને એક આદમીને એ કહી રવાના કર્યો કે જઈને જુએ કે તે લોકો શા માટે ભેગા થયા છે ? તે આદમીએ આવીને કહ્યું કે તેઓ એક સ્ત્રીની આસપાસ એકત્ર થયા છે જેને કત્લ કરી નાખવામાં આવી છે. તેમણે કહ્યું કે તેણી સાથે લડાઈ નહીં થઈ હોય. ખાલિદ બિન વલીદ સવારીના ઈન્ચાર્જ હતા. આપે એક આદમીને રવાના કર્યો કે ખાલિદને કહે કે તે ઔરત અથવા ખાદિમને ન કત્લ કરે. *(મુઅત્તા ઈમામ માલિક, હદીષ નં. ૮)*

યહ્યા બિન સઈદે માલિકથી અને તેમણે યહ્યાથી અને યહ્યાએ મારાથી રિવાયત કરી કે જ્યારે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ મુલ્કે શામ તરફ લશ્કરોને રવાના કરી રહ્યા હતા. તો તેઓ યઝીદ બિન અબૂ સૂફયાનની પાસે ગયા જેઓ એક ટુકડીના કમાન્ડર હતા. કહેવામાં આવે છે કે યઝીદે અબૂ બક્રથી કહ્યું કે, આપ સવારી કરશો કે મારે સવારીથી નીચે ઉતરી જવું જોઈએ ? અબૂબક્ર رضی اللہ عنہએ ફર્માવ્યું, હું સવાર નહીં થાઉં, ન તમે નીચે ઉતરશો. મેં આ ક઼દમ સંપૂર્ણ રીતે અલ્લાહની રાહમાં કાઢવાનો ઈરાદો કર્યો છે. ત્યારબાદ અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ યઝીદને મશ્વરો આપ્યો કે તમારો સામનો એવી ક઼ૌમ સાથે થશે જે પોતાને સંપૂર્ણ રીતે અલ્લાહના હવાલે કરવાનો દાવો કરશે તો તમે તેમને એમના હાલ પર છોડી દેજો ! તમારો સામનો એવી ક઼ૌમથી થશે જેઓએ પોતાના માથાને વચમાંથી મૂડાવી લીધાં છે. તમે એ ભાગ પર તલ્વાર મારજો !" હું તમને દસ વાતોનો મશ્વરો આપુ છું : ઔરતો, બાળકો, કમજોર વૃદ્ધો ક઼ત્લ ન કરશો, ફળદાર વૃક્ષોને ન કાપશો, કોઈ આબાદ સ્થળને વેરાન ન કરશો, ખાવાના હેતુ સિવાય ઊંટ અથવા ઘેટાં ઝબહ ન કરશો, મધમાખીઓને ન સળગાવશો અને તેમને ઉડાવશો નહીં, માલમાંથી ચોરી ન કરશો, બુઝદિલ ન બનશો." *(મુઅત્તા ઈમામ માલિક, હદીષ નં. ૦૧૦)*

**આવી અસંખ્ય હદીષો છે જેમાં સ્પષ્ટ રીતે જંગની હાલતમાં પણ સ્ત્રીઓ, બાળકો અને આમ શહેરીઓને ક઼ત્લ કરવાની મનાઈ કરવામાં આવી છે.** જ્યારે કે ઉલ્મા ફર્માવે છે કે સઅ્બ બિન જુષામા رضی اللہ عنہથી રિવાયત થયેલ કેવળ આ એક હદીષથી સ્ત્રીઓ, બાળકોને ક઼ત્લ કરવું જાઈઝ નથી થઈ શક્તું.

## ★ ઉલ્માએ અહલે સુન્નતની જવાબદારી ★

તાલિબાની મોલ્વી અને ફૌજી ઓફસરની ચર્ચાથી એ વાત જાહેર થાય છે કે ફૌજી ઓફિસર ઈસ્લામી ઉલૂમમાં એટલો જાણકાર ન હતો કે તે તાલિબાની મૌલ્વીની પાયાવિહોણી દલીલોને સારી રીતે રદ કરી શક્તો. છતાં જ્યારે તાલિબાની મોલ્વીએ તમામ પાકિસ્તાનીઓને કાફિર ઠરાવી તેમની ઔરતો અને બાળકોના કત્લનું જાઈઝ હોવું પોતાના ઉલમાના ફત્વાઓથી અને હદીષોની ખોટી સમજૂતી દ્વારા કરવાની કોશિશ કરી તો ફૌજી ઓફિસરે ન કેવળ તેના કટ્ટરવાદી દષ્ટિકોણનો ઈન્કાર કર્યો બલ્કે પોતાની જાણ પ્રમાણે તેમનો ઈલ્મી રદ પણ કરવાની કોશિશ કરી.

પરંતુ સવાલ એ છે કે આ ચિંતાજનક સ્થિતિમાં સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅતના ઉલમાએ કિરામ અને મુસ્લિમ વિદ્વાનોની જવાબદારી શું છે ? શું તેઓ દીન અને શરીઅતની કિતાબો અને ઈસ્લામી તા'લીમાતમાં ફેરફાર અર્થઘટન અને ખોટી સમજૂતી પર ખામોશ તમાશાઈ બની રહેશે અથવા ઈલ્મી, ફિક઼્હી અને બૌદ્ધિક રીતે રદ પણ કરશે ? અફસોસની વાત એ છે કે કટ્ટરવાદી વહાબી મોલ્વીઓ ઘણી ઝડપથી કુર્આનો હદીષમાં ભેળસેળ અને તેમની ખોટી સમજૂતી કરી નવી પેઢીને ગુમરાહ કરી રહ્યા છે. જ્યારે કે ઈલ્મી દલીલોની સાથે તેમના રદમાં હજુ સુધી કોઈ યોગ્ય પગલાં આપણે લઈ નથી શક્યા !!

*(કન્ઝુલ ઈમાન મંથલી–દિલ્હી, ફેબ્રુ–૨૦૧૫)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# એપ્રિલ ફૂલની શરઈ હૈસિયત

કાર્યાલય

આજે આપણા સમાજમાં અગણિત એવી અખ્લાક઼ી વબાઓ તથા ગલત રસ્મો ઘર કરી ચૂકી છે જે પશ્ચિમી કલ્ચર તથા યહૂદીઓની દૈન છે. આ પ્રકારની સભ્યતા તથા સંસ્કાર વિરૂધ્ધની જાહિલિયતની એક ચીજ ''એપ્રિલ ફૂલ'' પણ છે. આપણી નવી પેઢી ખાસ કરીને કહેવાતો એજ્યુકેટેડ વર્ગ એને ખૂબ જ આયોજનપૂર્વક ઉમંગભેર મનાવે છે અને પોતાના આ કૃત્યને જાણે એકદમ બુધ્ધિપૂર્ણ માને છે. એ દિવસે લોકો એકબીજાને બેવકૂફ બનાવે છે, આપસમાં મઝાક તથા ઠઠ્ઠો, ધોકો, હંસી, વાદા ખિલાફી અને એકબીજાને ઉતારી પાડવાની હરકત કરી ગમ્મત ઉડાવે છે.

આ મોક઼ા પર પબ્લિકને બેવકૂફ બનાવવા માટે દૈનિક વર્તમાનપત્રોમાં સનસનીખેઝ હેડિંગો સાથે (જૂઠી) ખબરો પ્રસિધ્ધ થાય છે ! જેને વાંચીને લોકો થોડીવારના માટે આશ્ચર્યના સાગરમાં ગરકાવ થઈ જાય છે, બાદમાં જાણ થાય છે કે આજે ''એપ્રિલ ફૂલ''નો દિવસ છે. એના હરામ હોવામાં કોઈ પણ મુસલમાનને રજ માત્ર શંકા કુશંકાનો શિકાર થવું જોઈએ નહીં. એટલા માટે કે એમાં જે બાબતો કરવામાં આવે છે તે ઈસ્લામી તાલીમાત (આદેશ)ના પ્રમાણે હરામ છે.

## ''એપ્રિલ ફૂલ'' કરવાની શરૂઆત કઈ ચીજની યાદમાં થઈ ?

એપ્રિલ ફૂલ મનાવવાની શરૂઆત ક્યારથી થઈ અને કેવી રીતે થઈ એના બારામાં વિવિધ ખુલાસાઓ તથા રિવાયતો છે. અલ્બત્ત એના હવાલાથી કોઈ મજબૂત ઐતિહાસિક સાક્ષી સામે આવી નથી. હક઼ીક઼ત એ છે કે ''એપ્રિલ ફૂલ'' પશ્ચિમી કલ્ચર તથા યહૂદી તેમજ ઈસાઈ લોકોની દૈન છે. એના અનુસંધાનમાં જે રિવાયતો ઈતિહાસની કિતાબો તથા ખબરોમાં મૌજૂદ છે એમાંથી અમુક રજૂ કરીએ છીએ.

ઈન્સાઈકલોપિડીયા ઓફ બર્ટાનિકા તથા ઈન્સાઈકલોલારૂસના લેખક ''એપ્રિલ ફૂલ'' નીકળવાનું કારણ આ પ્રમાણે દર્શાવે છે કે, ''જ્યારે યહૂદીઓએ હઝરત ઈસા علیہ السلامને ગિરફતાર કરી લીધા અને રોમીઓની અદાલતમાં રજૂ કર્યા તો રોમીઓ તથા યહૂદીઓની તરફથી ઈસા علیہ السلامની સાથે મઝાક મશ્કરી તથા ઠઠ્ઠો કરવામાં આવ્યો. તેમને પ્રથમ યહૂદી સરદાર તથા આલિમોની અદાલતમાં પેશ કરવામાં આવ્યા, પછી પીલાતુસની અદાલતમાં લઈ ગયા કે ફૈંસલો ત્યાં થશે, પછી ત્યાંથી હેરોડેલ્સની અદાલતમાં રજૂ કરવામાં આવ્યા. પછી હેરોડેલ્સથી પીલાતુસની અદાલતમાં ફૈંસલા માટે લઈ જવામાં આવ્યા. આવું કેવળ મઆઝલ્લાહ ! આપનો ઠઠ્ઠો કરવા માટે કરવામાં આવ્યું.

લૌક઼ાની ઈન્જીલમાં આ બનાવને આ પ્રમાણે વર્ણવ્યો છે : ''જ્યારે લોકો હઝરત ઈસા علیہ السلامને ગિરફતાર કરેલ હતા તો યહૂદીઓ તેમને આંખો બંધ કરીને મોઢા પર તમાચા મારીને ઠઠ્ઠો મશ્કરી કરતા હતા. તેમને એવું કહેતા હતા કે નબુવ્વત એટલે ઈલ્હામથી બતાવો કે કોણે તમને તમાચો માર્યો. એ ઉપરાંત અન્ય પણ ઘણી વાતો કટાક્ષ રૂપે કહેતા હતા.'' (મઆઝલ્લાહ !)

ફરીદી વજદીએ પોતાની ઈન્સાઈકલોપિડીયામાં લખ્યું છે કે ''મારી દ્રષ્ટિએ પણ એપ્રિલ ફૂલની હક઼ીક઼ત એ છે કે એ હઝરત ઈસા علیہ السلامની ગિરફતારી, તેમની શાનમાં તૌહીન, તેમની સાથે મઝાક અને તેમને તકલીફ પહોંચાડવાની યાદગાર છે.''

ઉર્દૂની પ્રખ્યાત લુગત (ડિક્ષનરી) ''નૂરુલ્ લુગાત'' ભાગ–૧, પેજ–૨૪૧માં ''એપ્રિલ ફૂલ''ના સંબંધે લેખક મોલ્વી નૂરુલ હસન નૈયર લખે છે :–

''એપ્રિલ ફૂલ'' અંગ્રેજી નામ છે. એનો અર્થ ''એપ્રિલનો બેવકૂફ'' છે. અને હકીકત એ છે કે અંગ્રેજોમાં દસ્તૂર છે કે એપ્રિલમાં કયાસ (ધારણા)ની વિરૂધ્ધ દોસ્તોના નામે મઝાક રૂપે વિના ટિકિટનો ખાલી પત્ર પોસ્ટ કરવામાં અથવા અન્ય ગમ્મતની ચીજો કવરમાં મૂકીને મોકલે છે, વર્તમાન પત્રોમાં ધારણા આ પ્રકારની ખબરો છાપવામાં આવે છે. જે લોકો આવા પત્રો લઈ લે છે, અથવા આવા પ્રકારની અબરો પર વિશ્વાસ કરી લે છે તેઓ ''એપ્રિલ ફૂલ'' થયાનું ઠરે છે. હવે હિંદુસ્તાનમાં પણ એનો રિવાજ થઈ ગયો છે અને એ જ વાતોને ''એપ્રિલ ફૂલ'' કહે છે.''

નૂરુલ લુગાતની આ સ્પષ્ટતાથી એ સાબિત થઈ ગયું કે એપ્રિલ ફૂલ અંગ્રેજોનો દસ્તૂર છે, અને અંગ્રજોનો દસ્તૂર અપનાવવો મુસ્લિમ કૌમના માટે હરામ છે.

''એપ્રિલ ફૂલ''ની હકીકતના વિશે આ પૂરાણા જમાનાની ઐતિહાસિક સાક્ષીઓ છે. નજીકના ભૂતકાળમાં પણ આ પ્રકારના બનાવો યહૂદીઓ તથા નસરાનીઓ (ક્રિશ્ચનો)એ મુસલમાનો સાથે અંજામ આપ્યા જે એપ્રિલ ફૂલ સાથે સંબંધ ધરાવે છે. કેવળ ત્રણ બનાવો વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ :–

## ઈમાની ગૈરતવાળો એપ્રિલ ફૂલ મનાવશે?!

વર્તમાનકાળમાં એપ્રિલ ફૂલ મનાવવાના બારામાં એક સનદી રિવાયત વર્ણન કરવામાં આવે છે કે સ્પેન જે મુસલમાનોના સીનામાં નાસૂર (કણા)ની જેમ એક ઝખ્મ છે જેને કદી ભૂલાવી નથી શકાતો. મુસલમાનોએ જયારે પોતાનો પહેલો કદમ જયારે સ્પેનની ભૂમી પર રાખ્યો તો સમુદ્ર પાર કરતાં જ હઝરત તારિક બિન ઝિયાદ رضی اللہ عنہએ ફોજની સર્વ નાવડીઓ સળગાવી નાખી અને એલાન કરી આપ્યું કે સ્પેન ક્યાં તો ફતહ થશે અથવા તો પછી શહાદત આપણુ મુકદ્દર બનશે. પછી એ જ ઈરાદો તથા હોસલાએ એમને સ્પેનના વિજેતા બનાવી આપ્યા, અને આઠસો વરસ સુધી મુસલમાનોએ ત્યાં હુકૂમત કરી. પરંતુ જયારે મુસલમાનોએ અલ્લાહના હુકમો, કુર્આન તથા હદીષના આદેશો પીઠ પાછળ રાખી દીધા અને ઈસ્લામ ધર્મથી ગાફેલ થઈ ગયા તો ઈસાઈઓના દિલેથી ઈસ્લામી પ્રભાવ તથા મુસલમાનોનો દબદબો ખત્મ થઈ ગયો. આખરી હુકમરાન સુલ્તાન અબૂ અબ્દુલ્લાહના ગરનાતા છોડયા પછી ઈસાઈઓએ મુસલમાનો પર જુલ્મો સિતમના તે પહાડો તોડયા જેનું દૃષ્ટાંત જગતના ઈતિહાસમાં નથી મળતું. આમ ફર્માન હતું કે સ્પેનમાં જયાં પણ કોઈ મુસલમાન જોવામાં આવે તેમને ગાજર મૂળીની જેમ કાપીને કત્લ કરી દેવામાં આવે.

એ દરમ્યાન અમુક ઈસાઈઓએ મુસલમાનો પર જાહેરમાં મહેરબાની દર્શાવી કે તેમને આફ્રિકા ચાલ્યા જવાનો મશ્વરો આપ્યો. પાણીના જહાઝો પૂરા પાડવામાં આવ્યાં. એ મુસાફરોમાં વૃધ્ધો, બીમાર, કમજોર, શક્તિવાન, સ્ત્રીઓ, બાળકો, અને પુરૂષો સૌ સામેલ હતા. તદ્ ઉપરાંત તેમનો સૌથી કિંમતી સરમાયો ઈસ્લામી કિતાબો હતી. તેઓની સાથે પણ દગો કરવામાં આવ્યો અને ઈસાઈઓએ મુસલમાનો સાથે એ રીતે પોતાની દિલી અદાવતનો બદલો લીધો કે તેમણે જહાઝોમાં નાનાં નાનાં કાણાં કરી આપ્યાં જેથી જહાઝ મધ દરિયે પહોંચીને ડૂબી જાય. મુસલમાનોને અલવિદા કહેવાના બહાને તેઓ પણ સમુદ્ર કિનારા સુધી આવ્યા કે જેથી તેમના ડૂબી મરવાનો તમાશો જુએ. અને જયારે જહાઝ ડૂબી ગયું તો તેઓ તાળીઓ વગાડી વગાડીને મુસલમાનોની બર્બાદીનો જશ્ન મનાવવા લાગ્યા. આ બનાવ પહેલી એપ્રિલ ઈ.સ. ૧૫૦૧ના રોજ બન્યો હતો.

હિંદુસ્તાની ઈતિહાસમાં એના બારામાં એક વાંધાજનક રિવાયત એ મળે છે કે મૈસૂરના વાલી ટીપુ સુલતાન શહીદની શહાદત પછી તેમના વફાદાર

બચેલા ફોજીઓને એક જગાએથી બીજી જગાએ મોકલવાના બહાને પહેલી એપ્રિલે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનાથી અખંડ ભારતના મુસલમાનોની બેઈજ્જતી તથા તેમનો ઠટ્ઠો ઉડાડવાનો હેતુ હતો. એ સર્વ ફોજીઓને એક દરિયાઈ વહાણ પર સવાર કરવામાં આવ્યા અને મધદરિયે તેમને ડૂબાડી દેવામાં આવ્યા.

અખંડ ભારત પર અંગ્રેજોની સત્તાના સમયમાં જે દિવસે સૌથી વધુ આલિમો, ફાઝિલો તથા મશાઈખને ક઼ત્લ કરવામાં આવ્યા તે પહેલી એપ્રિલનો દિવસ હતો. અમુક હિંદુસ્તાની ઈતિહાસકારોએ એ દિવસના સંબંધે ત્યાં સુધી લખ્યું છે કે એ દિવસે મસ્જિદે ફતહપૂરીથી લાલ કિલ્લાના ગેટ સુધી રસ્તાની બંને બાજુએ જેટલાં ઝાડો હતાં ત્યાં દરેક ઝાડ પર કેટલાયે લોકો એટલે ઉલમા તથા મશાઈખની લાશો લટકતી હતી.

આખા જગતમાં યહૂદી તથા નસારા (ઈસાઈઓ)એ જુલ્મો સિતમના જે પહાડ તોડયા છે તેને નજરો સમક્ષ રાખીને આ બધું તદ્દન શક્ય છે, અને આ બનાવો જે ઉપર વર્ણવ્યા તેને સ્વીકારવામાં કોઈ ઐતિહાસિક કે શરઈ વાંધો નથી. જો મુસલમાનોના સીનાઓમાં દર્દમંદ દિલ છે અને દિલમાં મિલ્લત (ક઼ૌમ)નું દર્દ, ઈસ્લામ ધર્મથી મહોબ્બત છે તો યક઼ીનન ! મુસલમાનોએ "એપ્રિલ ફૂલ"થી દૂર રહેવું જોઈએ અને શક્તિ અનુસાર અન્યોને પણ આ હરામ કાર્યથી બચવાની તાકીદ કરવી જોઈએ.

ઈમામ મુસ્લિમ, હઝરત સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે શખ્સ કોઈ શરીઅત વિરૂધ્ધની વાત જુએ તો તેને પોતાના હાથ વડે રોકી આપે, અને જો હાથ વડે રોકવા પર શક્તિમાન ન હોય તો જીભ વડે મના કરે, અને જો જીભ વડે પણ મના કરવા ક઼ાદિર (શક્તિમાન) ન હોય તો દિલથી બુરુ જાણે, અને આ સૌથી કમજોર ઈમાન છે. *(મુસ્લિમ શરીફ)*

## હરામ તથા નાજાઈઝ બાબતો

જો કોઈ પશ્ચિમી સંસ્કૃતિ (કલ્ચર)નો ચાહક, જંગલી દિમાગવાળો આ સ્પષ્ટતાઓ તથા બનાવોના આધાર પણ "એપ્રિલ ફૂલ"ને ગલત નથી માનતો, તો પણ આ દિવસે જે બાબતો અંજામ આપવામાં આવે છે તેના કારણે પણ એ હરામ છે, કેમ કે ઠટ્ઠા મશ્કરી, હંસી ઉડાડવી, જૂઠ, ફરેબ, ધોકો આપવો, તથા એક બીજી વ્યક્તિ કે જમાઅતની ઠેકડી ઉડાડવી હરામ છે.

એક બીજાની હંસી ઉડાડનારાઓને કુર્આન ચેતવણી આપે છે : (અર્થ) : "હે ઈમાનવાળાઓ ! પુરૂષોની એક ટોળી બીજી ટોળીની હંસી ન ઉડાડે, કદાચ તે એ મઝાક ઉડાડનારાઓ કરતાં (પોતાના નેક અમલોના કારણે બારગાહે ઈલાહીમાં) બેહતર હોય. અને સ્ત્રીઓ અન્ય સ્ત્રીઓની મઝાક ઉડાવ્યા ન કરે, કદાચ તેઓ એમના કરતાં બેહતર હોય. અને ન એકબીજા પર અયબ લગાડો અને ન કોઈને બુરા લક઼બ વડે પુકારો. *(સૂ. હુજુરાત, આ. ૧૧)*

એ દિવસે પુષ્કળ પ્રમાણમાં જૂઠુ બોલવામાં આવે છે જ્યારે કે જૂઠુ બોલવું હરામ તથા કબીરા ગુનોહ છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, "સાચુ બોલવું નેકી છે અને નેકી જન્નતમાં લઈ જાય છે અને જૂઠુ બોલવું ફિસ્ક઼ તથા ફુજૂર છે, અને ફિસ્ક઼ ફુજૂર જહન્નમમાં લઈ જાય છે *(મુસ્લિમ શરીફ)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે "બંદો જ્યારે જૂઠુ બોલે છે તો એ જૂઠની બદબૂથી ફરિશ્તો એક માઈલ દૂર થઈ જાય છે" *(તિર્મિઝી શરીફ)*

એક હદીષ શરીફનો ભાવાર્થ છે કે "મોમિન બુઝદિલ (ડરપોક) તથા બખીલ તો હોઈ શકે છે પણ જૂઠો નથી હોઈ શકતો." *(સુનને બયહકી, મિશ્કાત)*

''એપ્રિલ ફૂલ''ના દિવસે જૂઠુ બોલવાની સાથોસાથ વાયદા ખિલાફી પણ ફેશન રૂપે કરવામાં આવે છે. જૂઠ તથા વાયદા ખિલાફી જેની અંદર હોય તે ખાલિસ મુનાફિક્ હશે.

ઈમામ મુસ્લિમ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہاથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''જે શખ્સમાં ચાર આદતો હશે તે ખાલિસ મુનાફિક્ હશે, અને જે શખ્સમાં આ ચાર આદતોમાંથી કોઈ એક આદત હશે એમાં નિફાક્ (મુનાફિકપણા)ની એક આદત હશે, જ્યાં સુધી તે આદત ન છોડી આપે. એક એ કે જ્યારે વાત કરે તો જૂઠુ બોલે, બીજી એ કે જ્યારે કોઈ વાયદો કરે તો તેની વિરૂધ્ધ વર્તે. ત્રીજી એ કે જ્યારે કોઈ વાયદો કરે તો તેને પૂર્ણ ન કરે અને ચોથી એ કે જ્યારે કોઈની સાથે ઝઘડો થાય તો અપ શબ્દો બોલે એટલે ગાલ ગલોચ કરે. *(સહીહ મુસ્લિમ)*

ધોકા તથા પ્રપંચ (છેતરપિંડી)ના બારામાં મુઅલ્લિમે કાઈનાત ﷺએ ફર્માવ્યું, ''ધોકો તથા પ્રપંચ જહન્નમમાં લઈ જનાર છે.'' *(શોઅબુલ ઈમાન)*

હદીષ શરીફમાં છે : ''વાયદા ખિલાફી કરનારા શખ્સના માટે કયામતના દિવસે તેની વાયદા ખિલાફી (ધોકો આપવાના) પ્રમાણે ઝંડો ખોસવામાં આવશે.

અને બીજી રિવાયતમાં છે કે : ''તેની સીટ એટલે પાછળના સ્થળે ઝંડો ખોસવામાં આવશે અને કયામતમાં પોકાર કરવામાં આવશે કે આ ફલાણાના પુત્ર ફલાણાનો ધોકો છે.'' *(સહીહ મુસ્લિમ, સુનને ઈબ્ને માજહ)*

''એપ્રિલ ફૂલ''ના મોકા પર જૂઠુ બોલીને, ધોકો આપીને નુકસાન આપે છે જે હરામ છે એના બારામાં ફર્માને રસૂલે મક્બૂલ ﷺ છે : ''જેણે કોઈ મોમિનને નુકસાન પહોંચાડયું, તેની સાથે ધોકો કર્યો તે મલઊન છે.'' *(જામેઅ તિર્મિઝી)*

ઈમામ સિયૂતી رحمۃ اللہ علیہ જામિઉલ અહાદીષમાં એક હદીષ નક્લ કરે છે કે અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''જેણે કોઈ મુસલમાનની સાથે બદદિયાનતી (અપ્રમાણિકતા) કરી અથવા મુસલમાનને ધોકો આપ્યો, તે અમારામાંથી નથી ! એટલે કે તેનું ઈમાન કામિલ નથી.''

''એપ્રિલ ફૂલ''ના મોકા પર હંસી મઝાક, ઠેકડી ઉડાડવી, ઠઠ્ઠો કરવો, જૂઠ, ધોકો, પ્રપંચ, વાયદા, ખિલાફી, બદદિયાનતી તથા અમાનતમાં ખયાનત વગેરે બાબતો અંજામ આપવામાં આવે છે. આ સર્વ બાબતો વર્ણવેલ અલ્લાહનાં ફર્માનો તથા રસૂલે પાક ﷺના આદેશોની રોશનીમાં નાજાઈઝ તથા હરામ, સભ્યતાની વિરૂધ્ધ, સુસંસ્કારની વિરૂધ્ધ, તથા અખંડ ભારતના સમાજની વિરૂધ્ધ છે. પરંતુ અફસોસ સદ અફસોસ ! મુસલમાનો પર કે જેમને ''ખયરે ઉમ્મત''નું સર્ટિફિકેટ મળ્યું છે, જે કૌમ નેકીને દાવત તથા બુરાઈથી રોકવાના માટે મોકલવામાં આવી છે તે કૌમ ખુદા વ રસૂલના દુશ્મન યહૂદી તથા નસારાનું અનુસરણ કરે છે. આજે મુસ્લિમ કૌમ પોતાના હમેશાંના દુશ્મન યહૂદી તથા નસારાના સર્વ રીત રિવાજો, સર્વ કાર્ય પધ્ધતિઓ તથા દરેક પ્રકારની ફેશનોને ખૂબ જ ઉમંગભેર અપનાવી રહી છે. મુસ્લિમ નવયુવાનો ઈસ્લામી તાલીમાતથી એટલા પ્રમાણમાં વિમુખ છે કે તેઓ દુનિયવી બાબતોમાં જાઈઝ તથા નાજાઈઝનો ફરક પણ નથી સમજી સકતા ! જો કોઈ મુસલમાનના ડાબા હાથમાં સંપૂર્ણ દુનિયા હોય તો જમણા હાથમાં સંપૂર્ણ દીન હોવો જોઈએ, જેના થકી દુનિયા તથા આખેરતમાં કામયાબી તથા સફળતા મળી શકે છે.

અલ્લાહ તઆલા તમામ મુસલામાનોને ઈસ્લામી તાલીમાત તથા મુસ્તફા ﷺના તરીકાના પ્રમાણે જિંદગી પસાર કરવાની તાલીમાત તથા નસારા (ઈસાઈ)ના અનુકરણથી બચવાની તૌફીક અતા ફર્માવે. (આમીન) *–(માહનામા નૂરુલ હબીબ, પાક. માર્ચ–૨૦૧૫, અઝ : મૌલાના અતાઉર્રહમાન નૂરી)*

# એક મુબારક સફર

અમુક યાદો વાતો

અઝ : **હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ પટેલ-પારખેતી** *(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા-મુબારકપુર)*

અમે જયારે એક એવા સફર માટે નીકળ્યા જેની શરૂઆત ખુશીઓથી થાય છે અને અંતમાં માણસ ગમોથી ઘેરાય છે, ભીની આંખ અને જબાન પર દુઆઓની દરખાસ્ત લઈ વિદાય માટે આવેલા લોકોને જોઈ એવું લાગ્યું કે મુસલમાનોના દિલોમાં હજુ પણ ઈશ્કની એક ચિન્ગારી રોશન છે, જેને ઈલ્મની હવા આપી અમલની આગ લગાડી શકાય છે. ટૂંકમાં એ કે અમે મુંબઈથી જિદ્દા થઈ મક્કા પહોંચ્યા. વચ્ચે શું થયુ અને કેવી રીતે પાર પડયા એ વાતો મહત્વની નથી. એરપોર્ટ પરની વ્યવસ્થાની પ્રશંસા કરી શકાય પણ એવુ લાગે છે જાણે બેપર્દગી, મનોરંજન એની વ્યવસ્થાનો અતૂટ ભાગ બની ગઈ છે ! આપણે ત્યાં તો આ વાત શિકાયતને લાયક નથી પરંતુ અમુક મુસ્લિમ દેશના એરપોર્ટમાં આ અર્ધનગ્નતા પર જરૂર રોક લાગવી જોઈએ.

કા'બા શરીફ પર પહેલી નજર પડતાં જ હોઠ દુઆઓ માટે હલવા લાગ્યા. તવાફ, સઈ, લબ્બૈક અને દુઆઓને લીધે હરમશરીફનું વાતાવરણ દિલને ખુશી અને આંખોને ઠંડક પહોંચાડનારું હતું. મોસમ ઠંડો અને ભીડ ઓછી હોવાના કારણે તવાફમાં તો કોઈ ખાસ તકલીફ ન થઈ, પરંતુ ખબર નહીં તવાફનું એક કાર્ય હજરે અસ્વદ ચૂમવા માટે લોકો ધક્કા મુક્કી કરી મુસલમાનોને તકલીફ આપવાનો વબાલ શા માટે વ્હોરે છે ?! હરમ શરીફના વિસ્તરણનું કામ બહુ જોરોશોરથી ચાલી રહ્યું છે. મુસલમાનોની સહૂલત માટેની આ કોશિશ જોઈ આનંદ થવો સ્વાભાવિક વાત છે પણ બીજી બાજુ શિર્ક અને બિદઅતના ભ્રમે ઐતિહાસિક ઈસ્લામી નિશાનીઓ મિટાવી આ પવિત્ર સ્થળની રૂહાનિયત ખતમ કરવાનો એજંડો જોઈ દિલને ઠેસ પણ પહોંચે છે. જે સ્થળ સાથે આખા જગતના મુસ્લિમોનો દિલી અને ધાર્મિક સંબંધ હોય તેની સાથે એક ખાસ પ્રકારની વિચારધારા ધરાવનારી જમાઅતનું છેડછાડ કરવું દરેક અકલમંદની દષ્ટિએ અયોગ્ય છે. જયારે નમાઝનો સમય થયો, મોટી સંખ્યામાં ભીડ હતી. આપણે તો વહાબીઓ પાછળ નમાઝ પઢતા નથી પણ બહારના રસ્તા બંધ હોવાના લીધે અંદર રોકાવુ પડયું. નમાઝ શું હતી ? એવુ લાગ્યુ કે તરાવીહ પઢાવી હોય, પાછળ ઊભેલા નમાઝીઓનો કોઈ ખ્યાલ જ નહીં ! આમીન એટલા જોરથી જાણે મસ્જિદ ગુંજવવી ફર્ઝ હોય. વળી આપણી પબ્લિક તો દેખાદેખીમાં બરાડા જ પાડે છે ! પાછળ પઢી પણ લે અને રફએ યદૈન પણ કરી લે ! ન નમાઝની ફિકર ન પોતાની સુન્નિયત કે હનફિયતની ચિંતા. ખજૂર ખરીદવી હોય તો સારી કક્ષાની સારી દુકાનેથી, ને નમાઝ પઢવી હોય તો કોઈ પણ ઈમામ ચાલશે ! વાહ રે મુસલમાન ! શું આ જ છે તારું ઈમાન ?! મકામે ઈબ્રાહીમથી લઈ જન્નતુલ માલા સુધી દરેક મુકદ્દસ સ્થળે શિર્કની માળા જપનારાઓનું એક આયોજન છે. આખી દુનિયાને બિદઅતના નામે કોસનારાઓનો હાલ એવો છે કે મુસાફો એક હાથથી કરે છે અને મુઆનિકા (ગળે મળવા)ના બદલે ગાલ પર ગાલ મૂકીને ચુંબન કરે છે ! ડૉ. ઈકબાલની વાત માનીએ તો *''જિસે દેખ કે શરમાએ યહૂદ''*નો નકશો સામે આવી જાય છે.

મક્કાની બહાર નીકળ્યા તો જબલે હિરા અને જબલે થૌર જોઈને દિમાગની સપાટી પર વિચારોનું એક તોફાન ઊભુ થઈ ગયું. આ પહાડીઓ હતી જયાંથી ઈસ્લામ ફેલાયો ? કઈ રીતે ? કેટલી મહેનતથી ? તબ્લીગની રાહમાં કેટલી તકલીફ પડી

હશે ? કેવી કુર્બાની આપી હશે ? આપણી નજરમાં તેની કોઈ કદર ?! એટલા બધા ખ્યાલો ઉમટયા કે ગણાય નહીં, બીજી બાજુ અમુક લોકો ફોટા પડાવવા, બીજા ફોટા પાડવા, ને ત્રીજા "બહુ સરસ લાગે છે યાર !" કહેવામાં પડયા હતા ! જોઈને અફસોસ થયો કે લાખોનો ખર્ચ કરી અહીં પહોંચીને આ હરામ કામો ?! અલ્લાહને દેખાડવા અહીં આવ્યા કે ફોટા પાડીને કે **Video** કરીને લોકોને દેખાડવા ?!

હવે તો રહેઠાણની મુદ્દત બહુ ઓછી કરી દેવામાં આવી છે એટલે બહું જ જલ્દી "કા'બેકા કા'બા દેખો"ની પોકાર સંભળાવા લાગી. દરે રસૂલ ﷺની હાજરીનો એહસાસ શબ્દોમાં ન વર્ણવી શકાય. આશિક્રો સમજી શકે છે તે દશ્ય આંખોના રસ્તે દિલમાં કેવું ઉતરી જાય છે ! બારગાહે રસૂલ ﷺમાં પહોંચવાની ખુશી અને ગુનાહોની શરમના મિશ્રણથી દિલો દિમાગમાં અદ્‌ભૂત સ્થિતિ પેદા થઈ રહી હતી. ગુંબદે ખિઝ્રા શરીફ પર નજર પડતાં જ દિલ ધડકયુ, આંખ ભીની થઈ અને જબાન પર :–

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

ની સદા આવી ગઈ. મસ્જિદે નબવી શરીફની રોનક પણ જોવા જેવી હોય છે. તુર્કીઓની બનાવેલી મસ્જિદનું ક્ષેત્રફળ જ તેમના અદબની સૌથી મોટી દલીલ છે. તેમની બનાવટની એક ખૂબી એ પણ છે કે ચારેબાજુથી ગુંબદે ખઝરા દેખાય છે. જયારે ગુસ્તાખ સઊદીઓ ગુંબદશરીફને ઢાંકવાની શકય કોશિશ કરે છે. નમાઝની હાલત મક્કા જેવી જ છે ! અમે તો અસરની નમાઝ ત્યાંની જમાઅતના એક દોઢ કલાક બાદ જ પઢતા કે હનફી મસ્લક પ્રમાણે અદા થઈ જાય. જાળી મુબારક પર પહોંચ્યા તો જોયું કે ઝિયારત કરનારાઓ તો બાઅદબ છે પણ સઊદી મુલ્લાઓની "શિર્ક, બિદઅત" અને પોલીસની "હાજી ચાલો"ની બૂમો બારગાહે રસૂલુલ્લાહ ﷺના અદબને પાયમાલ કરે છે. અહીં એવું લાગ્યું કે કુર્આન આ લોકોની જીભો પર જ છે, ન દિમાગમાં ન દિલ પર અસર ! જાળી મુબારક સામેથી ગુનાહોની બખ્શિશ માટે મળતી એક ક્ષણમાં પણ લોકોનો હાલ એવો છે કે સેલ્ફી બનાવવાના ચક્કરમાં રોઝા શરીફને પીઠ કરી નીકળી જાય છે. અફસોસ ! અફસોસ !

સઊદીઓની રસૂલ દુશ્મનીનો હાલ એ છે કે આખી મસ્જિદે નબવી તો લાઈટોથી ઝળહળે છે પણ ન તો ગુંબદે ખઝરા પર લાઈટ છે ન તેના મીનારા પર, ન જાળી શરીફમાં ! અને આખી મસ્જિદમાં લગભગ સૌથી વધુ ધૂળ આ જ સ્થળો પર છે ! તેમની બેવડી શરીઅત અમે જન્નતુલ બક્રીઅ શરીફમાં જોઈ. પહેલાં ક્બ્ર ઊંચી કરવી શિર્ક હતું, હવે કદાચ ફત્વો બદલાય ગયો એટલે ક્બ્રો પણ ઊંચી થઈ ગઈ. બક્રીઅમાં તો અસર બાદ જવા પણ દે છે જયારે ઓહદના કબ્રસ્તાનને તો ચારેબાજુથી જાળી મારી દેવામાં આવી છે. આટલી દુશ્મની છતાં અલ્લાહની કુદરત કે આજે પણ ક્બ્રોમાંથી આવતી જન્નતી ખુશ્બૂ સુંઘી શકાય છે. આ સિવાય નજીકમાં ક્રિબ્લતૈન, કુબા, ખંદક અને બદ્ર જેવા બરકતવાળાં સ્થળો છે જયાંની ઝિયારતોથી દિલ ખુશ થઈ ગયું.

મક્રસદ સફરના વર્ણનનો નહીં બલ્કે તે વાતો તરફ ઈશારો કરવાનો છે જે વ્યસ્તતાના કારણે નજરે નથી ચઢતી. હાથ વ્યસ્ત છે સેલ્ફી બનાવવામાં , નજરો વ્યસ્ત હોય છે બિન દાઊદના મોલમાં ! રહી વિચારશૈલી તો દરેક ગેટ પર વહેંચાતી કુફ્રિયા અક્રાઈદની કિતાબો તેનું સંતુલન બગાડી નાખે છે. વાત કયાંથી કયાં પહોંચી ગઈ. હા ! તો આખરે એટલું જ કહીશ કે આ તો અમુક સંદેશા છે, નહીં તો ત્યાંની વિપુલ રહમતો અને અપાર બરકતો તથા અઢળક નેઅમતોનું વર્ણન કોણ કરી શકે ? રહમતોની વર્ષામાં નહાઈને તેમની ભીખ ખોળામાં લઈને પાછા ફરવાની ગમનાક ક્ષણ વિશે તો એટલું જ કહી શકાય કે :–

**બરસી થી ઈસ ક્રદર કે નહા સા ગયા ઉધર**
**વો બારિશે કરમ મેરે દામાં કો ભર ગઈ**
**તૈબા સે લોટના કિસી આશિક્ર સે પૂછીએ**
**ઐસા લગે કે રૂહ બદનસે ગુઝર ગઈ**

## બરકાતે ખ્વાજાની ટપાલ...→→→→ કાર્યાલય

**સૌને શાદી મુબારક !**

**ઝંઘાર** : (તા. જિ. ભરૂચ) મુકામે તા. ૬–૩–૨૦૧૫ જુમ્આના રોજ મુર્હૂમ હાજી અબ્દુલ્લાહ મૂસા સાલેહના નેક ફઝંદ અઝીમના નિકાહ પાલેજ નિવાસી યૂસુફ અલી પટેલની નેક દુખ્તર અનીસા સાથે ઝંઘાર મસ્જિદમાં રાખવામાં આવ્યા. વલીમો તા. ૮–૩–૨૦૧૫ રવિવારે કરવામાં આવ્યો.

**વડોદરા** : ટુંડાવના રહેવાસી સૈયદ મુહમ્મદહુસૈન ઈસામુદ્દીનની નેક દુખ્તર સૈયદા અતિયા બેગમની નિકાહખ્વાની વડોદરા મુન્શી કોલોની બીના નગર ખાતે તા. ૨૫–૧–૨૦૧૫ રવિવારે ઝહોરબાદ સૂરતના રહેવાસી સૈયદ નિઝામુદ્દીન મોહયુદ્દીનના નેક ફરઝંદ સૈયદ જાવેદ હુસૈન સાથે રાખવામાં આવી.

**દયાદરા** : ખાતે ઉસ્માનગની ઈબ્રાહીમ ખાનની નેક દુખ્તર તૌસીફાની નિકાહખ્વાની મુશ્તાકઅલી હાજી અહમદ મુન્શીના નેક ફરઝંદ મુહમ્મદ શોએબ સાથે તા. ૧૫–૨–૨૦૧૫ રવિવારે ઝહોર બાદ મુખ્તારુલ મસાજિદ નૂરાની મસ્જિદ દયાદરા ખાતે હઝરત સૈયદ અહસાન અલી અશરફી કછૌછવી બાવા સાહબના હસ્તે થઈ. નિકાહ પહેલાં હઝરત સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ શાદીને અનુરૂપ ઈમાન અફરોઝ બોધદાયક બયાન કર્યું હતું. આ ખુશીના પ્રસંગે ઉસ્માનગની ખાન સાહબ તરફથી રૂા. ૫૦૦ ''બરકાતે ખ્વાજા'' (માસિક)ને મળ્યા છે. (જઝાકલ્લાહ !) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**હલદરવા** : ના રહેવાસી હાફિઝ યાકૂબ વલીના નેક ફરઝંદ તૌસીફ રઝાના નિકાહ તા. ૧૯–૨–૨૦૧૫ જુમેરાતે ભરૂચ નેશનલ પાર્ક ખાતે અબ્દુલ્લાહ મુહમ્મદ પટેલ મછાસરવીના નેક દુખ્તર ફહમીદા સાથે રાખવામાં આવ્યા.

**ટુંડજ** : (તા. જંબુસર) ખાતે રાણા અઝીઝભાઈ હાજી ભરતસંગ જણાવે છે કે ચંદુભાઈના નેક ફરઝંદ શેખ મુહમ્મદ ઉમેર (નવ મુસ્લિમ)ની શાદી શેખ જુમ્આ ખાનની નેક દુખ્તર હીનાબાનુ સાથે તા. ૧–૩–૨૦૧૫ મુ. ચાંદ ૯, જમાદિઉલ અવ્વલ રવિવારે સૂરત મુકામે થઈ છે.

**ભાલેજ** : ખાતે ઐયૂબમિયાં અકબરમિયાં મલેકના નેક ફરઝંદ મુહમ્મદઆસિફના નિકાહ સાહિસ્તાબાનુ સાથે તા. ૧–૩–૨૦૧૫ રવિવારના જલ્લા મુકામે રાખવામાં આવ્યા.

**દયાદરા** : ખાતે દિવાન નિઝામશા ઈબ્રાહીમશાની નેક દુખ્તર રુકસાનાના નિકાહ નંદેલાવ નિવાસી દિવાન ગુલામ અબ્દુલના નેક ફરઝંદ ઈરફાન સાથે અકુજી કોમ્યુ. હોલમાં તા. ૮–૩–૨૦૧૫ રવિવારે ઝહોરબાદ રાખવામાં આવ્યા.

**અરગામા** : ખાતે ઈલ્યાસ ઈસ્માઈલ માંગ રોલવાળાની નેક દુખ્તર શબીહાના નિકાહ ઝંઘાર નિવાસી ગુલામભાઈ ગોચરીયાના નેક ફરઝંદ મોહસિન સાથે તા. ૧૦–૩–૨૦૧૫ મંગળવારે રાખવામાં આવ્યા. ❑ ❑ ❑

**તાંદલજા (વડોદરા)** : મૌલાના આસિફ અશરફી સાહબ જણાવે છે કે અમેરિકામાં રહેતા શાકીન ઐયૂબ ફટક કહાનવાળાના ઘરે બાબો થયો છે તેનું નામ ''ઉબૈદ'' રાખેલ છે, તેની ખુશીમાં તેમના દાદા ઐયૂબભાઈ કહાનવાળાએ ''બરકાતે ખ્વાજા'' (માસિક)ને રૂા. ૨૦૦ આપ્યા છે. અલ્લાહ તબારક વ તઆલા તેના હબીબ ﷺના સદકામાં ''ઉબૈદ''ને બંને જહાનની નેઅમતોથી માલામાલ કરે. *–તંત્રી :*

**કુરચણ** : ના હાજી દાઉદ અહમદના ઘરે પૌત્ર ''મુહમ્મદહુસૈન''ની વિલાદતની ખુશીના પ્રસંગે ''બરકાતે ખ્વાજા'' (માસિક)માં રૂા. ૨૫૦/– લિલ્લાહ મળ્યા છે. અલ્લાહ તબારક વ તઆલા તેના હબીબ ﷺના સદકામાં ''મુહમ્મદહુસૈન''ને બંને જહાનની નેઅમતોથી માલામાલ કરે. *–તંત્રી :*

**જુનાગઢ** : અહીં નવા ઘાંચીવાડા, સાબરીન એપાર્ટમેન્ટ પાસે તા. ૨૧–૨–૨૦૧૫ શનિવારે રાત્રે ઈશાની નમાઝ બાદ હુઝૂર પીરાને પીર રોશન ઝમીર, મહબૂબે સુબ્હાની رضی اللہ عنہની યાદમાં એક શાનદાર જલ્સાનું આયોજન શહઝાદાએ હુઝૂર અમીરે અહલે સુન્નત, પીરે તરીક઼ત, હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરી (સજ્જાદાનશીન ખાનક઼ાહે રઝવિય્યહ–જૂનાગઢ)ની સદારતમાં થયો જેમાં બરેલી શરીફથી નવાસએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, જમાલે મિલ્લત હઝરત અલ્લામા મૌલાના જમાલ રઝા ખાન સાહબે શાનદાર તકરીર ફર્માવી હતી. તેમજ યુ.પી.ના મશ્હૂર શાઈરે ઈસ્લામ હઝરત ક઼ારી હેદરનાઝ તથા બુલબુલે બાગે મદીના મૌલાના સૈયદ આલમ બાપુ રઝવી–મોરબીએ તેમના મધુર કંઠે નઅતે રસૂલ તથા મનક઼બત પેશ કરેલ. આ જલ્સામાં દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફાના મુફતી હઝરત મૌલાના હસીબુર્રહમાન સાહબ, મૌલાના ક઼ારી અકબર અલી સાહબ, મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ મુફતી મુનવ્વર રઝા સાહબ–ધોરાજી તેમજ જુનાગઢ શહેરના ઉલમાએ કિરામ, સાદાતે એઝામે ખાસ હાજરી આપી હતી.

*–લિ. હાજી શબ્બીરભાઈ યાકૂબભાઈ વહેવારીયા*

**ભરૂચ** : હાજી મુશ્તાક મુન્શી વાગરાવાલા (હાલ: ભરૂચ) જણાવે છે કે તેમની પુત્રી સબિસ્તાબાનુ અલ્લાહ તબારક વ તઆલાના ફઝલથી, રસૂલુલ્લાહ ﷺના કરમથી અને પીરો મુર્શિદ મુહમ્મદ નૂરાનીબાવા (પેટલાદવાળા)ની દુઆથી **MBBS (SMIMEN-SURAT)** ફસ્ટૅ ક્લાસ, કોલેજમાં **6Th Rank**થી પાસ થઈ છે. જેમાં અલ્લામા કમરુઝ્ઝમા આ'ઝમી સાહબ ક઼િબ્લાની, અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત અલ્લામા મૌલાના શાકિરઅલી નૂરી રઝવી (સબીસ્તાનના પીરો મુર્શિદ) તથા ક઼િબ્લા મુફતી નિઝામુદ્દીન મુબારકપુરીની દુઆઓથી કામયાબ થઈ છે. જેની ખુશીમાં રૂા. ૫૦૦/– "બરકાતે ખ્વાજા" (માસિક)માં આપ્યા છે. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં નેક ફરઝંદને દીન દુનિયામાં તરક્કી આપે. (આમીન) *–તંત્રી*

## ★ ઈન્તેક઼ાલ પુર મલાલ ! ★

**બીલ (તા. પાદરા)** : હાફેઝ મહબૂબ ઝંઘારવી–કરજણથી જણાવે છે કે બીલ મુક઼ામે તા. ૧૯–૨–૨૦૧૫ જુમેરાત, ૬–જમા. આખર હિ.સ. ૧૪૩૬ના રોજ હજીયાણી સકીનાબેન હાજી ઉમરભાઈનો ઈન્તેકાલ થઈ ગયો છે.

**જામનગર** : થી અબ્દુલ્લાહ (ફાઈન હેન્ડલૂમ–બર્ધન ચોક) જણાવે છે કે તા. ૨૬–૨–૨૦૧૫ જુમેરાત ૬–જમાદિઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૬ના રોજ તેમનાં વાલિદા હવ્વાબાઈ અ. સત્તાર કાસમાણીનો ઈન્તેક઼ાલ થયો છે. મર્હૂમા કટ્ટર સુન્ની, નેક નમાઝી, બુઝુર્ગોનાં ચાહક હતાં.

**દયાદરા** : ખાતે તા. ૬–૩–૨૦૧૫ જુમ્આના રોજ મેહમૂદાબેન વલીભાઈ કંપાઉન્ડરનો ઈન્તેક઼ાલ થઈ ગયો છે. સર્વ મર્હૂમો માટે દુઆ કરશો.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

**ચાલો કોસંબા !**

સુન્ની દા'વતે ઈસ્લામીનો તર્બિયતી ઈજતેમા કોસંબા મુક઼ામે તા. ૫–૪–૨૦૧૫ રવિવારે સવારના દસ વાગ્યાથી ઈશા સુધી થશે, જેમાં સ્થાનિક મુબલ્લિગો ઉપરાંત જનાબ ખાલિદભાઈ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ) તશરીફ લાવી મસાઈલ શીખવાડશે. તો ફક્ત એક દિવસ માટે નૂરી કાફલામાં જોડાવા સંપર્ક કરો. મો. ૯૪૨૬૮૪૦૨૭૭, ૯૪૨૭૪ ૬૪૪૧૧

## "સુન્ની દાવતે ઈસ્લામી"ની ગતિવિધિઓ

**પારખેત** :(જિ. ભરૂચ) મુકામે તા. ૨૪–૨–૨૦૧૫ના રોજ વિશાળ મેદાનમાં સુન્ની દાવતે ઈસ્લામી પારખેત શાખા થકી જશ્ને ગૌષે આઝમ رضی اللہ عنہ મનાવ્યો. જેમાં ઔલાદે ગૌષે આ'ઝમ ખતીબે ઝીશાન હઝરત મૌલાના અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ ગૌષે આ'ઝમ رضی اللہ عنہની શાનમાં લાજવાબ બયાન કર્યું હતું તેમજ ગૌષે પાક رضی اللہ عنہનો સાચો આશિક કોણ ? એ સંબંધે ઈબ્રતઅંગેઝ બયાન કર્યું હતું. જેની અસરથી સુન્નતે રસૂલ દાઢી રાખવા માટે અનેક યુવાનોએ હાથ ઊંચા કરી સંમતિ જાહેર કરી હતી. આસપાસના ગામોએથી બહોળી સંખ્યામાં સુન્નીઓએ હાજરી આપી હતી.

### ★ સુન્ની દાવતે ઈસ્લામીનો નૂરી કાફલો બાવાગોરમાં ! ★

**બાવાગોર** :દરગાહ શરીફ ખાતે તા. ૨૨/૨/૨૦૧૫ના રોજ સુન્ની દાવતે ઈસ્લામી ભરૂચ શાખા તરફથી એક તર્બિયતી કાફલો ૩૨ વ્યક્તિઓ સહિત પહોંચ્યો હતો, જ્યાં દિવસભર રહીને મુબલ્લિગોએ અકીદાની સાથોસાથ વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ નમાઝ વગેરેના મસાઈલ શીખ્યા હતા. હઝરત બાવાગોર رحمۃ اللہ علیہના મઝાર પાસે રૂહાની માહોલમાં તર્બિયતી પ્રોગ્રામ ખૂબ જ કામયાબ રહ્યો જેમાં મુબલ્લિગો જનાબ મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી, મૌલાના ઈબ્રાહીમ જંબુસરી, હાફિઝ અ.રહીમ વગેરેએ મસાઈલ, સુન્નતો શીખવાડી હતી.


## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

આયોજિત જમવા રહેવા સાથે

**૩ × ૨ લક્ઝરી બસ દ્વારા** **સ્પે. કાશ્મીર પ્રવાસ**

**પ્રવાસના સ્થળો** : ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, નાગોર, આગ્રા, ફતેપુરસિક્રી, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહિંદ શરીફ, દિલ્હી, જયપુર, મીરાંદાતાર પરત ધોળકા

:: બસ ઉપડશે :: તા ૨૦/૫/૨૦૧૫, બુધવારે રાત્રે : ૧૦.૦૦ વાગ્યે.

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૯,૫૦૧/– | રૂા. ૫,૦૦૧/– | ૧૭ |

**બસ ઉપડવાનું સ્થળ** : તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, **ધોળકા** (જિ. અમદાવાદ)

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૦૯૨૪૫૧૨૨**

**Bank A/c. No. 32996143540 SBI (Dholka Branch)**

**નોંધ** : **૧.** પ્રવાસ માટે ગાઈડ ફી, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી રકમ રૂા. ૧૫૦/– મુસાફરના શીરે રહેશે. **૨.** રૂા. ૩૦૦૧/– ભરી મનગમતી સીટ બુક કરાવો. **૩.** બેંક, એલ.આઈ.સી. અને જી.આઈ.સી.ના કર્મચારીને એલ.ટી.સી. મળશે, એલ.ટી.સી. મેળવનારે ટીકીટ ઉપરાંત રૂા. ૧૦૦૦/– અલગથી ભરવાના રહેશે. **૪.** તા. ૨૬–૫–૨૦૧૫ અને તા. ૩૧–૫–૨૦૧૫ના રોજ સવારની ચા સ્વખર્ચે રહેશે. તથા તા. ૫–૬–૨૦૧૫ના રોજ સવારની ચા તથા જમવાનું સ્વખર્ચે રહેશે.

## ગૌષિયા તકવીમ લેમિનેટેડ

(કેલેન્ડર ટાઈપ)

*નમાઝોનું કાયમી ટાઈમ ટેબલ*

(ગુજરાતમાં અને ખાસ ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લા માટે) ઉપયોગમાં આવે તેવું. જે ૧૨ મહિનાના લેમિનેટેડ કાર્ડ પેપરો પર મલ્ટી કલરમાં આકર્ષક છપાયેલ છે. તમારી મસ્જિદો તથા ઘરો માટે પણ મંગાવશો.

**હદિયો : રૂા. ૩૦૦/–** (કુરિયર ખર્ચ : રૂા. ૫૦/–)

**રઝવી કિતાબ ઘર**, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧